પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

મહેનત કરવાની ઉંમરમાં જો આરામ કરશો તો આરામ કરવાની ઉંમરમાં તમારે સખત મહેનત કરવી પડશે


# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ   પાનાઃ ૧૨

તા. ૬-૩-૨૦૨૬, શુક્રવાર

વર્ષઃ ૧૪, અંક : ૩૦૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia


ચણાદાલ.. ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ

# બાંધકામ ઉદ્યોગને મોટી રાહતઃ અંતે સરકારે ભૂકંપ પ્રતિરોધક ડિઝાઈનની નવી ગાઈડલાઈન પરત ખેંચી

## નવા નિયમોથી બાંધકામ ખર્ચમાં ૨૦ ટકા અને મેટ્રો પ્રોજેક્ટસમાં ૫૦ ટકા સુધીનો વધારો થવાની સંભાવના હતી, નવા નિયમો લાગુ કરવાનું માંડી વાળતા બિલ્ડરોનો હાશકારોઃ અગાઉના ૨૦૧૬ના નિયમો યથાવત રહેશે

### જૂના નિયમો યથાવત

કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૦૨૫નું નવું નોટિફિકેશન પાછું ખેંચી લેતા હવે બાંધકામ ક્ષેત્રે અગાઉના આઈએસ ૧૮૯૩ (પાર્ટ ૧)ઃ ૨૦૧૬ના નિયમો જ માન્ય ગણાશે. જેનાથી ડેવલપર્સ અને ડિઝાઈનર્સને અગાઉના નિયમો મુજબ ડિઝાઈન મંજૂર કરાવવામાં મોટી રાહત મળશે.

### બાંધકામ ખર્ચમાં બચાવ

નવા નિયમો લાગુ થવાથી ડેવલપર્સના બાંધકામ ખર્ચમાં સીધો ૨૦% જેટલો વધારો થવાની શક્યતા હતી. આ ઉપરાંત દેશના વિવિધ શહેરોમાં ચાલતા મેટ્રો પ્રોજેક્ટના ખર્ચમાં પણ ૩૦% થી ૫૦% સુધીનો જંગી વધારો થવાનો અંદાજ હતો, જે આ નિર્ણયથી હાલ પૂરતો ટળી ગયો છે.



**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય કેબિનેટ સચિવાલયની સલાહ બાદ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ અને ગ્રાહક બાબતોના વિભાગે ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઈનના ધોરણો અંગે નવેમ્બર ૨૦૨૫માં બહાર પાડેલું ગેઝેટ નોટિફિકેશન પાછું ખેંચી લીધું છે. આ નોટિફિકેશનમાં દેશના સિસ્મિક ઝોનેશન મેપના અપડેટ સહિત આઈએસ ૧૮૯૩ (પાર્ટ ૧)ઃ ૨૦૨૫ નો સાતમો સુધારો રજૂ કરવામાં આવ્યો હતો. મંગળવારે આ નવી ગાઈડલાઈન પાછી ખેંચાતા સમગ્ર ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રે રાહતનો શ્વાસ લીધો છે.

કેબિનેટે મંગળવારે એક એડવાઈઝરી જારી કરીને ગ્રાહક બાબતોના વિભાગને ગેઝેટ નોટિફિકેશન પાછું ખેંચવા અને ઈજ૧૮૯૩માં સુધારો કરવા માટે આગળના કોઈપણ પગલાં લેતા પહેલા સંબંધિત પક્ષકારો સાથે જરૂરી પરામર્શ પૂર્ણ કરવા જણાવ્યું છે. આ નિર્ણયના પરિણામે, ૨૦૨૫નું સુધારેલું નોટિફિકેશન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યું છે અને હવે તમામ ડિઝાઈનર્સ અને ડેવલપર્સ માટે જૂનો આઈએસ ૧૮૯૩ (પાર્ટ ૧)ઃ ૨૦૧૬ કોડ જ માન્ય રહેશે.

જયારે નવેમ્બર ૨૦૨૫માં પહેલીવાર બીઆઈએસ

(અનુ. આઠમા પાને)

### મોટા શહેરોના પ્રોજેક્ટ્સને રાહત


નવા નોટિફિકેશનમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટને સિસ્મિક ઝોન ૪ માં મૂકવામાં આવ્યા હતા. જેના કારણે કડક નિયમોના પાલન હેઠળ અમદાવાદમાં અટવાઈ પડેલા અંદાજિત ૧૫ જેટલા મોટા હાઈ-રાઈઝ પ્રોજેક્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ હવે રાબેતા મુજબ આગળ વધી શકશે.

---

બેવફા સનમ... 'નાપાક' જબાન પર ભરોસો ક્યાંથી આવે?

# ભાઈચારો અને સુખ-દુઃખમાં સાથ આપવામાં સાઉદી અરેબિયાને પાકિસ્તાનએ કરેલો 'કોલ' વધુ એકવાર નિષ્ફળ

## સાઉદી અરેબિયાએ તેની સરહદ તરફ આવી રહેલી ત્રણ બેલિસ્ટિક મિસાઈલોને હવામાં જ તોડી પાડીઃ મિસાઈલો ઈરાન દ્વારા છોડવામાં આવી હોવાની શંકા




**અબતક, રાજકોટ**

કહેવાય છે કે ''આતંકવાદનો કોઈ ધર્મ હોતો નથી'', પરંતુ જ્યારે રાજદ્વારી સંબંધો અને સંરક્ષણ કરારોની વાત આવે ત્યારે પાકિસ્તાનની દાનત હંમેશા શંકાના દાયરામાં રહી છે. અત્યારે મધ્ય પૂર્વમાં જે રીતે યુદ્ધના વાદળો ઘેરાયા છે અને સાઉદી અરેબિયા પર જોખમ તોળાઈ રહ્યું છે, ત્યારે પાકિસ્તાન ફરી એકવાર તેની જૂની આદત મુજબ ''મોઢામાં રામ અને બગલમાં છરી'' જેવો ઘાટ ઘડી રહ્યું છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માં કરવામાં આવેલો 'યુ-આર-એટેકડ-વી-આર-એટેકડ' (તમારા પર હુમલો એ અમારા પર હુમલો) નો ભવ્ય સંરક્ષણ કરાર આજે કસોટીની એરણે છે. સાઉદી અરેબિયાએ જ્યારે પણ આર્થિક સંકટ આવ્યું ત્યારે પાકિસ્તાનને અબજો ડોલરની મદદ કરી છે, પરંતુ જ્યારે સાઉદી પર ઈરાન પ્રેરીત ડ્રોન હુમલા થયા, ત્યારે પાકિસ્તાન 'ભાઈચારા'ના નામે માત્ર પોકળ નિવેદનો આપી રહ્યું છે.

પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની હાજરીમાં આ કરાર થયો હતો. તેનો ઉદ્દેશ્ય સામૂહિક સુરક્ષા અને સંરક્ષણ મજબૂત કરવાનો છે. ૨૦૧૫માં પણ જયારે સાઉદી અરેબિયાએ યમનમાં હુતી બળવાખોરો સામે લડવા માટે પાકિસ્તાન પાસે સૈન્ય મદદ માંગી હતી, ત્યારે પાકિસ્તાની સંસદે સર્વસંમતિથી તટસ્થ રહેવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાનમાં અંદાજે ૪ કરોડ શિયા મુસ્લિમો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા ખામેનીના નિધન બાદ પાકિસ્તાનના અનેક શહેરોમાં હિંસક વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં ૨૫ લોકોના મોત થયા છે. ઈરાન સામે સૈન્ય કાર્યવાહી કરવાથી પાકિસ્તાનમાં આંતરિક ગૃહયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

### અમે કોઈ યુદ્ધ વિરામની વાત કરી નથીઃ ઈરાનના વિદેશમંત્રી

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાના એ દાવાને ફગાવી દીધો છે કે ઈરાને યુદ્ધવિરામ માટે વિનંતી કરી છે. તેમણે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, ઈરાન અમેરિકાના કોઈપણ સંભવિત 'ગ્રાઉન્ડ ઈન્વેઝન' (જમીની હુમલા)નો સામનો કરવા માટે સજ્જ છે અને જો અમેરિકા આવી ભૂલ કરશે તો તે તેમના માટે મોટી આપત્તિ સાબિત થશે. અરાઘચીએ વધુમાં જણાવ્યું કે ઈરાને અગાઉ ક્યારેય યુદ્ધવિરામ માંગ્યો નથી અને હાલમાં પણ તેઓ કોઈ વાટાઘાટોમાં રસ ધરાવતા નથી, કારણ કે અમેરિકા પર વિશ્વાસ કરી શકાય તેમ નથી.

### પાકિસ્તાનમાં ઈંધણ સંકટઃ માત્ર ૨૬ દિવસનો સ્ટોક બાકી

હોર્મુઝની સામુદ્રધુનીમાં વધતા વૈશ્વિક તણાવને કારણે પાકિસ્તાન પાસે અત્યારે પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઘટીને માત્ર ૨૬ દિવસ ચાલે તેટલો જ બચ્યો છે. ઈંધણનો વપરાશ ઘટાડવા માટે સરકાર સરકારી અને ખાનગી ઓફિસોમાં ફરી 'વર્ક ફ્રોમ હોમ' ફરજિયાત કરી શકે છે.

### ઈરાની હુમલા બાદ કુવૈતમાં અમેરિકી દૂતાવાસ બંધ

ઈરાન દ્વારા કુવૈત સ્થિત અમેરિકી દૂતાવાસના કમ્પાઉન્ડ પર કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓને પગલે અમેરિકાએ પોતાનું દૂતાવાસ અનિશ્ચિતકાળ માટે બંધ કરી દીધું છે. આ હુમલામાં ૬ અમેરિકી સૈનિકોના મોતની પુષ્ટિ થઈ છે અને ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું છે.

---

વાર્યા વરે નહીં, તે હાર્યા વરે...

# ભારતને રશિયા પાસેથી ક્રુડ ખરીદવાની છૂટ આપતા ટ્રમ્પ

## મિડલ ઈસ્ટના યુદ્ધ વચ્ચે ભારતને મોટી રાહતઃ સમુદ્રમાં અટવાયેલું રશિયન ઓઈલ ખરીદવા અમેરિકાએ આપી ૩૦ દિવસની છૂટ


**અબતક, નવી દિલ્હી**

મિડલ ઈસ્ટમાં (પશ્ચિમ એશિયા) ચાલી રહેલા યુદ્ધ અને તેના કારણે ગ્લોબલ ઓઈલ માર્કેટમાં ઉભી થયેલી સપ્લાયની અછત વચ્ચે અમેરિકાએ ભારતને મોટી રાહત આપી છે. યુનાઈટેડ સ્ટેટ્સના ટ્રેઝરી વિભાગે ભારતીય રિફાઈનરીઓને સમુદ્રમાં અટવાયેલા રશિયન ક્રૂડ ઓઈલને ખરીદવા માટે ૩૦ દિવસની વિશેષ છૂટ આપી છે.

અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક ઓઈલ માર્કેટમાં પુરવઠો જળવાઈ રહે તે માટે ભારતને આ ટૂંકાગાળાની છૂટ આપવામાં આવી છે. મિડલ ઈસ્ટના સંકટને કારણે ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર મોટું દબાણ સર્જાયું છે અને શિપમેન્ટની સુરક્ષાને લઈને ચિંતાઓ ઊભી થઈ છે, ત્યારે આ નિર્ણયથી વૈશ્વિક ઉર્જા બજારને સ્થિર રાખવામાં મદદ મળશે.

અગાઉ અમેરિકન પ્રતિબંધો અને વીમા તથા ચુકવણીની અનિશ્ચિતતાને કારણે રશિયાના અનેક ઓઈલ ટેન્કરો ભારતના કિનારા પાસે સમુદ્રમાં અટવાયેલા હતા. ભારતીય રિફાઈનરીઓ પણ પશ્ચિમી દેશોના નિયમોના ઉલ્લંઘનના ડરથી આ ઓઈલ સ્વીકારતા અચકાતી હતી. પરંતુ અમેરિકાની આ ૩૦ દિવસની વ્યવસ્થા હેઠળ હવે સમુદ્રમાં ભટકી રહેલા રશિયન ઓઈલના કાર્ગોને ભારતીય બંદરો પર ઉતારી શકાશે.

સ્કોટ બેસેન્ટએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, આ નિર્ણય માત્ર એ જ રશિયન ઓઈલ માટે છે જે પહેલાથી જ સમુદ્રમાં અટવાયેલું છે. આ એક ટૂંકાગાળાનું પગલું છે જેથી રશિયન સરકારને તેનો કોઈ મોટો આર્થિક લાભ ન મળે. તેમણે ભારતને અમેરિકાનું મહત્વનું ભાગીદાર ગણાવતા આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં નવી દિલ્હી અમેરિકન ક્રૂડ ઓઈલની ખરીદીમાં વધારો કરશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન અને અન્ય દેશો વચ્ચેના સંઘર્ષના કારણે ગ્લોબલ ઓઈલ સપ્લાય ચેઈન ઐતિહાસિક દબાણનો સામનો કરી રહી છે અને ક્રૂડના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.




### રશિયા પણ ભારતને ક્રુડ આપવા તત્પર

અમેરિકાના આ ૩૦ દિવસના 'ટેમ્પરરી ડિસ્પેન્સેશન' (અસ્થાયી છૂટ) નિર્ણયથી છેલ્લા કેટલાય સમયથી સમુદ્રમાં લંગરાયેલા રશિયન ઓઈલના ટેન્કરો માટે ભારતનો રસ્તો સાફ થઈ ગયો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન ખોરવાઈ છે, ત્યારે આ નિર્ણયથી ભારતીય રિફાઈનરીઓને શ્વાસ લેવાનો સમય મળશે અને દેશમાં ઈંધણની અછતનો ખતરો ટળશે. બીજી તરફ રશિયાએ પણ ભારતને ક્રુડ આપવામાં આતુરતા દેખાડી છે.

---

## શ્વાસ થંભાવી દે તેવા સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવી ટીમ ઈન્ડિયાનો ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ



**અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે ન્યુઝીલેન્ડને હરાવી ભારત ફરી વખત ટી-૨૦ વર્લ્ડકપ અંકે કરશે?**

## વિશ્વાસનો સાદ, વિશ્વનો સાથ

# આજના યુદ્ધ કાળમાં "વિશ્વ શાંતિ" માટે પ્રાર્થનાનું મહત્વ વિશેષ: આજે વિશ્વ પ્રાર્થના દિવસ

**વિશ્વ શાંતિનો મંત્ર, પ્રાર્થનાનો પવિત્ર અવસર, બહાર ભલે ગમે તેટલો કકળાટ હોય, ભીતરની શાંતિ માટે આજે સાથે મળીને પ્રાર્થના કરીએ, માત્ર માંગવા માટે નહીં, આભાર માનવા માટે પણ પ્રાર્થના કરીએ: પ્રાર્થના એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ એક આધ્યાત્મિક શસ્ત્ર છે**

પ્રાર્થના એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ એક આધ્યાત્મિક શસ્ત્ર છે, જે માનવ હૃદયના દુઃખ, ક્રોધ અને ભયને શાંત કરીને સર્વત્ર શાંતિની લહેરો લહેરાવે છે. યુદ્ધના ક્ષેત્રોમાં જ્યાં લોકોના જીવન નાશ પામે છે, ત્યાં પ્રાર્થના એક આશાનું પ્રકાશસ્તંભ બને છે. ઈતિહાસ જુએ તો, મહાત્મા ગાંધીજીએ અહિંસા અને પ્રાર્થનાની શક્તિથી ભારતને આઝાદી અપાવી. આજે પણ, વિશ્વના અનેક નેતાઓ અને સામાન્ય લોકો દરરોજ શાંતિ માટે પ્રાર્થના કરે છે, જે વૈજ્ઞાનિક રીતે પણ તણાવ ઘટાડીને માનસિક શાંતિ આપે છે. પ્રાર્થના દ્વારા આપણે એકબીજાના પ્રત્યે સહાનુભૂતિ જગાડીએ છીએ, જે યુદ્ધને બંધ કરવાની પ્રથમ પગલું છે. તે વિશ્વને એકત્વના સૂત્રે બાંધે છે અને ભવિષ્યમાં શાંતિપૂર્ણ વિશ્વનું સ્વપન જોવાની શક્તિ આપે છે.



આજે વિશ્વ પ્રાર્થના દિવસ છે, ત્યારે આપણે બધા વિશ્વમાં શાંતિનો સંદેશ લહેરાવીએ. ઈતિહાસ જોઈએતો નાઈજીરીયામાં વિશ્વ પ્રાર્થના દિવસ ચળવળ નાઈજીરીયાની મહિલાઓની એકતા અને શક્તિનો એક શક્તિશાળી પુરાવો છે. ૧૯૬૧ માં રજૂ કરાયેલ, આ ચળવળ દેશભરમાં વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયોની મહિલાઓને આવરી લેવા માટે વિકસ્યું છે, જે વિશ્વવ્યાપી સહકાર અને આધ્યાત્મિક એકતાને પ્રોત્સાહન આપે છે. તેની સ્થાપનાથી, આ દિવસે પરિવારો અને સમુદાયોને અસર કરતા સામાજિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક મુદ્દાઓને સંબોધવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ઓગસ્ટ ૨૦૧૭ માં બ્રાઝિલમાં ઠઉઙ ઈન્ટરનેશનલ કમિટીની બેઠકમાં આ દિવસ નાઈજીરીયાને ૨૯૨૬ માટે લેખક સમિતિ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું, જેનો વિષય હતો, 'હું તમને આરામ આપીશ: આવો' વિશ્વ પ્રાર્થના દિવસ એ ખ્રિસ્તી મહિલાઓ દ્વારા સંચાલિત એક વૈશ્વિક વૈશ્વિક ચળવળ છે

જે શાંતિ અને ન્યાય માટે પ્રાર્થના અને કાર્યમાં જોડાવા માટે દુનિયાભરના લોકોનું સ્વાગત કરે છે. આ વર્ષની ઉજવણી થીમ દ્વારા તેમનો મહિમા કરે છે જે આપણને " રાષ્ટ્રોમાં ભગવાનનો મહિમા કરો, બધી પેઢીઓમાં તેમને શોધો " માટે પ્રોત્સાહિત કરે છે. આજે વિશ્વભરના લોકોમાં શાંતિ, એકતા અને આધ્યાત્મિકતા પ્રત્યેની ભાવનાને મજબૂત બનાવતો ખાસ દિવસ છે, જે માર્ચ મહિનાના પ્રથમ શુક્રવારે ઉજવાય છે. લોકોને પ્રાર્થના દ્વારા માનવતા, સહાનુભૂતિ અને પરસ્પર સમજૂતીનો સંદેશ આપે છે. આ દિવસે વિવિધ ધર્મ, સંસ્કૃતિ અને દેશોના લોકો એક સાથે મળીને વિશ્વમાં શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરે છે.



આજના યુદ્ધોના કાળમાં વિશ્વ શાંતિ માટે પ્રાર્થનાનું મહત્વ અમર્યાદ છે. જ્યારે બોમ્બોની ગર્જના અને વિનાશના ક્ષણો વિશ્વને ભયભીત કરે છે, ત્યારે પ્રાર્થના એક અદૃશ્ય શક્તિ બને છે જે હૃદયોને જોડે છે, ક્રોધને શાંત કરે છે અને માનવતાના સ્વરને જાગૃત કરે છે. તે માત્ર શબ્દો નથી, પરંતુ આત્માની પુકાર છે જે યુદ્ધના અંધકારને પ્રકાશિત કરીને શાંતિના પથ પર લઈ જાય છે.યુદ્ધના કાળમાં પ્રાર્થનાની શાંતિ-શક્તિઆજે વિશ્વ યુદ્ધોના કઠોર સમયમાં જ્યાં દરેક દિવસ વિનાશની ખબરો લાવે છે, ત્યાં વિશ્વ શાંતિ માટે પ્રાર્થનાનું મહત્વ અત્યંત વિશિષ્ટ બને છે. વિશ્વની એકતા અખંડિતા માટે પણ શાંતિ પ્રાર્થનાની જરૂર છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રાર્થના માત્ર ધાર્મિક ક્રિયા નથી, પરંતુ તે મનને શાંતિ આપતી અને સકારાત્મક વિચારશક્તિ વધારતી શક્તિ છે. પ્રાર્થના દ્વારા વ્યક્તિ પોતાના મનને શુદ્ધ બનાવે છે અને સમાજમાં પ્રેમ, દયા અને સહકારની ભાવના ફેલાવવાનો સંકલ્પ કરે છે. પ્રાર્થના હૃદયથી હૃદયનો સેતુ છે.તે અંતરના નાદથી વિશ્વશાંતિ તરફ એક ડગલું છે. શાળાની પ્રાર્થના પણ અંતર મનનો અંતર્યામી સાથે જોડતો સંવાદ છે. પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. આદીકાળથી આપણે સૌ સવાર-સાંજ આપણા ઘરમાં કે નજીકના મંદિરે કરતા આવ્યા છીએ. નાના ગામડામાં પાદરમાં મંદિરે સવાર-સાંજ થતી પ્રાર્થના-આરતી તન-મનમાં ઉત્સાહ ભરી દે છે. આરતી ટાણે વાગતી ઝાલરના લય બદ્ધ ઝણકારને કારણે આપણે એ સમયને ઝાલર ટાળું કહીએ છીએ. આજે નાતાલનો દિવસ છે. ભગવાન ઈસુ પાસે કરેલી ભૂલોનો એકરાર ખુલ્લા દિલેથી કરીએ અને બીજાનું ભલુ કરીએ કે ઈચ્છીએ એ જ નાતાલની સાચી પ્રાર્થના હોય શકે. હાથ જોડીને, આંખો બંધ કરીને, અને હૃદય ખુલ્લા રાખીને, ખંડોમાં. વિશ્વ પ્રાર્થના દિવસ લોકોને એક ઊંડા, સહિયારા ક્ષણમાં જોડે છે. તે ફક્ત સેવા જ નથી - તે એક વૈશ્વિક સ્તરે અવાજોની લહેર છે, જે એકસાથે ઉઠે છે. દર વર્ષે, એક દેશ પ્રાર્થનાઓ લખે છે, જે બીજાઓને તેના આનંદ અને સંઘર્ષોમાં એક બારી આપે છે. વિવિધ સંસ્કૃતિના લોકો ફક્ત સાંભળવા માટે જ નહીં, પણ કાળજી લેવા માટે પણ ભેગા થાય છે. આ જોડાણ શબ્દોથી ઘણું આગળ વધે છે. આ દિવસ એક મજબૂત સંદેશ આપે છે: આપણે ગમે ત્યાં રહીએ, આપણે બધા પડકારોનો સામનો કરીએ છીએ. બીજાઓનું સાંભળવાથી આપણને દયાળુ અને વધુ જાગૃત બનવામાં મદદ મળે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

પ્રાર્થના દ્વારા કહેવામાં આવેલી વાર્તાઓ સમજણને ઉત્તેજિત કરે છે, દૂરના સ્થળોને નજીકનો અનુભવ કરાવે છે. આ એકતાનો દિવસ છે, આશા અને કાળજીથી ભરેલો છે. સાથે મળીને, લોકો શીખે છે કે ક્રિયા અને સહાનુભૂતિ સમુદ્રોને પાર કરી શકે છે, વાસ્તવિક પરિવર્તન લાવી શકે છે. ૧૮૮૭માં, બ્રુકલિન, ન્યૂ યોર્કની મેરી એલેન ફેરચાઈલ્ડ જેમ્સે ગૃહ મિશન પર ધ્યાન કેન્દ્રિત કરીને રાષ્ટ્રીય પ્રાર્થના દિવસની હાકલ કરી. આ ચળવળનો વેગ ચાલુ રહ્યો, અને ૧૯૨૭ માં, તેને સત્તાવાર રીતે મહિલા વિશ્વ પ્રાર્થના દિવસ નામ આપવામાં આવ્યું. શાળામાં સદીઓથી પ્રારંભે સુંદર સ્વરમાં સૌ બાળકો પ્રાર્થના કરીને સરસ્વતી દેવીની અર્ચના, આરાધના કરે છે. તમામ શાળા સ્ટાફ મોટા ફળીયા કે હોલમાં બાળકો સાથે જ નીચે બેસીને લયબદ્ધ પ્રાર્થના ગાતા હોય ત્યારે રસ્તે નિકળતા માનવી પણ ઈશ્વરને યાદ કરવા લાગતો હતો. શાળા દુનિયામાં એક જ સ્થળ હશે કે જ્યાં વિદ્યાવર્ગ પ્રારંભે ઈશ્વરની વંદના થતા હોય, બાકી સરકારી ઓફિસમાં પ્રારંભે ક્યારેય થતી નથી, ત્યાં ફાઈલો હોય ને શાળામાં જીવતી ફાઈલો હોય ફરક માત્ર એટલો જ. સમુહ પ્રાર્થનાનો અનેરો આનંદ હોય છે. ખરા હૃદયથી થતું તમામ કાર્ય શ્રેષ્ઠત્તમ હોય છે તેથી જ બચપણની આપણી શાળાની પ્રાર્થના આજે પણ યાદ આવે છે ને જ્યારે મોકો મળે ત્યારે ગાઈએ પણ છીએ.

**વિશ્વ પ્રાર્થના દિવસ વિશ્વભરના લોકોમાં શાંતિ, એકતા અને આધ્યાત્મિકતા પ્રત્યેની ભાવનાને મજબૂત બનાવતો ખાસ દિવસ છે: વિશ્વ પ્રાર્થના દિવસે ખ્રિસ્તી મહિલાઓ દ્વારા સંચાલિત એક વૈશ્વિક ચળવળ છે, જે ૧૯૬૧થી ઉજવાય છે, આજે વિશ્વના ૧૭૦ થી વધુ દેશો તેમાં જોડાયા છે**

# મેઘાણીની ૭૯મી પુણ્યતિથિની પૂર્વ સંધ્યાએ બગસરામાં રવિવારે મેઘાણી વંદના હેતુ સ્વરાંજલી



**અબતક, રાજકોટ**

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય-સેનાની ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં એમના વડવાઓના વતન બગસરા (જિ. અમરેલી) ખાતે ૭થી ૧૫ માર્ચ દરમિયાન વિશ્વવંદનીય પૂ. મોરારિબાપુના શ્રીમુખે માનસ મેઘાણી રામકથાનું આયોજન કરાયું છે. વિશ્વભરમાં વસતાં દરેક ગુજરાતીનું મન મોર બનીને થનગાટ કરતું હોય તેમ પ્રતિત થાય છે. કથા દરમિયાન ઝવેરચંદ મેઘાણીની ૭૯મી પુણ્યતિથિ - ૯ માર્ચના રોજ છે. આ નિમિત્તે મોરારિબાપુની પાવન નિશ્રામાં મેઘાણી વંદના અંતર્ગત સ્વરાંજલિ તથા સ્મરણાંજલિનું વિશેષ આયોજન કરાયું છે. ઝવેરચંદ મેઘાણીની ૭૯મી પુણ્યતિથિની પૂર્વ-સંધ્યા ૦૮ માર્ચ (રવિવાર)ના રોજ સાંજે ૦૬થી રાત્રે ૦૮ સુધી સ્વરાંજલિમાં ખ્યાતનામ કલાકારો અભેસિંહ રાઠોડ, ભારતીબેન વ્યાસ અને રાધાબેન વ્યાસ ઝવેરચંદ મેઘાણી રચિત, સંશોધિત, સંપાદિત ગીતો, લોકગીતો, ભજનોની રમઝટ બોલાવશે. ૧૪ માર્ચ (શનિવાર)ના રોજ સાંજે ૦૬થી રાત્રે ૦૮ સુધી સ્મરણાંજલિમાં વિદ્વાન વક્તાઓ પરશોત્તમ રૂપાલા, વી. એસ. ગઢવી, કવિ વિનોદ જોશી, જ્વલંત છાયા અને લલિત ખંભાયતા દ્વારા ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય વિશે માહિતીસભર અને રસપ્રદ સંગોષ્ઠી કરવામાં આવશે. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા આલેખિત ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યને નિરૂપતું અધિકૃત સચિત્ર પ્રદર્શનનું ઉદઘાટન પૂ. મોરારિબાપુના વરદ-હસ્તે ૦૭ માર્ચના રોજ કરવામાં આવશે. ગુર્જર સાહિત્ય પ્રકાશન (અમદાવાદ) દ્વારા સમગ્ર મેઘાણી-સાહિત્યનું પ્રદર્શન તથા ૨૫% વિશેષ વળતરે વેચાણ કરવામાં આવશે.

# દ્વારકાના રાંદલધામ ખાતે રવિવારે ૧૨૦૦ કુમારિકાઓને કરાશે ગોરણી

**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાના કકલાસ કુંડ પાસે આવેલા શ્રી રાંદલ ધામ ખાતે રાંદલ માતાજીના સમૂહ લોટા તેડવાનું ભવ્યાતિભવ્ય આયોજન આગામી તા.૦૮-૦૩-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. આ પ્રસંગે ઈતિહાસમાં સૌપ્રથમ વખત ૧૨૦૦થી વધુ કુમારિકાઓ રાંદલ સ્વરૂપ ધારણ કરશે. આયોજકો દ્વારા આ અંગે તૈયારીઓ પરિપૂર્ણ કરી છે. રાંદલ માતાજીના ૨(બે) લોટા તેડવાનો ખર્ચ રૂ.૨૧૦૦ છે. માતાજીના લોટા તેડવા માટે કોઈપણ ગામ શહેરના માઈભક્તો નામ નોંધાવી શકે છે. નામ નોંધવાની છેલ્લી તા.૦૬-૦૩-૨૦૨૬ છે. રાંદલ માતાજીના લોટા ઉત્સવ અંતર્ગત આગામી તા.૮મી માર્ચને રવિવારના રોજ સવારે ૮-૦૦ કલાકે માતાજીનું પૂજન, બપોરે ૧૧-૦૦ કલાકે કુમારિકા ભોજન, સાંજે ૬-૦૦ કલાકે ઘોડો ઘુમાશે, રાત્રે ૮-૩૦ કલાકે નિજમંદિરમાં મહાઆરતી થશે. તા.૯મી માર્ચના સવારે ૮-૦૦ કલાકે ઉત્થાપન થશે. સમગ્ર ધર્મોત્સવના યજમાન સૂર્યનારાયણ દેવ તથા સત્યનારાયણ દેવ રહેશે. વધુ માહિતી માટે મો.નં.૯૯૭૪૨ ૫૫૨૬૨ પર સંપર્ક કરવો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૬-૦૩-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (શીખ કબાબ)+(વેજ.કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૭-૦૩-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૭-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ ચોથ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** ધ્રુવ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૦૩ **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# ગીર પંથકમાં ઘાસચારાની અછતને ખાળવા ઘાસ કટીંગનું પ્રમાણ વધારવા વન વિભાગની કવાયત

**ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ રાખોલીયાની રજુઆતના પગલે ઘાસનું ઉત્પાદન ૫ લાખથી વધારી ૧૪.૪૦ લાખ કવીન્ટલ**

**અબતક**
**મનુ કવાડ, ગીરગઢડા**



ગીર પંથકના માલધારીઓના પશુ માટે ઘાસની અછત ન પડે તે માટે ઘાસનું ઉત્પાદન વધારવા ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ રાખોલીયની રજુઆતના પગલે વન વિભાગે ઘાસ કટીંગનું લક્ષ્યાંક ૫ લાખ કિવન્ટલ માથી વધારી ૧૪.૪૦ લાખ ટન કરવાનો નિર્ણય લેવાયો હતો. ગીર પૂર્વ વન વિભાગ - ધારી વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વરસાદની અનિયમિતતા અને પરિસ્થિતિના કારણે ઘાસના ઉત્પાદન પર અસર જોવા મળી હતી. જેના પરિણામે ગીર વિસ્તારમાં વસવાટ કરતા માલધારીઓ અને પશુપાલકોને ચારો મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માનનીય વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણ ગોરધનજી માળી સમક્ષ ઘાસ કટિંગનો લક્ષ્યાંક વધારવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. રજુઆતને સકારાત્મક પ્રતિસાદ આપતા સરકારએ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધારી સ્થિત ગીર પૂર્વ વન વિભાગમાં ઘાસ કટિંગનો લક્ષ્યાંક ૫ લાખ કિવન્ટલથી વધારીને ૧૪.૪૦ લાખ કિવન્ટલ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ગીર વિસ્તારના માલધારીઓ, પશુપાલકો તેમજ સ્થાનિક લોકોને મોટી રાહત મળશે અને પશુચારા સંકટમાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જનહિતના પ્રશ્નો માટે સતત પ્રયત્નશીલ રહી લોકોના પ્રશ્નો ઉકેલવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત સરકાર અને મંત્રી નો ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખૌલીયા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## સૂડોકુ -૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૫ | ૬ | | |
| | | | | | ૪ | | ૧ | ૭ |
| | | | ૯ | | ૮ | ૨ | | |
| | ૮ | ૯ | | | ૨ | | | |
| | | | | | | ૯ | | |
| ૧ | | ૩ | | ૯ | | | ૪ | |
| | ૯ | | | | | ૭ | | |
| | ૭ | | | | | ૮ | ૬ | ૨ |
| | | | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ |
| ૨ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૯ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૭ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૫ | ૯ |
| ૧ | ૨ | ૩ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૧ | ૫ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૮ |


## આવતીકાલનું રાશિફળ

**તા.૭.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ ચોથ, ચિત્રા નક્ષત્ર, ધ્રુવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ) :** સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
**મિથુન (ક,છ,ઘ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
**કર્ક (ડ,હ) :** જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
**સિંહ (મ,ટ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબતમાં સારું રહે.
**તુલા (ર,ત) :** તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
**વૃશ્ચિક (ન,ય ) :** તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
**મકર (ખ,જ) :** વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**કુંભ (ગ,સ,શ) :** ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.
**મીન (દ,ચ,ઝ,થ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

# શ્રીલંકા પાસે ઈરાની નૌકાદળનું જહાજ સબમરીન હુમલામાં ડૂબ્યું છે

અગાઉ અત્રે લખ્યા મુજબ દરિયામાં ગતિવિધિ વધી છે અને અત્રે લખ્યું હતું કે દરિયો કાટમાળ માંગે છે તેમ શ્રીલંકા પાસે ઈરાની નૌકાદળનું જહાજ સબમરીન હુમલામાં ડૂબ્યું છે તો ગ્રહણ પછી એક માસ અશાંતિ રહે અને યુદ્ધ વધે તે મુજબ હજારથી ઉપર લોકો યુદ્ધમાં હતાહત થયા છે જે સમગ્ર માનવજાત માટે ચિંતાનો વિષય છે તો અત્રે ૨૦૨૬ શરૂઆત પહેલા જ લખેલું કે બુધ હોવાથી આર્થિક ક્રિપ્ટો કરન્સી ને બેન્કિંગ નિકાસમાં ધરમૂળથી મુજબ વાતાવરણ બની સંદિગ્ધ કારણોસર ભૂકંપ ચેતવણી સ્વરૂપ ઘટના અમેરિકાની ટેક્નોલોજી અપને વિનાશક ઉપયોગ પણ આહત થતા બાબતોમાં,મુદ્રામાં વ્યવસ્થા અને આયાત ફેરફાર જોવા મળે તે રહ્યું છે અને ઈરાનમાં પણ નોંધાયો છે જે ગણી શકાય અને એડવાન્સ એ આઈનો પણ સામે આવશે. હાલ આપણે આકાશિક રેકોર્ડ વિષે વાત કરી રહ્યા છીએ ત્યારે એ જાણવું રસપ્રદ બની રહેશે કે ભવિષ્ય માટે નવા સારા આકાશિક રેકોર્ડ બનાવવામાં દિવ્ય વસ્તુ પણ સારી એવી ભૂમિકા ભજવે છે જે રીતે આકાશિક રેકોર્ડથી આપણે જન્મોજન્મના રેકોર્ડ જોઈએ છીએ તે રીતે ભવિષ્ય માટે પણ સુંદર નવા કાર્મિક એકાઉન્ટ માટે અને દિવ્ય કાર્ય માટે આપણા ઘર અને વ્યવસાયના સ્થળનું વાસ્તુ અનુકૂળ હોવું જોઈએ વળી આર્થિક સધ્ધરતા માટે શ્રી વાસ્તુ હોય તો સારા વાઈબ્રેશનથી નવા હકારાત્મક આકાશિક રેકોર્ડ બને છે જે આપણા જન્મોજન્મના ધ્યેયને સાકાર કરવામાં મદદરૂપ સાબિત થાય છે અને જો વાસ્તુદોષ હોય તો આપણા ધ્યેય અને સફળતામાં રુકાવટ આવતી જોવા મળે છે.!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં

# રાજકોટ સહિત રાજયભરના વકીલો દ્વારા ઉત્સાહભેર મતદાન

**પાંચ મહિલા અનામત સહિત ૨૩ બેઠકો પર ૨૦ મહિલા સહિત ૯૯ ઉમેદવારો વચ્ચે જંગઃ રાજયના ૭૭ હજારથી વધુ મતદારો, ૧૫૦થી વધુ મતદાન મથકો પર ૪૫૦ પોલીંગ ઓફિંસરો ફરજમાં તૈનાતઃ સૌ પ્રથમવાર લાઈવ રેકોર્ડિંગ, સીસીટીવી કેમેરાની નીગરાનીમા મતદાન,તા.૯મી માર્ચથી મતગણતરી**



રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે વકીલોની માતૃ સંસ્થાની ચૂંટણીમાં એડવોકેટ દ્વારા મતદાન કરી રહ્યા છે





**અબતક, રાજકોટ**

વકીલોની માતૃ સંસ્થા ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી અને રસાકસી ભરી રાજકોટ સહિત રાજ્ય ભરના ૧૫૦થી વધુ મતદાન મથકો પર સીસીટીવી કેમેરા સહિતના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વકીલો દ્વારા ઉત્સાહપૂર્વક મતદાન કરી રહ્યા છે જેને પગલે રાજ્યભરમાં કાનૂની વર્તુળોમાં ભારે ઉત્તેજના જગાવી છે.

૧૯૬૦માં ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ ૧૯૬૧માં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની સ્થાપના કરવામાં આવેલ હતી. કાયદાના સ્નાતકની ડિગ્રી ધરાવનાર વ્યક્તિ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં નિયમો અનુસાર એડવોકેટ તરીકે રજિસ્ટ્રેશન બાદ સનદ મેળવવા હક્કદાર બને છે. સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઈપાવર ઈલેકશન કમિટીની નીગરાની હેઠળ પ્રથમવાર બાર કાઉન્સીલની ચૂંટણી યોજાઈ રહી છે. બે સભ્યો બાદમાં કો-ઓપ્ટ નિમાશે. સુપ્રીમકોર્ટના નિર્દેશ મુજબ, 30 ટકા મહિલા ઉમેદવારો માટે અનામત જોગવાઈ અમલમાં મૂકવામાં આવી છે. પાંચ બેઠક મહિલા વકીલોના ફાળવવામા આવી છે. આથી ગુજરાત બાર કાઉન્સીલમા હવે મહિલા વકીલો ગુજરાત બાર કાઉન્સીલમા પ્રતિનિધિત્વ કરશે આ બાર કાઉન્સિલના કુલ ૨૫ સભ્યો પૈકી ૨૩ સભ્યોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણીમાં ૭૯ પુરૂષ અને ૨૦ મહિલા એમ ૯૯ ઉમેદવારો મેદાનમાં છે.



THE BAR COUNCIL OF GUJARAT AHMEDABAD


જેમાં રાજયભરના ૭૭ હજારથી વધુ વકીલ મતદારો મતદાન કરશે. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીમાં રાજ્યભરના વકીલો મતદાન કરતા હોય છે અને રાજકોટ સહિત રાજયભરમાં મળી કુલ ૧૫૦થી વધુ મતદાન મથકો પર પોલીંગ બુથ પર ૪૫૦ પોલીંગ ઓફિસરો ફરજમાં તૈનાત થશે. આજ સવારે ૧૦૦૦ કલાક થી વકીલો દ્વારા મતદાન કરી રહ્યા છે પ્રેફરેન્સીયલ વોટીંગની પધ્ધતિ એટલે કે જે તે ઉમેદવારોને પસંદગી પ્રમાણે એકડો, બગડો એમ ૨૩ સુધી લખીને પસંદ કરવામાં આવે છે. આ પ્રમાણે મતદાન થતુ હોય છે. સૌ પ્રથમવાર લાઈવ રેકોર્ડિંગ, સીસીટીવી કેમેરાની નીગરાની હેઠળ રાજયભરમાં મતદાન યોજાશે સવારે ૧૦૦૦ કલાક થી સાંજે છ કલાક દરમિયાન મતદાન પૂર્ણ થયા બાદ મતપેટીઓ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરીયમ ખાતે લવાશે, જયાં તા.૯મી માર્ચથી મતગણતરી શરૂ થશે અને તા. ૧૪મી માર્ચ સુધીમાં ઈલેકશનના પરિણામો જાહેર થઈ જવાની સંભાવના છે.આ વખતની ચૂંટણીમાં સમરસ પેનલના અમૃતાબેન ભારદ્વાજ, સી.એચ. પટેલ ઉપરાંત પૂર્વ ચેરમેન દિલીપભાઈ પટેલ, ભૂમિકા પટેલ અને જીતેન્દ્ર પારેખ પૈકી કેટલા ઉમેદવારો બાર કાઉન્સિલમાં વિજય થશે તે અંગે તરેહ તરેહની ચર્ચા એ જોર પકડ્યું છે બાર કાઉન્સિલમા વકીલ સમાજમાં પ્રતિનિધિત્વ અને સમાનતા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ગુજરાત બાર કાઉન્સિલ એટલી મહત્ત્વની હોય છે, તેની પર વકીલ આલમની સાથે સાથે ન્યાયતંત્રની પણ નજર હોય છે.રાજયભરમા વકીલ આલમમાં ઈલેકશન ફિવરનો માહોલ છવાયો છે.ગુજરાત બાર કાઉન્સિલમાં સમરસ પેનલનો છેલ્લા ૨૭ વર્ષથી દબદબો રહ્યો છે. તે દબદબો જળવાઈ રહે છે કે કેમ તે મુદ્દે વકીલ વાલમમાં ચર્ચાએ જોર પકડ્યું છે.











ગીર સોમનાથ બાર એસો.ના પ્રમુખ એસ.એન.સવાણી



અમરેલી બાર એસો.ના પ્રમુખ વિરેન્દ્ર વાળા



ગોંડલ બાર એસો.ના પ્રમુખ સાવન પરમાર



જેતપુર બાર એસો.ના પ્રમુખ મહાવીર પટેલ



મોરબી બાર એસો.ના પ્રમુખ દિલીપ અગેચણીયા



કેશોદ બાર એસો.ના પ્રમુખ સુરજ ચાવડા



ધોરાજી બાર એસો.ના પ્રમુખ વી.વી.વઘાસીયા



તંત્રી લેખ

# ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દબાવીને વિશ્વ આખાને ભરડામાં લઈ લીધું

વિશ્વના નકશા પર એક નાનકડી પરંતુ અત્યંત મહત્વપૂર્ણ જળસંધિ - સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, આજે વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રનું એપીસેન્ટર બની ગઈ છે. ઈરાન દ્વારા આ માર્ગ પર નિયંત્રણ લાદવાની અથવા તેને દબાવવાની હિલચાલને કારણે આખી દુનિયા જાણે કે આર્થિક ભરડામાં આવી ગઈ છે. આ એક એવું વ્યૂહાત્મક પગલું છે જેણે દુનિયાના શક્તિશાળી દેશોની ઊંઘ હરામ કરી દીધી છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેઈનની જીવાદોરી સમાન છે. દુનિયાભરના કુલ તેલ વપરાશનો લગભગ ૨૦ થી ૩૦ ટકા હિસ્સો અને મોટા પ્રમાણમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ આ જ સાંકડા જળમાર્ગમાંથી પસાર થાય છે. તેથી, આ માર્ગ પરનો કોઈપણ અવરોધ કે તંગદિલી સીધી રીતે વૈશ્વિક ઊર્જા બજારની નસ દબાવવા સમાન છે, જેની અસર રાતોરાત આખી દુનિયા પર પડે છે.

ઈરાનના આ કડક વલણના પરિણામે પેટ્રોલિયમ અને ગેસના પુરવઠામાં ભારે અછત ઊભી થવાની શરૂઆત થઈ ગઈ છે. ક્રૂડ ઓઈલના ભાવો આસમાને પહોંચી રહ્યા છે અને યુરોપથી લઈને એશિયા સુધીના દેશો ઊર્જા સંકટના ડરથી ફફડી રહ્યા છે. જો આ સ્થિતિ લાંબી ચાલે તો રોજબરોજની ઔદ્યોગિક અને પરિવહન ગતિવિધિઓ પર બ્રેક લાગવાની અને અર્થતંત્ર થંભી જવાની સ્થિતિ નિર્માણ પામી શકે છે.

આ ઊર્જા સંકટની સીધી અને સૌથી ભયાનક અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે. મોંઘવારીનો દર જે માંડ કાબૂમાં આવવાની શરૂઆત થઈ હતી, તે ફરી એકવાર બેકાબૂ બનવાની ભીતિ છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાથી જીવનજરૂરી ચીજવસ્તુઓના પરિવહન ખર્ચમાં ઉછાળો આવશે, જે સામાન્ય માણસની કમર તોડી નાખશે અને મંદીનો નવો દોર શરૂ કરી શકે છે.

આ ગંભીર આર્થિક પરિણામોને જોતા હવે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય સમીકરણો ખૂબ ઝડપથી બદલાઈ રહ્યા છે. અગાઉ ઈરાન સામે કડક પગલાં લેવાની હિમાયત કરતા અમેરિકા અને યુરોપિયન દેશોના વલણમાં હવે ધીમે ધીમે નરમાશ જોવા મળી રહી છે. દુનિયાને સમજાઈ ગયું છે કે આ મુદ્દે અહંકાર અને યુદ્ધનો રસ્તો અપનાવવો એ માત્ર વિનાશ તરફ લઈ જશે અને કોઈને પરવડશે નહીં.

બીજી તરફ, ઈરાને આ વ્યૂહાત્મક પગલાં દ્વારા પોતાની તાકાતનો પરચો આખી દુનિયાને આપ્યો છે. વર્ષોથી આર્થિક પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય દબાણનો સામનો કરી રહેલા ઈરાને સાબિત કર્યું છે કે તેની પાસે વૈશ્વિક અર્થતંત્રને બાનમાં લેવાની ચાવી છે. આ એક જ પગલાં દ્વારા ઈરાન પોતાની શરતો મનાવવા અને પ્રતિબંધોમાં રાહત મેળવવા માટે એક અત્યંત મજબૂત સ્થિતિમાં આવી ગયું છે.

# અદાણી ફાઉ. દ્વારા મુંદ્રાના મોટા કાંડાગરામાં મિયાવાંકી પદ્ધતિથી 'નંદનવન' અને ઓક્સિજન પાર્કનું નિર્માણ

## ૪૭થી વધુ પ્રકારના ફૂલ-છોડ, વેલાઓ, ફળાઉ વૃક્ષો અને આયુર્વેદિક જડીબુટ્ટીઓનું વાવેતર કરી તેને 'નંદનવન' બનાવવામાં આવશે



**અબતક, રાજકોટ**

પર્યાવરણીય સંરક્ષણ અને હરિયાળીના શુભ સંકલ્પ સાથે અદાણી ફાઉન્ડેશન દ્વારા મુંદ્રા તાલુકાના મોટા કાંડાગરા ગામમાં ઐતિહાસિક વનીકરણ પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. અદાણી ફાઉન્ડેશન અને મુંદ્રા પેટ્રોકેમના સંયુક્ત ઉપક્રમે જાપાનીઝ 'મિયાવાકી પદ્ધતિ' દ્વારા અહીં ૬,૦૦૦ થી વધુ વૃક્ષો વાવીને ઘટાદાર જંગલ તૈયાર કરવામાં આવી રહ્યું છે.આ પ્રોજેક્ટથી માત્ર 'ઓક્સિજન પાર્ક' જ નહીં, પરંતુ પશુ-પક્ષીઓ માટે આશ્રયસ્થાન અને જીવંત ઈકોસિસ્ટમ પણ વિકસિત થશે.

આ પ્રોજેક્ટની મુખ્ય વિશેષતા એ છે કે આધુનિક ટેકનોલોજી થકી વૈવિધ્યસભર વનસ્પતિ ઉગાડી જીવંત ઈકોસિસ્ટમ વિકસીત કરવામાં આવશે. ૪૭ થી વધુ પ્રકારના ફૂલ-છોડ, વેલાઓ, ફળાઉ વૃક્ષો અને આયુર્વેદિક જડીબુટ્ટીઓનું વાવેતર કરી તેને 'નંદનવન' બનાવવામાં આવશે.જેમાં પીપળો, વડ, લીમડો જેવા છાયાદાર વૃક્ષો; આંબા, ચીકુ જેવા ફળદ્રુપ વૃક્ષો અને તુલસી, અરડૂસી જેવી આયુર્વેદિક જડીબુટ્ટીઓનો સમાવેશ થાય છે.

વૃક્ષોના ઝડપી અને તંદુરસ્ત વિકાસ માટે મિયાવાકી પદ્ધતિની સાથે ડ્રિપ ઈરિગેશન (ટપક સિંચાઈ) પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.મિયાવાકી પદ્ધતિમાં સામાન્ય કરતા ૧૦ ગણી ઝડપથી વૃક્ષોનો વિકાસ થાય છે અને જંગલ ૩૦ ગણું વધુ ઘટાદાર બને છે.

# જૂનાગઢ: ઉપરકોટ કિલ્લાનો થશે કાયાકલ્પ

## પ્રવાસીઓ માટે રૂ ૧.૦૭ કરોડના ખર્ચે લિફ્ટ અને આધુનિક પાર્કિંગની સુવિધાઓથી થશે સજ્જ



**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને પ્રવાસન સ્થળોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના મક્કમ નિર્ધાર સાથે જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ઉપરકોટ કિલ્લામાં પ્રવાસીઓની સુવિધા વધારવા માટે રૂ. ૧.૦૭ કરોડના વિકાસલક્ષી કામોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવી છે. આ નવી સુવિધાઓ અંતર્ગત ઉપરકોટ કિલ્લાના મજવેડી ગેટ તરફ કમ્પાઉન્ડ વોલ, વ્યવસ્થિત પાર્કિંગ અને ટુરિસ્ટ ફેસિલિટી સેન્ટરના પ્રથમ તબક્કાનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, ભવિષ્યમાં પ્રવાસીઓની અવરજવરને વધુ સુગમ બનાવવા માટે બે અત્યાધુનિક લિફ્ટની સુવિધા પણ ઊભી કરવામાં આવશે. રાજ્ય સરકારના આ પ્રયાસોથી ગુજરાતના પ્રવાસન નકશા પર જૂનાગઢનું મહત્વ વધશે અને દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ માટે સુવિધાઓના નવા દ્વાર ખુલશે.

## રાજ્યના ઐતિહાસિક વારસાને આધુનિક ઓપ આપવા હર્ષ સંઘવીએ વિકાસલક્ષી કામોને આપી મંજૂરી

વાંકુની ધાર ખાતે

# રાજુલા: રાજગોર બ્રાહ્મણ સમાજ દ્વારા રતિભાઈ બોરીસાગરને પદ્મશ્રી એવોર્ડથી નવાજાશે

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનું ગૌરવ અને અગ્રગણ્ય હાસ્ય લેખક રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરીક સન્માનોમાં ના એક પદ્મશ્રી પુરસ્કારથી અલંકૃત વંદનિય વિદ્વાન શિક્ષણવિદ્ અને ગુજરાતી હાસ્ય જગતના તેજસ્વી પ્રતિક રતિભાઈ બોરીસાગરનાં ભવ્ય સન્માન અર્થે વિશેષ ગૌરવ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે, પદ્મશ્રી જેવા પ્રતિષ્ઠીત રાષ્ટ્રીય સન્માનથી વિભૂષિત થવું એ માત્ર વ્યકિતગત સિધ્ધી નથી પરંતુ સમગ્ર રાજગોર બ્રાહ્મણ સમાજ માટે ગૌરવનો સુવર્ણ ક્ષણ છે. આ કાર્યક્રમ તારીખ ૯/૦૩/૨૦૨૬ ને સોમવારે સાંજે ૪-૦૦ કલાકે વાંકુની ધાર ખાતે શ્રી પંચમુખી હનુમાનજી મંદિર શ્રી રામ બાલકદાસ બાપુના આશ્રમ ખાતે યોજાશે. આ પ્રસંગે સંતોના આશીર્વચન આપશે.



મુકતાનંદ બાપુ - ચાપરડા અખીલ ભારતીય સાધુ સમાજ પ્રમુખ રામબાલકદાસ બાપુ પંચમુખી હનુમાનજી મહારાજ આશ્રમ વાકુંનીધાર કરૂણાનિધાન દાસ બાપુ પંચમુખી હનુમાનજી મહારાજ આશ્રમ-વાકુંનીધાર વાળા આશીર્વાદ આપશે તેમજ ગીજુભાઈ ભરાડ શિક્ષણવિદ્ રતીદાદા મહેતા - શ્રી ગાયત્રી ઉપાસક -ચલાલા - ખોડીદાસભાઈ મહેતા - ભાગવતાચાર્ય -ચલાલા વાળા ની પ્રેરક વિશેષ ઉપસ્થિતિ રહેશે આ સમગ્ર કાર્યક્રમ પુર્ણ થયા બાદ સંધ્યા આરતી કરવામાં આવશે અને શ્રી પંચમુખી હનુમાનજી દાદાને થાળ ધરવામા આવશે ત્યાર બાદ ભોજન પ્રસાદ લેવા માટેનુ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટે શ્રી રાજગોર બ્રાહ્મણ (કાઠીગોર) અમરેલી જિલ્લો તથા મહુવા તાલુકોના આગેવાનો અને યુવાન કાર્યકરો કામ કરી રહ્યાં છે.

# ધ્રાંગધ્રા: પ્રભારી મંત્રી દર્શનાબેન વાઘેલાની અધ્યક્ષતામાં ભાજપ સંગઠનની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના દરિયાલાલની વાડી ખાતે ધ્રાંગધ્રા શહેર તથા ગ્રામ્ય ભારતીય જનતા પાર્ટી સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના પ્રભારી મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સંગઠનલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠક દરમિયાન સંગઠનને પાયાના સ્તરેથી વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ, આવનારા સમયમાં યોજાનારા વિવિધ પક્ષીય કાર્યક્રમો તેમજ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી લોકકલ્યાણકારી યોજનાઓને શહેર અને ગામડાંના અંતિમ વ્યક્તિ સુધી કેવી રીતે પહોંચાડવી તે અંગે વિસ્તૃત રણનીતિ ઘડવામાં આવી હતી. પ્રભારી મંત્રી દર્શનાબેન વાઘેલાએ કાર્યકરોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા વિકાસ, સુશાસન અને જનસેવાના માર્ગે આગળ વધી રહી છે. સરકારની યોજનાઓનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે માટે કાર્યકરોની ભૂમિકા સૌથી મહત્વની છે. તેમણે કાર્યકરોને સંગઠનની શક્તિ વધારવા અને સમાજના દરેક વર્ગ સાથે સક્રિય રીતે જોડાઈને સરકારના વિકાસકાર્યોની માહિતી લોકો સુધી પહોંચાડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.



આ બેઠકમાં ભાજપના શહેર તથા ગ્રામ્ય સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તમામ કાર્યકરોએ આગામી સમયમાં વધુ સમર્પણ અને ઉત્સાહ સાથે સંગઠન માટે કાર્ય કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ધોરાજીમાં સરદાર ચોકથી જેતપુર રોડ સુધીનો રસ્તો 'બિસ્માર': જનતામાં રોષ



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેરમાં સરદાર ચોકથી જેતપુર રોડ સુધીનો મુખ્ય માર્ગ હાલ અત્યંત કંડમ હાલતમાં ફેરવાઈ જતાં સ્થાનિક રહિશો, રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાડમારીનો સામનો કરી રહ્યા છે.

શહેરના હૃદય સમાન ગણાતા સરદાર ચોકથી નાગરિક બેંક સુધીનો રસ્તો લાંબા સમય પૂર્વે ખોદી નાખવામાં આવ્યો હતો, પરંતુ કામગીરી પૂર્ણ થયા બાદ તંત્ર દ્વારા આ રસ્તાને નવેસરથી બનાવવાની કે રીપેર કરવાની દરકાર લેવામાં આવી નથી. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોની પ્રબળ માંગ છે કે વિદ્યાર્થીઓ અને જનતાના હિતમાં આ કંડમ રસ્તાનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે.

# ધોરાજી: રોકડ ભરેલી કોથળી મૂળ માલિકને પરત કરી સલીમભાઈએ દાખવી ઈમાનદારી



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીના ત્રણ દરવાજા વિસ્તારમાંથી સલીમભાઈ કેશોદવાળાને રૂપિયા ભરેલી એક કોથળી મળી આવી હતી. સલીમભાઈએ આ લાલચ તજીને તુરંત દિનેશભાઈ વોરાનો સંપર્ક કર્યો હતો.

દિનેશભાઈએ સોશિયલ મીડિયા મારફતે તપાસ શરૂ કરતા માત્ર ૨ કલાકમાં જ અસલી માલિક શરફરાઝભાઈનો પતો લાગ્યો હતો. સલીમભાઈએ તમામ રકમ અને વસ્તુઓ મૂળ માલિકને સુરક્ષિત પરત કરી પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું, જેની આખા શહેરમાં પ્રશંસા થઈ રહી છે.

# બગસરામાં કાલથી પૂ.મોરારિબાપુની માનસ મેઘાણી રામ કથાનો પ્રારંભ

## સમસ્ત સાધુ સમાજના સ્નેહ મિલનમાં કથામાં સહભાગી થવા રામભક્તોને કરાયું આહવાન



**અબતક, સમીર વિરાણી, બગસરા:** બગસરામાં વિશ્વવંદનીય કથાકાર પૂ. મોરારીબાપુના વ્યાસાસને માનવ મેઘાણી રામ કથાનો કાલે ૭ માર્ચે શનિવારથી ભવ્ય ધાર્મિક વાતાવરણમાં આરંભ થશે.મોરારીબાપુની આ કથામાં સહભાગી થવા સમસ્ત સાધુ સમાજ દ્વારા સ્નેહ મિલન યોજી સાધુ સમાજે કથાને ભવ્ય બનાવવા સંકલ્પ લીધા હતા. તારીખ ૭-૩ ના રોજ માનસ મેઘાણી રામ કથાનું આયોજન મોરારીબાપુ દ્વારા થયું હતું. ત્યારે સાધુ સમાજ એકત્ર થઈકથાના સેવા કાર્યમાં સહભાગી થવા બગસરા વૈષ્ણવ સાધુ સમાજ તથા તાલુકા વૈષ્ણવ સાધુ સમાજે દ્વારા સંકલ્પ કરવામાં આવેલ અને સ્નેહમિલન દરમિયાન એકત્ર થયેલ તમામ સાધુ સમાજે એક સુર પુરી સંગઠિત થવા માટે હાકલ કરેલ છે તેવું બગસરા વૈષ્ણવ સાધુ સમાજના પ્રમુખ શ્રી નીલેશભાઈ દેસાણીએ જણાવ્યું હતું.

# બગસરામાં રીનોવેટેડ મેઘાણી ટાઉન હોલનું મંત્રી કૌશિક વેકરીયા દ્વારા કરાયું લોકાર્પણ

## જર્જરીત ટાઉન હોલની ૪૮.૩૫ લાખના ખર્ચે થઈ કાયાપલટ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં નગરપાલિકા દ્વારા ૨૦૧૦ માં મેઘાણી ટાઉન હોલનું નિર્માણ કરાયું હતું. પરંતુ છેલ્લા કેટલાક સમયથી જર્જરીત બનેલ ટાઉન હોલનું સ્વર્ણય જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૪૯.૩૫ લાખના ખર્ચેના ખર્ચે અધરતન સુવિધા સાથેટાઉન હોલનું રીનોવેશન પૂર્ણ થતાં લોકાપર્ણ કર્યુ.

રાજયના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે રીબીન કાપીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા ધારી બગસરાના ધારાસભ્ય જે.વી કાકડીયા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી નગરપાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ ચીફ ઓફિસર મિતલબેન ભાલાળા અને ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના અનેક વિકાસ કામો અંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયાએ માહિતી આપી હતી.

કાર્યક્રમની આભાર વિધિ રાજુભાઈ ગીડાએ કરી કાર્યક્રમનું સંચાલન સ્નેહી પરમારે કર્યું હતું.

# ધ્રાંગધ્રાને રૂ.૧૦.૩૫ કરોડના વિકાસકામોની ભેટ: પ્રભારી મંત્રી દર્શના વાઘેલાના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત

## ઐતિહાસિક જોગાસર તળાવનું નવીનીકરણ નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે; ધ્રાંગધ્રા હવે 'અ' વર્ગની નગરપાલિકા તરીકે વિકાસની નવી ઊંચાઈ સર કરશે





**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

શહેરના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે જોગાસર તળાવ ખાતે પ્રભારી મંત્રી દર્શનાબેન વાઘેલાના અધ્યક્ષસ્થાને ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીના હસ્તે અંદાજે રૂ. ૧૦.૩૫ કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

મંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા જોગાસર તળાવનું સુંદર નવીનીકરણ કરાયું છે, જે હવે આસ્થા અને મનોરંજનનું કેન્દ્ર બનશે. તેમણે વધુમાં ઉમેર્યું કે ધ્રાંગધ્રા નગરપાલિકા હવે બ વર્ગમાંથી અ વર્ગમાં ઉન્નત થતા આગામી સમયમાં વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવશે. અમૃત ૨.૦ યોજના હેઠળ રૂ. ૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ જોગાસર તળાવનું લોકાર્પણ અને સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ રૂ. ૬.૩૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સાંસદ ચંદુભાઈ શિહોરાએ માનસરોવર તળાવ માટે રૂ. ૪૨ કરોડ મંજૂર થયાની માહિતી આપી હતી. ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરાએ જોગાસરથી જડેશ્વર મંદિર સુધી ૨ કિમી લાંબો વોકવે બનાવવાની યોજના વિશે જણાવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી આઈ.કે. જાડેજા, પાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વિકાસકામોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ચલાવી લેવાશે નહીં: મંત્રી દર્શના વાઘેલાનળો હુંકાર

ધ્રાંગધ્રા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી દર્શનાબેન વાઘેલાના અધ્યક્ષ સ્થાને આજે ધ્રાંગધ્રા નગરપાલિકા ખાતે વિકાસકામોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીએ શહેરના રોડ-રસ્તા, પાણી અને ડ્રેનેજ જેવા પાયાના પ્રકલ્પોની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

મંત્રીએ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી હતી કે, વિકાસકામોમાં ગુણવત્તા સાથે કોઈ પણ બાંધછોડ ચલાવી લેવાશે નહીં અને તમામ પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે. તેમણે સરકારી ગ્રાન્ટનો પારદર્શી ઉપયોગ કરવા અને શહેરમાં સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવવા પર ભાર મૂક્યો હતો. બેઠકમાં સ્થાનિક સભ્યોના પ્રશ્નો સાંભળી તેના કાયમી નિરાકરણ માટે વહીવટી તંત્રને માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, પૂર્વ કેબિનેટ મંત્રી આઈ. કે. જાડેજા, નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, ચીફ ઓફિસર મંટીલકુમાર પટેલ સહિતના પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાના પ્રગતિશીલ શાસનને 'સુશાસન'માં બદલતી નારી શક્તિ

## આરોગ્ય, વન, રોજગાર અને વહીવટી ક્ષેત્રે મહિલા અધિકારીઓનું પ્રેરણાદાયી યોગદાન: સંઘર્ષ અને પરિશ્રમથી મેળવ્યું ગૌરવવંતુ સ્થાન

**અબતક, ઋષિ મહેતા**

આગામી ૮મી માર્ચ 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે મોરબી જિલ્લાના વહીવટી તંત્રમાં મહત્વના પદો પર કાર્યરત મહિલા અધિકારીઓ શાસન અને સેવાનો અનોખો સમન્વય સાધી રહી છે. રાજ્ય સરકારની મહિલાલક્ષી યોજનાઓ હોય, લોકશાહીને સુદ્રઢ બનાવતી ચૂંટણી પ્રક્રિયા હોય કે કુદરતી સંપદાનું જતન, આ તમામ મોરચે મહિલા અધિકારીઓ પોતાની નિષ્ઠા અને કુશળતાથી ઉમદા ઉદાહરણ પૂરું પાડી રહી છે.



મોરબી જિલ્લા આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર મયુરી ઉપાધ્યાયની સફર સંઘર્ષથી ભરેલી રહી છે. માત્ર ૮ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ તેમની માતાએ ત્રણ દીકરીઓને એકલા હાથે ઉછેરી ઉચ્ચ હોદ્દા સુધી પહોંચાડી છે. આજે મયુરીબેન જિલ્લાના ૧૭ હજારથી વધુ બાળકોને પોષણક્ષમ આહાર અને હજારો સગર્ભા માતાઓને 'પ્રોજેક્ટ અભિમન્યુ' હેઠળ ગર્ભસંસ્કારનું માર્ગદર્શન આપી મહિલા શક્તિનો પરિચય કરાવી રહ્યા છે.

વન વિભાગમાં પણ નારી શક્તિનો દબદબો જોવા મળી રહ્યો છે. સાસણ ગીરના નાના ગામડામાં જન્મેલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) તૃપ્તિ જોષી હાલ નવલખી દરિયાઈ વિસ્તારમાં મેન્ગ્રુવ સંરક્ષણની કપરી જવાબદારી નિભાવી રહ્યા છે. ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વન વિભાગમાં મહિલાઓની ભરતી શરૂ કરી ત્યારથી તેઓ પ્રકૃતિના સંવર્ધન માટે સમર્પિત છે. તેવી જ રીતે, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. રશ્મિ રાજાવાઢાએ ફિઝિયોથેરાપિસ્ટ તરીકેની કારકિર્દી છોડી સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા ડેપ્યુટી કલેક્ટર સુધીની સફર ખેડી છે, જે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે.

મહિલા અને બાળ અધિકારી જલ્પા ત્રિવેદી છેલ્લા એક દાયકાથી જરૂરિયાતમંદ મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે કાર્યરત છે. તેઓ ઓફિસની જવાબદારી સાથે પોતાના પાંચ વર્ષના પુત્રના ઉછેરનું સંતુલન જાળવી અન્ય મહિલાઓ માટે મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. બીજી તરફ, જિલ્લા રોજગાર અધિકારી મનીષા સાવનિયાએ તલાટી તરીકે ૧૫ વર્ષ સેવા આપ્યા બાદ GPSC પાસ કરી અધિકારી બની હજારો યુવાનોને રોજગારીના માર્ગે વાળ્યા છે. વર્ષ ૨૦૨૫માં જ તેમણે ૩૦૦૦થી વધુ રોજગાર વાંચ્છુઓને જોબ પ્લેસમેન્ટ અપાવ્યું છે.

આરોગ્ય ક્ષેત્રે પણ આયુર્વેદાચાર્ય ડો. ખ્યાતિ ઠકરાર ભારતીય ચિકિત્સા પદ્ધતિ દ્વારા લોકોની સેવા કરી રહ્યા છે. તેમણે રસોડામાં રહેલી ઔષધિઓના મહત્વ પર ભાર મૂકી મહિલાઓને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપ્યો છે. આમ, મોરબી જિલ્લાની આ મહિલા અધિકારીઓ માત્ર સરકારી ફરજ જ નથી બજાવી રહી, પરંતુ પોતાના સંઘર્ષ અને સફળતા દ્વારા સમાજમાં મહિલા સશક્તિકરણની નવી મશાલ જલાવી રહી છે.

# વાંકાનેર તાલુકા ભાજપનું પ્રમુખપદ ચુંવાળીયા કોળી સમાજને આપવા ધારદાર રજુઆત

## વાંકાનેર ચુવાળીયા કોળી સમાજના આગેવાન મયુર ઠાકોર મોવડી મંડપને મળ્યા

**અબતક, લીતેશ ચંદારાણા વાંકાનેર**

મોરબી જીલ્લા ભાજપની વરણી બાબતે નારાજગ થયેલ ચુવાળીયા કોળી સમાજના અનેક મુદ્દા પર પ્રદેશ ભાજપ અધ્યક્ષને યુવા અગ્રણી મયુર ઠાકોરે રજુઆત કરતા સ્થાનીક રાજકારણ ગરમાવાયુ હતું.વાંકાનેર તાલુકા ભાજપ પ્રમુખપદ પર ચુવાળીયા કોળી સમાજની નિયુકિત કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.મોરબી જીલ્લામાં થયેલ ભાજપના હોદેદારોની નિમણુંકને લઈ ચુવાળીયા કોળી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ ન મળતા ભારે નારાજગી પ્રર્વતી રહી છે.સમાજમાં નારાજગીને ધ્યાને લઈ વાંકાનેરના ચુવાળીયા કોળી ઠાકોર સામના યુવા અગ્રણી મયુર ઠાકોર દ્વારા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલને લેખીતમાં રજુઆત કરવામાં આવી છે કે મોરબી જીલ્લા ભાજપની વરણીમાં ચુવાળીયા કોળી સમાજને અન્યાય બાબતે ચુવાળીયા કોળી સમાજમાં નારાજગી વ્યાપી છે.



જીલ્લા સંગઠનમાં યોગ્ય પ્રતિનિધિત્વ ન મળવાથી સમાજમાં અસંતોષની લાગણી પ્રસરી છે. આગામી દિવસોમાં આવનાર સ્થાનીક સ્વરાજની ચુંટણીમાં ચુવાળીયા કોળી સમાજના પ્રભુત્વ ધરાવતી જિલ્લા તેમજ તાલુકા પંચાયતની બેઠકો પર સમાજને ટિકીટો આપવામાં આવે ઉપરાંત તાજેતરમાં ખાલી પડેલ વાંકાનેર તાલુકા ભાજપ પ્રમુખ પદ પર ચુવાળીયા કોળી સમાજની નિયુકિત કરી ચુવાળીયા કોળી સમાજને ન્યાય આપવામાં આવે જેથી સમાજમાં પણ બમણી ઉર્જાનો સંચાર થાય અને ચુવાળીયા કોળી સમાજ ફરી એકવાર ઉત્સાહ સાથે પાર્ટીને જીતાડવા કામે વળગી જાય તેવી રજુઆત યુવા અગ્રણી મયુર ઠાકોર દ્વારા કરવામાં આવી હતી.

# ઐતિહાસિક સૂરજબાગના નવીનીકરણનું ૩૦ ટકા કામ પૂર્ણ

## બગીચામાં બાળકો માટે આધુનિક પ્લે એરિયા બનશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના ઐતિહાસિક અને લોકપ્રિય બગીચા તરીકે ઓળખાતા સૂરજબાગને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવા મોરબી મહાનગરપાલિકા દ્વારા નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ બગીચાને આધુનિક રૂપ આપીને શહેરીજનો માટે વધુ આકર્ષક અને સુવિધાસભર બનાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તાજેતરમાં આ પ્રોજેક્ટનું અત્યાર સુધીમાં આશરે ૩૦ ટકા જેટલું સિવિલ કામ પૂર્ણ થઈ ગયું છે.



જેમાં બગીચાની જમીન સપાટ કરવા માટેનું લેવલિંગનું મુખ્ય કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સાથે સાથે બગીચામાં વોકિંગ ટ્રેક માટેનું માળખું તૈયાર કરીને તેની સીમાઓ પણ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બગીચામાં પાણીના યોગ્ય નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમ તેમજ છોડ-વૃક્ષોને પાણી મળી રહે તે માટે પાઈપલાઈનનું પ્રાથમિક કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. હાલ બગીચાની આસપાસ કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.આગામી તબક્કામાં બગીચામાં બાળકો માટે આધુનિક પ્લે એરિયા, શહેરીજનો માટે બેઠક વ્યવસ્થા તેમજ વિશાળ પાયે વૃક્ષારોપણ કરવાની યોજના છે.

# મનપા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નવી અરજી માટે રાત્રિ સભા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ના બીએલસી ઘટક હેઠળ નવી અરજીઓ સ્વીકારવા તથા આવાસ વિહોણા લોકોને યોજનાના લાભ વિશે માહિતગાર કરવા ત્રાજપર અને ભડિયાદ ગામે રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બીએલસી ઘટક હેઠળ નવી અરજીઓ સ્વીકારવા અને આવાસ વિહોણા લોકોને યોજનાના લાભોથી માહિતગાર કરવા માટે રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાત્રી સભામાં PMAY (U) 2.0 અંતર્ગત કોને લાભ મળે છે, અરજી કેવી રીતે કરવી તેમજ પોતાના મકાનના બાંધકામ માટે સરકાર તરફથી મળતી સહાય વિશે મોરબી મહાનગરપાલિકાના આવાસ વિભાગ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવશે.ભડિયાદ ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૦૬ માર્ચ ૨૦૨૬ શુક્રવારે રાત્રે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા સુધી રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી મહાનગરપાલિકાએ પોતાના સપનાનું નવું ઘર બનાવવા ઈચ્છુક તથા આવાસ વિહોણા લોકોને આ રાત્રી સભામાં હાજર રહી યોજનાની માહિતી મેળવી લાભ લેવા અનુરોધ કર્યો છે.

# લક્ષ્મીનગર ગામે યુવકનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામે રહેતા મહેશભાઈ રમેશભાઈ પરમાર ઉવ.૩૦ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવ અંગે બિપિનભાઈ અરજણભાઈ પરમાર દ્વારા મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ મામલે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# સો ઓરડી વિસ્તારમાં પ્રૌઢે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલા સો ઓરડી ચામુંડાનગર વિસ્તારમાં એક પ્રૌઢ દ્વારા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ ચામુંડાનગર શેરી નં.૧ ખાતે રહેતા ગૌતમભાઈ અમરશીભાઈ સોલંકી ઉવ.૫૫ એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવ અંગે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ફરજ ઉપર રહેલ ડોક્ટર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારે સીટી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ નિમિત્તે રવિવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

**અબતક, ઋષિ મહેતા**



મોરબીના ધારાસભ્ય અને રાજયમંત્રી કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ નિમિત્તે ૮ માર્ચે મોરબીના ઉમા ટાઉનશીપ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં રક્તદાન કરવા મોરબીવાસીઓને અપીલ કરવામાં આવી છે.ગુજરાત સરકારના રાજયમંત્રી અને મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ નિમિત્તે આગામી તા. ૮ માર્ચે મોરબી શહેરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી-૨ વિસ્તારમાં આવેલ ઉમા ટાઉનશીપ ખાતે સવારે ૮:૦૦ કલાકથી કેમ્પનો પ્રારંભ થશે અને દીપ પ્રજ્વલન સાથે કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવશે.

# રાજમાર્ગોને સ્ટ્રીટલાઈટની રોશનીથી ઝગમગાવવા મનપાની કવાયત તેજ

## શહેરના તમામ રસ્તા પર સ્ટ્રીટલાઈટ પોલ, લાઈટીંગની કામગીરી પૂરજોશમાં, શહેરને નવોઢાની જેમ સજાવાશે

**અબતક, ઋષિ મહેતા**



મોરબી મહાનગર પાલિકાની ઈલેકિટ્રકલ શાખા દ્વારા શહેરને વધુ પ્રકાશિત અને સુરક્ષિત બનાવવા માટે સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્ટ્રીટ લાઈટ સાથે નવા પોલ સ્થાપિત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, જેના કારણે રાત્રિના સમયે વાહનચાલકો અને શહેરીજનોને વધુ સુવિધા મળશે. આ કામગીરી અંતર્ગત શનાળા થી ઘુનડા રોડ સુધી સ્ટ્રીટ લાઈટ સાથે પોલ સ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે હાલમાં મહેન્દ્રનગર થી પીપળી રોડ સુધી મહાનગરપાલિકાની હદ સુધી તથા શનાળા સર્કલ થી રાજપર રોડ સુધી સ્ટ્રીટ લાઈટ પોલ સ્થાપિત કરવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. આ કામ ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા છે, જેના કારણે શહેરના આ વિસ્તારો વધુ પ્રકાશિત બનશે અને જનતાની સુખાકારીમાં વધારો થશે. આ બન્ને માર્ગોની કામગીરી પૂર્ણ થયા બાદ શહેરના અન્ય જરૂરી માર્ગો પર પણ આવશ્યકતા મુજબ નવા પોલ નાખીને સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવશે. આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક સ્થળ મણી મંદિર તથા ગ્રીન ચોક ખાતે ડાયનેમિક લાઈટિંગ નાખવાની પ્રક્રિયા પૂર્ણ કરી એજન્સીને વર્ક ઓર્ડર પણ આપવામાં આવ્યો છે. આ કામ પૂર્ણ થયા બાદ આ સ્થળો વધુ આકર્ષક બનશે.

# વાંકાનેરના જામસર ગામે વીજ શોકથી દાઝી ગયેલા પ્રૌઢનું મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના જામસર ગામે વાડીમાં વીજ તાર તૂટી પડતા વીજ શોક લાગવાથી ૫૭ વર્ષીય ખેડૂતનું કરુણ મોત નિપજ્યું હતું. વાંકાનેર તાલુકાના જામસર ગામે રહેતા વાઘજીભાઈ શીવાભાઈ દેલવાડિયા ઉવ.૫૭ તેઓ પોતાના દીકરા જયદેવભાઈ ઉવ.૨૪ સાથે ગામની સીમમાં આવેલી પોતાની વાડી પર હતા. આ દરમિયાન વાડીમાં નીરણ સળગતા તેને ઓલવવા જતા વાડીમાંથી પસાર થતી જી.ઈ.બી.ની ત્રણ તારની વીજ લાઈનમાંથી એક તાર તૂટી નીચે પડી ગયો હતો. જે તૂટી ગયેલ વાયર ઉપર વાઘજીભાઈનો પગ આવતા તેમને જોરદાર વીજ શોક લાગ્યો હતો, જેના કારણે તેઓ ગંભીર રીતે દાઝી જતા મોત નિપજ્યું હતું. પિતાને બચાવવા માટે દોડી આવેલા તેમના પુત્ર જયદેવભાઈને પણ વીજ શોક લાગતા તેઓ બેભાન હાલતમાં પડી ગયા હતા. ત્યારબાદ તેમને તાત્કાલિક સારવાર માટે રફાળેશ્વર સ્થિત એપેક્ષ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# વૃદ્ધાએ ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરમાં આત્મહત્યાનો વધુ એક બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ ડીવાઈન પાર્ક સત્ય-બી એપાર્ટમેન્ટ, ફ્લેટ નંબર ૩૦૧માં રહેતા સવિતાબેન છગનભાઈ પાંચોટીયા ઉવ.૭૫એ પોતાના એપાર્ટમેન્ટના ધાબા પર આવેલી ઓરડીમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મોરબી સરકારી હોસ્પિટલમાં ફરજ ઉપર હાજર મેડિકલ ઓફિસર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોત દાખલ કરી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# જી.કે. હોટલમાં ભીષણ આગની મોકડ્રીલમાં તંત્ર 'ફૂલપાસ'

## મનપા ફાયર ટીમે ૧૫ વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટીની આપી તાલીમ – સમાજવાડીમાં કરાયું ફાયર સેફ્ટી ચેકીંગ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન અને ઈમરજન્સી શાખા દ્વારા શહેરમાં આપત્તિ સમયે ઝડપી પ્રતિસાદ આપવા માટે મોકડ્રીલ યોજાઈ હતી. ત્રાજપર ચોકડી નજીક આવેલી જી.કે. હોટલના સંચાલક દ્વારા હોટલમાં આગ લાગવાની અને પ્રથમ માળે ગેસ્ટ ફસાઈ ગયા હોવાનો ઈમરજન્સી કોલ ફાયર વિભાગને કરવામાં આવ્યો હતો. કોલ મળતા જ મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ફાયર ફાઈટીંગની કામગીરી હાથ ધરી આગ પર કાબૂ મેળવ્યો હતો. સાથે સાથે પ્રથમ માળે ફસાયેલા ગેસ્ટને રેસ્ક્યુ કરીને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ તંત્ર દ્વારા આ સમગ્ર કાર્યવાહી મોકડ્રીલ હોવાનું જાહેર કરતા હોટલ સ્ટાફ તેમજ હાજર લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ મોકડ્રીલ બાદ ફાયર વિભાગની ટીમ દ્વારા હોટલના સ્ટાફ તથા ત્યાં હાજર શહેરીજનોને ફાયર સેફ્ટી અંગે માહિતી અને તાલીમ આપવામાં આવી હતી.





આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકાની ફાયર શાખા દ્વારા તા.૨૪ ફેબ્રુઆરી થી ૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન એક શાળામાં ૧૫ વિદ્યાર્થીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે પ્રિવેન્શન અભિયાન અંતર્ગત સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઈન્ડસ્ટ્રીઝ જેવી બિલ્ડિંગમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ફાયર એનઓસી ન ધરાવતા બિલ્ડિંગોને નોટીસ આપીને જરૂરી સૂચનો અને માર્ગદર્શિકા પણ આપવામાં આવી હતી. અગાઉ આપેલી નોટીસના પગલે ૧૮૯ કોમ્પ્લેક્ષ અને ૩૮ સમાજવાડીમાં ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવી છે અથવા તેની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત ફાયર સેફ્ટી મંજૂરી માટે આવેલી બે અરજીઓને આર.એફ.ઓ. કચેરીમાં ફોરવર્ડ કરવામાં આવી છે.કોઈપણ આપત્તિ અથવા આગ લાગવાની ઘટનામાં નાગરિકો મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના ફોન નં. (૦૨૮૨૨) ૨૩૦૦૫૦, ૧૦૧ અને ૧૧૨ પર સંપર્ક કરી શકે છે. તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉંચી માંડલ ગામે કેનાલથી શ્રમિકનો ૨૪ કલાક બાદ મૃતદેહ મળ્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામ નજીક કેનાલમાં ડૂબી ગયેલા યુવાન શ્રમિકનો મૃતદેહ મોરબી ફાયર અને રેસ્ક્યૂ ટીમે ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૧૨ કંટ્રોલ રૂમમાંથી મોરબી ફાયર કંટ્રોલ રૂમને રેસ્ક્યૂ કોલ મળ્યો હતો કે ઉંચી માંડલ ગામ નજીક એક યુવાન કેનાલમાં ડૂબી ગયો છે. કોલ મળતા જ મોરબી ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને શોધખોળ કામગીરી હાથ ધરી હતી. સતત ચાલેલી શોધખોળ અને ભારે જહેમત બાદ અંદાજે ૨૪ કલાક પછી કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે મૃતકની ઓળખ મુજબ સુરેશભાઈ અત્તરસિંગ ગુજ્જર ઉવ.૨૧ રહે.મૂળ રાજસ્થાન રાજ્યના દોલપુર જિલ્લાના બાડી તાલુકાના મેદપુરા ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ફાયર બ્રિગેડની ટીમે મૃતદેહ બહાર કાઢી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલમાં દુકાન ખાલી કરવાના મામલે વિપ્ર યુવાન અને તેના મિત્ર પર ઘાતક હુમલો

**ધોકા અને પાઈપ વડે માર મારતા બંને ગંભીરઃ સુત્રધારના ફ્લેટ પરથી દારૂ–બિયર મળ્યો**

**એસ.પી.વિજયસિંહ ગુર્જર દોડી ગયાઃ બીટુ જાડેજાના ત્રણ સાગ્રીતની ધરપકડ**

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં ગત રાત્રીનાં કૈલાશ કોમ્પ્લેક્ષ પાસે નાનીબજાર માં નોવેલ્ટી ની દુકાન ચલાવતાં વિપ્ર યુવાન અને તેનાં મિત્ર પર ચાર શખ્સોએ લોખંડ નાં પાઈપ તથા ધોકા વડે હુમલો કરી માર મારતા બન્ને યુવાનો ને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.બાદ માં વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલ ખસેડાયાં છે.

બનાવનાં પગલે એક્શન મોડ પર આવેલી પોલીસે મોડી રાતે બીટુ જાડેજા નાં ફ્લેટ પર દરોડો પાડ્યો હતો.જ્યાંથી વિદેશી દારુનો જથ્થા સાથે ત્રણ શખ્સોની અટક કરી હતી. પોલીસે નાશી ગયેલા હુમલાખોરને પકડવાં ટીમ બનાવી તપાસ ગતિમાન કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ભોજરાજ પરા શેરીનં.૧૬ માં રહેતા અને નાનીબજાર માં કલાનિકેતન નામે નોવેલ્ટી નો ધંધો કરતાં ગૌરવભાઈ ભરતભાઈ જોશી ઉ.૩૮ ગત રાત્રીનાં સાડા નવ નાં સુમારે કૈલાશ કોમ્પ્લેક્ષ પાસે તેના મિત્ર હરદિપભાઈ માંડલીયા સાથે બેઠાં હતાં ત્યારે ઈનોવા કાર માં ધસી આવેલા બીટુભા જાડેજા, તેનો પિતરાઈ ભાઈ તથા બે અજાણ્યાં શખ્સોએ પાઈપ તથા ધોકા વડે હુમલો કરતા ગૌતમભાઈ નાં બન્ને હાથ પગ ભાંગી ગયા હતા.ગૌરવભાઈ ને બચાવવા વચમાં પડેલાં તેનાં મિત્ર હરદિપભાઈ ને પણ ધોકા પાઈપ નાં ઘા લાગતાં હાથ માં ફ્રેક્ચર થયુ હતું.બન્ને ને તુરંત ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડાયા હતાં.

બનાવ અંગે ગૌરવભાઈ જોશી એ એ'ડિવીઝન પોલીસ માં કરેલી ફરિયાદ માં જણાવ્યું કે બીટુ જાડેજાએ નાનીબજાર માં આવેલી મારી પાઘડી પાનાની દુકાન ની આજુબાજુ ની ત્રણ દુકાન ખાલી કરાવી વેંચાણ કરેલું હતું. મારી દુકાન પણ બળજબરી થી ખાલી કરાવી પચાવી પાડવાં માંગતા હોય પોતે દુકાન માં વેપાર ધંધો કરતા હોય ખાલી કરવા ની ના પાડતાં મારી નાખવા નાં ઈરાદે પાઈપ તથા ધોકા થી હુમલો કર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યાં મુજબ ગત રાત્રે ગૌરવભાઈ તથા તેના મિત્ર ભુપતભાઈ ગુંદાળા દરવાજા પાસે પેટ્રોલ પંપ સામે આવેલી પરાગ પાન ની દુકાને ઉભા હતાં.ત્યારે સ્કુટર માં આવેલા બીટુ જાડેજા તથા તેના પિતરાઈ એ ગૌરવભાઈ ને ધમકાવી કહેલ કે તારાં બાપને કાલ થી દુકાને બેસવા નથી દેવો.આ રમયે ગૌરવભાઈ એ કહેલ કે કાલ ની વાત કાલે.

દરમિયાન બીટુ જાડેજા અને તેનો પિતરાઈ ઉશ્કેરાઈ જઈને મુંઢમાર માર્યો હતો.બાદ માં બન્ને શખ્સો ત્યાંથી ચાલ્યા ગયા હતાં.ત્યારબાદ ભુપતભાઈ ગૌરવભાઈ ને લઈ કૈલાશ કોમ્પ્લેક્ષ પંહોચ્યાં હતાં.જ્યાં તેમનો અન્ય મિત્ર હરદિપભાઈ આવી જતા ત્રણેય બેઠાં હતાં.થોડાં સમય બાદ ઈનોવા કાર માં ધસી આવેલાં બીટુ જાડેજા તેનાં પિતરાઈ તથા બે શખ્સોએ હુમલો કર્યો હતો.

ખાનગી હોસ્પિટલે દોડી આવેલાં પીઆઈ. એલ.આર.ગોહિલ, જે.પી રાવ સહિત પોલીસ કાફલાએ હુમલાખોરોને ઝડપી લેવાં ચક્રો ગતિમાન કર્યા હતાં. બનાવની ગંભીરતાને લઈને એસપી.વિજયસિંહ ગુર્જર પણ ગોંડલ દોડી આવ્યા હતાં.અને બનાવ ની વિગતો જાણી હુમલાખોરોને તાકીદે જડપી લેવાં સુચના આપી હતી.

દરમિયાન પોલીસે મોડી રાતે બીટુ જાડેજાને જડપી લેવા રેલ્વેસ્ટેશન પાસે આવેલા શ્રીનાથ એપાર્ટમેન્ટ નાં તેનાં ફ્લેટ પર બી'ડિવિઝન પોલીસે છાપો મારતા રુ.૭૮૨૬ ની કિંમત નો વિદેશી દારુ તથા બિયરનાં જથ્થા સાથે વિવેક ઉર્ફે બંટી ભરતભાઈ જોશી, કરણ અરવિંદભાઈ સાદરાણી તથા કેતન લલીતભાઈ શાહ મળી આવતા તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ફ્લેટ પરથી બીટુ જાડેજા મળી આવેલ ન હતો.

પોલીસ સુત્રોનાં જણાવ્યાં મુજબ બીટુ જાડેજાની ઓફિસ માંથી દારુનો જથ્થો તેના ફ્લેટ પર સગેવગે કરાઈ રહ્યો હતો. ત્યારે જ પોલીસ પંહોચી ગઈ હતી.પકડાયેલા ત્રણેય શખ્સો બીટુ જાડેજાનાં માણસો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## હુમલાના ઘેરા પ્રત્યાઘાતઃ બ્રહ્મસમાજે ઘટનાને વખોડી

ગોંડલમાં ધુળેટી પર્વની રાતે વિપ્ર યુવાન ગૌરવભાઈ જોશી ઉપર ચાર શખ્સોએ લોખંડ નાં પાઈપ તથાં ધોકા વડે કરેલાં ઘાતક હુમલા નાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

સમસ્ત બ્રહ્મસમાજ નાં ચેરમેન ગીરીશભાઈ રાવલ,પ્રમુખ જીતુભાઈ આચાર્ય, ઉપપ્રમુખ રાજુભાઈ મહેતા,મહામંત્રી યોગેન્દ્રભાઈ જોશી, પારસભાઈ જોશી,દિલીપભાઈ વ્યાસ, જીતુભાઈ પંડ્યા,વિશાલભાઈ મહેતા,નિખિલભાઈ જોશી સહિત આગેવાનોએ વિપ્ર પરનાં હુમલાને વખોડી કાઢી ઘટના ની નીંદા કરી હતી.ઘટના અંગે રોષ ઠાલવ્યો હતો.રાજકોટ હોસ્પિટલે દોડી જઈ સાંત્વના પાઠવી હતી.



યુવા અગ્રણી ગણેશભાઈ અને ભાજપ અગ્રણીઓ હોસ્પિટલે દોડી જઈ મદદની આપી ખાતરી

ધારાસભ્ય નાં પ્રતિનિધિ અને યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા,યાર્ડ નાં વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા,શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા એ પણ વિપ્ર યુવાન નાં હુમલાને વખોડી કાઢી હુમલાનો ભોગ બનનાર ગૌરવભાઈ જોશી ને હોસ્પિટલ પર દોડી જઈ સાંત્વના આપી હતી.ગણેશભાઈ જાડેજાએ ગૌરવભાઈ તથા તેમનાં પરીવાર ને દિલાસો આપી ન્યાય અપાવવા તથા તમામ મદદની ખાત્રી આપી આવાં વિકટ સમયે બૃમ્હ પરીવાર ની સાથે હોવાની ધરપત આપી હતી.

# ગઢડાના ઉમરડા ગામે વિદેશી દારૂ ભરેલો ટ્રક પકડાયો

**૮૭૮૪ દારૂની બોટલ સાથે રૂ.૫૨.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોની ધરપકડ**

**અબતક, વિપુલ ગોહિલ, બોટાદ**



બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાં દારૂની બધી નેસ્ટ નાબૂદ કરવાની સૂચના આપવામાં આવેલ હોય તે મુજબ એલસીબીના પીઆઈ એમ.જી.જાડેજા,પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ કે.એન.પટેલ તેમજ એલસીબી સ્ટાફના જયરાજભાઈ ખાચર,વનરાજભાઈ બોરીચા, જયેશભાઈ ધાંધલ,ભાવેશભાઈ શાહ,રસિકભાઈ ગળથરા, પરબતસિંહ ડોડીયા,ધનશ્યામભાઈ ધરજીયા, અશ્વિનભાઈ મકવાણા સહિતના પોલીસ સ્ટાફના માણસોએ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ગઢડા તાલુકાના મોટા ઉમરડા ગામ નજીકથી વિદેશી દારૂ ભરેલો એક ટ્રક ઝડપી પાડયો છે. પોલીસે ટ્રકમાંથી ૮૭૮૪ દારૂની બોટલ રૂ.૨૭.૪૦ લાખ અને ટ્રક સહિત કુલ રૂ.૫૨.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે અમરેલીના બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. બોટાદ એલસીબીને બાતમી મળી હતી કે, વિદેશી દારૂનો જથ્થો ભરેલો એક ટ્રક ભાવનગરથી અમરેલી તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે મોટા ઉમરડા ગામ પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબનો ટ્રક આવતા પોલીસે તેને રોક્યો હતો અને તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ટ્રકમાંથી રૂ.૨૭.૪૦ લાખની કિંમતની ૮૭૮૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.પોલીસે દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૫૨.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પોલીસે અમરેલીના રાકેશ ભીમજીભાઈ મોરી અને કિશન સુરેશભાઈ દવે નામના બે શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલીઃ ઉર્જામંત્રી કૌશિક વેકરિયાના હસ્તે રૂ.૩.૨૫ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત

## કુંકાવાવના ૪૫ ગામોમાં તળાવો ઊંડા કરાશે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**



અમરેલી જિલ્લાના અમરેલી-કુંકાવાવ-વડિયા તાલુકામાં જળસંચય અને સિંચાઈ સુવિધા સુદ્રઢ કરવાના હેતુથી રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા આશરે રૂ. ૩.૨૫ કરોડ થી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી જિલ્લામાં વિકાસને વેગ મળી રહ્યો છે, ત્યારે આજે ૩.૨૫ કરોડના કામોના ખાતમુહૂર્ત રાજ્યમંત્રીએ કર્યા છે, જેમાં

સાંથળી રૂ. ૫૯.૯૦ લાખના ખર્ચે 'ભુખલી સાથળી ચેકડેમ'નું નિર્માણ, ખડખડ રૂ. ૫૭.૩૨ લાખના ખર્ચે ચેકડેમ, તરઘરી રૂ. ૩૫.૫૮ લાખના ખર્ચે ચેકડેમ, માંગવાપાળ વડી ઈરીગેશન યોજના હેઠળ રૂ. ૫૯.૩૩ લાખના ખર્ચે , મોટા આંકડિયા રૂ. ૧.૧૩ કરોડના ખર્ચે હયાત તળાવ ઊંડુ કરવાની કામગીરીનો શુભારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જળસંચયને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. કુંકાવાવ-વડિયા તાલુકાના ૪૫ ગામોમાં ગામદીઠ ૬૦૦ કલાક સુધી તળાવો ઊંડા કરવાની કામગીરી હાથ ધરાશે. આ ભગીરથ કાર્ય માટે તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

જળસંચયના કામોની સાથે મંત્રીએ તરઘરી ગામે નવનિર્મિત પંચાયત ઘર અને સ્માર્ટ આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. ગામલોકોને શુદ્ધ પાણી માટે ૨૫૦ જેટલા સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ દ્વારા ગ્રામજનોને અત્યંત નજીવા દરે ફિલ્ટર્ડ પાણી ઉપલબ્ધ થશે.

આ કાર્યક્રમમાં કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખ પરશોત્તમભાઈ હીરપરા, અતુલભાઈ કાનાણી, રણજીતભાઈ વાળા, સ્થાનિક સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ તરઘરીના જાગૃત સરપંચ રમાબહેન હીરપરાની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીમાં ૪૦૦ નાના વેપારીઓને ગુજરી બજાર માટે કાયમી જગ્યા આપવા માંગ

**રવિવારી બજારની વારંવાર બદલાતી જગ્યાની મુશ્કેલી નિવારણ કલેકટરને અપાયું આવેદન**

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**



અમરેલીમાં દર રવિવારે ભરાતી ગુજરી બજારમાં ૪૦૦ થી વધુ વેપારીઓ પેટીયું રળે છે શહેરમાં ગુજરી બજારની કોઈ કાયમી જગ્યા ન હોવાથી વારંવાર બજારનું સ્થળ ફેરવવામાં આવે છે. વેપારીઓને કાયમ ઉચાટમાં રહેવું પડતું હોવાથી ગુજરી બજાર માટે કાયમી જગ્યા ફાળવવા કલેકટર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

અમરેલી શહેરમાં દર રવિવારે ભરાતી રવિવારી બજારના નાના વેપારીઓ દ્વારા પોતાની પડતર માંગણીઓ અને રોજીરોટીના પ્રશ્ને અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજને એક આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી છે.

અમરેલીમાં ભરતી આ બજારમાં આસપાસના ગામડાના અને શહેરના અંદાજે ૪૦૦ જેટલા નાના વેપારીઓ બુટ ચંપલ, કટલેરી અને રેડીમેડ કપડાં વેચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. અગાઉ આ વેપારીઓ રામજી મંદિરની આગળના બજારમાં બેસતા હતા. ત્યારબાદ નગરપાલિકા દ્વારા તેમને ગર્લ્સ સ્કૂલ સામેના પાર્કમાં જગ્યા ફાળવવામાં આવી હતી, પરંતુ હાલ ત્યાં પણ મુશ્કેલીઓ પડી રહી છે. તહેવારોના સમયે બહારથી આવતા વેપારીઓ અને અન્ય સ્ટોલધારકોને કારણે રવિવારી બજારના કાયમી નાના વેપારીઓને બેસવાની જગ્યા મળતી નથી, જેના કારણે તેમનો વ્યવસાય ખોરવાય છે.

વેપારીઓએ માંગ કરી છે કે તેમની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને રવિવારે બજારમાં ધંધો કરવાની છૂટ આપવામાં આવે અને તેમને કાયમી જગ્યા ફાળવવામાં આવે જેથી તેઓ ગૌરવભેર પોતાનો વ્યવસાય કરી શકે તેવી માંગ સાથે આજે અમરેલી નાના વેપારીઓ દ્વારા અમરેલી કલેક્ટર કચેરીએ લેખિત રજૂઆત કરી છે.

આ આવેદનપત્રની મારફત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સાંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસરને પણ મોકલીને યોગ્ય નિરાકરણ લાવવા વિનંતી કરવામાં આવી છે.

# દસાડામાં છેડતી મામલે થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી પરિવાર પર હુમલો

**આઠથી વધુ શખ્સો હથિયાર વડે તૂટી પડતાઃ પાંચ ઘાયલ**

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં મારામારી અને હુમલાના બનાવો વધી રહ્યા છે ત્યારે દસાડામાં એક પરિવાર પર અગાઉ સગીરાની છેડતી બાબતે થયેલ ઝઘડાનું મનદુઃખ રાખી અંદાજે ૦૮ થી વધુ શખ્સો દ્વારા તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક મહિલા સહિત ૦૫ થી વધુ વ્યક્તિને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આ બનાવ અંગે ભોગ બનનાર ફરિયાદ લખાવવા જઈ રહ્યા હતા તે દરમિયાન બીજી વખત પણ શખ્સો દ્વારા દસાડા પોલીસ મથક પાસે પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. જે બનાવમાં દસાડા પોલીસે એક વ્યક્તિને ડિટેઈન કરી વધુ તપાસ હાથ ધરી છે તેમજ પ્રાથમિક તપાસમાં સગીરાના સંબંધીઓ પર હુમલો કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું.

# ધોરાજીના ભુખી ગામે ઉપસરપંચે વૃદ્ધ ખેડૂતને લાફા ઝીંક્યા, પાઈપ વડે માર માર્યો

**તારી વાડીએથી ઝટકા મશીન કાઢી નાખજે અને વરસાદનું પાણી પણ મારા ખેતરમાં આવું ન જોઈએ કહી વૃદ્ધને ધમકાવ્યા**

**અબતક, રાજકોટ**

ધોરાજી તાલુકાના ભુખી ગામે રહેતા વૃદ્ધ ખેડૂતને ગામના ઉપસરપંચે લાફા અને પાઈપ વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ધોરાજી તાલુકાના ભુખી ગામે રહેતા દિલાવરસિંહ છોટુભા રાયઝાદા (ઉ.વ. ૬૧) નામના વૃદ્ધે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભૂખી ગામના ઉપસરપંચ કરશન નાનાભાઈ કોડીયાતરનું નામ આપ્યું છે. વૃદ્ધે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ તા. ૪ ના બપોરના દોઢ બે વાગ્યા આસપાસ તેઓ ઘરેથી લીમડા ચોકમાં જતા હતા. દરમિયાન ઉપસરપંચ કરસન કોડીયાતર અહીં વડવાળા પાન પાસે બેઠા હતા અને તેણે કહ્યું હતું કે, તું અહીં આવતો જેથી વૃદ્ધ તેની પાસે જતા ઉપસરપંચે કહ્યું હતું કે, મારે તને મારવો છે જેથી વૃદ્ધે કહ્યું હતું કે મારો શું વાંક? આ સાંભળી ઉપસરપંચે કહ્યું હતું કે તું તારી વાડીએ ન આવતો નહીંતર તને મારી નાખીશ આમ કહી માથાકૂટ કરવા લાગતા ફરિયાદીના ભત્રીજા હરદીપસિંહ આવી જતા છૂટા પાડ્યા હતા અને સમાધાન કરાવ્યું હતું.

બાદમાં પોણા છ વાગ્યા આસપાસ વૃદ્ધ ભુખી ગામથી ધોરાજી દૂધ લેવા માટે જતા હતા ત્યારે પુલ પાસે પહોંચતા ઉપસરપંચ કરશે મોટરસાયકલની સાઈડ કાપી તેનું વાહન આડુ ઊભું રાખી દીધું હતું. સરપંચે દારૂ પીધો હોય તે ફરિયાદીને ગાળો ભાંડી કહ્યું હતું કે, તને મારે અત્યારે મારી નાખવો છે જેથી ફરિયાદીએ ભત્રીજા હરદીપસિંહને વીડિયો કોલ કર્યો હતો. આ દરમિયાન સરપંચે તેને બે-ત્રણ લાફા મારી દીધા હતા અને પાઈપ મારવા જતા આડો રાખી દીધો હતો. બાદમાં ઉપસરપંચ કરસન કોડીયાતરે કહ્યું હતું કે તારી વાડીએથી ઝટકા શોટ કાઢી નાખજે અને વરસાદનું પાણી પણ મારા ખેતરમાં આવું ન જોઈએ દરમિયાન અહીં લોકો એકત્ર થઈ જતા આરોપી અહીંથી નાસી ગયો હતો. બાદમાં વૃદ્ધ ખેડૂતે ફરિયાદ નોંધાવતા પોલીસે ધમકી મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# અમરેલીના નવા ખીજડીયામાં બિમારીથી કંટાળી પ્રૌઢનો આપઘાત

**ઘંઉમાં નાખવામાં ટીકડા પી જીવન ટુંકાવી લેતા પરિવારમાં અરેરાટી**

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીના નવા ખીજડીયા ગામે ઘટના સામે આવી છે. છેલ્લા બે વર્ષથી માનસિક અસ્વસ્થતા અનુભવતા એક ૪૫ વર્ષીય પ્રૌઢે ઘઉંમાં નાખવાની ઝેરી દવાના ગળી લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

અમરેલીના નવા ખીજડીયા ગામમાં નિશાળ પાછળ પ્લોટ વિસ્તારમાં રહેતા વિઠ્ઠલભાઈ મુળજીભાઈ કણક (ઉં.વ. ૪૫). છેલ્લા બે વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. બીમારીના કારણે તેઓ અવારનવાર મારે મરી જવું છે, મારે સુસાઈડ કરવો છે તેવું રટણ કરતા હતા. આ માનસિક તણાવમાં આવી જઈને તેમણે ગત ૧માર્ચના ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લીધા હતા. જે બાદ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું અવસાન થયું હતું.

આ બનાવ અંગે મૃતકના ભાઈ મુકેશભાઈ એ પોલીસને જાણ કરી છે. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરના ઢોકળવા ગામે મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલ્યો

**જસદણનો નવઘણ ડાભી મહિલા સાથે એલસીબીએ ઝડપી લીધોઃ રૂા.૧.૭૯ લાખનો મુદ્દામાલ કબ્જે**

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં ઘરફોડ તેમજ મંદિરમાં ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે ચોટીલા તાલુકાના ઢોકળવા ગામે થોડા દિવસો પહેલા મંદિરમાં ચોરીનો બનાવ બન્યો હતો જે અંગે આણંદપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેને ધ્યાને લઈને પોલીસે તપાસ હાથ ધરી હતી.

જેમાં એલસીબી પોલીસે હ્યુમન અને ટેકનિકલ સોર્સની મદદથી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે અને મંદિરમાંથી ચોરી થયેલ ચાંદીના દાગીના કિંમત રૂ.૬૯,૦૦૦, કાર કિંમત રૂ.૦૧ લાખ અને મોબાઈલ સહિત કૂલ રૂ.૧.૭૯ લાખના મુદામાલ સાથે નવઘણભાઈ હરિભાઈ ડાભી રહે.જસદણ અને એક મહિલા સહિત ૦૨ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ઝડપાયેલ શખ્સને આણંદપુર પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

# થાનઃ દારૂના ગુનામાં વોન્ટેડ બે બુટલેગર ઝડપાયા

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ દ્વારા જીલ્લામાં અલગ અલગ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે પેટ્રોલિંગ દરમિયાન હ્યુમન અને ટેકનિકલ સોર્સની મદદ થી થાન પોલીસ મથકના પ્રોહીબીશનના અલગ અલગ બે ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપી ચેતનભાઈ પ્રેમજીભાઈ કાણોતરા, રહે.મોરથળા વાળાને પોતાના ગામમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડીયાના તોરી ગામે યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**વતનમાં યોજાતા મેળામાં જવાની પરિવારે ના કહેતા લાગી આવતા પગલું ભર્યું**

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

વડીયા તાલુકાના તોરી ગામની સીમમાં ખેત મજૂરી કરતા યુવતીએ વતનમાં મેળામાં જવા બાબતે મનદુઃખ થતા ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે.

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપૂરના વતની અને હાલ વાડિયા તાલુકાના તોરી ગામે ભીખુભાઈ મનુભાઈ કાકડીયાની વાડીએ ખેત મજૂરી કરતા ગજરીયા ખેલસિંહ અજનાર (ઉ.વ.૨૫) નામની યુવતીએ ગઈ કાલે સવારના તેના વતનમાં યોજાતા મેળામાં જવું હતું. જોકે, તેના પરિવારે ખેતીની સીઝન પૂરી થયા પછી જવાનું કહેતા તેને મનોમન લાગી આવ્યું હતું. આ સામાન્ય બાબતે માઠું લાગી આવતા વાડીમાં આવેલ લીમડાના ઝાડ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે મૃતકના ભાઈ ધ્યાનસિંહ ખેલસિંહ અજનાર (ઉ.વ.૨૯) એ વડીયા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે બનાવ અંગે આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગરના શાપર ગામે વીજ કંપનીની બંધ ઓફિસમાંથી દારૂ ઝડપાયો

## સિક્કા પોલીસે દરોડો પાડી ૩૩૬ બોટલ દારૂ સાથે અજયસિંહ ઉર્ફે લાલાની ધરપકડ

**અબતક**
**સાગર સંઘાણી, જામનગર**

જામનગર-ખંભાળિયા હાઈવે પર શાપર ગામમાં વીજ કંપનીની બંધ પડેલી પડતર ઓફિસમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની બાતમી પરથી પોલીસે પાડેલા દરોડામાં ૩૩૬ ચપલા સાથે શાપર ગામનો એક શખ્સ ઝડપાઈ ગયો છે. જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા બેડ ગામથી આગળ શાપર ગામ નજીક એક પડતર મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સિક્કા પોલીસ સ્ટેશનના સ્ટાફે ગઈરાત્રે શાપરમાં જીઈબીની બંધ પડેલી પડતર ઓફિસમાં દરોડો પાડ્યો હતો.

આ ઓફિસમાં તલાશી લેવાતા ત્યાંથી અંગ્રેજી દારૂના ૩૩૬ ચપલા મળી આવ્યા હતા. આ જથ્થા સાથે શાપર ગામના અજયસિંહ રણજીતસિંહ જાડેજા ઉર્ફે લાલા નામના શખ્સની ધરપકડ કરાઈ છે. પોલીસે દારૂનો જથ્થો, એક મોબાઈલ મળી કુલ રૂ.૭૨૨૦૦ નો મુદ્દામાલ કબજે લીધો છે.

# જામનગર જેલમાં કેદીઓના ટકા પ્રકરણમાં માહિતી આપ્યાના ખુલાસાથી મામલો ગરમાયો !

## આરટીઆઈની અપીલમાં આયોગે જેલ પ્રસાશને માહિતી આપવાનો કર્યો હુકમ

**અબતક,**
**સાગર સંઘાણી, જામનગર**

જામનગરની જિલ્લા જેલમાં કેદીઓને ટકા કરવા સહિતની જુદી જુદી ૧૫ જેટલા મુદ્દાઓ સાથેની માહિતી જામનગરના એક એડવોકેટ દ્વારા માંગવામાં આવી હતી, અને તે સંદર્ભમાં આયોગ સમક્ષ ફરિયાદ અરજી પણ કરાઈ હતી. જેમાં જેલ તંત્ર દ્વારા તમામ ૧૫ મુદ્દાઓની માહિતી સમયસર આપી દીધી હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે.

જામનગર જેલમાં કેદીઓના ટકા કરી નાખ્યા અંગે ની વાત ચર્ચાતાં તથા અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં, આર.ટી.આઈ. એકટીવીસ્ટ એડવોકેટ ગૌતમ ગોહીલ એ તા. ૫-૮-૨૫ ના રોજ જામનગર જેલ ના જેલર ને અરજી કરી માહીતી માંગી હતી.

પરંતુ તેઓએ માહિતી આપવામાં આવી ન હોવાનું જણાંવી જેલ સુપ્રી-ટેન્ડેન્ટને અપીલ કરી હતી, ત્યાર બાદ કલમ ૧૮(૧) મુજબ આયોગ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી , જેની સુનાવણી જામનગર માં કલેકટર કચેરી ખાતે વિડીયો કોન્ફરન્સ થી રાખવા માં આવી હતી. જેમાં એડવોકેટ ગૌતમ ગોહિલ, જેલર અને જેલ સુપ્રીન્ટેડેન્ટ વગેરે હાજર રહ્યા હતા, અને ૧૫ દિવસમાં માહીતી પુરી પાડવાનો હુકમ થયો હતો. આ મામલે જેલ પ્રશાસન દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે, અને એડવોકેટ દ્વારા માંગવામાં આવેલી અલગ અલગ ૧૫ જેટલા મુદ્દાઓ સાથે માહિતી મોકલી દેવામાં આવી હોવાનો ખુલાસો કરાયો છે.

# જામનગરના રામેશ્વરનગરમાં નજીવી બાબતે યુવાન પર હુમલો

## તું અમારી વાતો શું કામ કરે છે તારે આ વિસ્તારમાં રહેવુ નથી લાગતું તેમ કહી તલવાર ઝીંકી

**અબતક**
**સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતો મોહસીન રહીમભાઈ ઠેબા નામનો ૩૨ વર્ષનો સંધિ યુવાન ગઈકાલે માટેલ ચોકમાં એક પાનની દુકાને પાન ખાવા માટે ઊભો હતો, જે દરમિયાન ઈન્દ્રજીતસિંહ જયેન્દ્રસિંહ તેમજ મિતરાજસિંહ જયેન્દ્રસિંહ નામના બે શખ્સો તલવાર સાથે ધસી આવ્યા હતા, અને તું અમારી વાતો શું કામ કરે છે, તારે આ વિસ્તારમાં રહેવું નથી લાગતું. તેમ કહી તકરાર કરી હતી, અને બંને યુવાનોએ પોતાના હાથમાં રહેલી બે તલવારો વડે હુમલો કરી દીધો હતો.

ત્યારબાદ તેઓના સાથે જયેન્દ્રસિંહ ઉર્ફે જયુભા, રાજ અને વીરુ વગેરે લોખંડના પાઈપ ધોકા લઈ ને ધસી આવ્યા હતા, અને તેઓએ પણ હુમલો કરી દેતાં ફ્રેક્ચર સહિતની ઈજા થવાથી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે, અને હાલ દાખલ છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત મોસીન રહીમભાઈ ઠેબા એ પોતાના ઉપર તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો કરવા અંગે ઉપરોક્ત પાંચેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતાં સીટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. એસ.જી. કેશવાલા સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરના મેઘપર ગામની ઓરડીમાંથી યુવાનનો મૃતદેહ સાંપડયો

## પોલીસે મોતનું કારણ જાણવા અને ઓળખ મેળવવા તપાશ આદરી

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મેઘપર ગામની ઓરડીમાંથી અજાણ્યો યુવાન મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો છે. પોલીસે મૃતકની ઓળખ મેળવવા તજવીજ શરૂ કરી છે.

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા મેઘપર ગામ સામે ક્રિષ્ના યુ.પી. ઢાબા પાછળ પોલાભાઈ નામના આસામીએ બનાવેલી ઓરડીઓમાં ૫૧ નંબરની ઓરડીમાં રહેતા પચ્ચીસેક વર્ષના એક અજાણ્યો યુવાન ગઈકાલે સાંજે મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો છે.

આ બાબતની મૂળ ખંભાળિયા શહેરના જોધપુર નાકા પાસે ના વતની અને હાલમાં તે ઓરડીઓમાં બી-૧૫ માં રહેતા દીપકભાઈ કિશોરભાઈ ભટ્ટ ને જાણ થતાં તેઓએ પોલીસને જાણ કરી હતી.

આથી પીઆઈ પી.ટી. જયસ્વાલ તથા સ્ટાફે મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને દીપકભાઈનું નિવેદન નોંધી મૃતદેહને પી.એમ. માટે ખસેડ્યો હતો.અને. આ યુવાન ની ઓળખ કરવા તજવીજ શરૂ કરી છે.

# જામનગરમાં ધૂળેટી રમ્યા પછી વોટરપાર્કમાં નાહવા જવા મામલે મિત્રો વચ્ચે બઘડાટી

## મિત્રએ કોલેજીયન યુવાન ઉપર છરી વડે હુમલો કર્યો

**અબતક**
**સાગર સંઘાણી, જામનગર**

જામનગરના ભીમવાસ વિસ્તારમાં ધૂળેટી રમી રહેલા ચાર મિત્રો પૈકી વોટરપાર્કમાં નાહવા જવા બાબતે બે મિત્રો વચ્ચે તકરાર થઈ હતી, અને એક કોલેજીયન યુવાન પર તેના જ મિત્રએ છરી વડે હુમલો કરી દેતાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ભીમવાસ શેરી નંબર -૨ માં રહેતો અને કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતો કપિલ મગનભાઈ ગોહિલ કે જે ગઈકાલે ભિમવાસ વિસ્તારમાં પોતાના જ અન્ય મિત્રો ધીરજ સોલંકી ચિરાગ વગેરે સાથે હોળી ધુળેટી માં કલરથી રમ્યો હતો, ત્યારબાદ વોટરપાર્ક માં નાહવા જવા બાબતે બન્ને મિત્રો વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં ધીરજ સોલંકીએ ઉશ્કેરાઈ જઈ કપિલ ગોહિલ પર હુમલો કરી દીધો હતો, અને છાતિના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. જેથી કપિલની છાતિમાં છરી ખુપી ગઈ હતી, અને તેને રિક્ષામાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાં તબીબે તેના શરીરમાંથી છરી કાઢી લીધી હતી, અને ટાંકા લઈને સારવાર કરી આપી હતી. જે હાલ જીજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેણે સામાન્ય બાબતમાં મજાક મસ્તી કરીને પોતાની સાથે તકરાર કરનાર ધીરજ સોલંકી સામે હુમલા ની ફરિયાદ નોંધાવી છે.

# જામનગરના યાદવનગરમાં મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## એલસીબીએ તસ્કરને ઝડપી રૂ.૫૫,૪૧૩ નો મુદ્દામાલ કબ્જે

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમેં તાજેતરમાં યાદવ નગર વિસ્તારમાં એક રહેણાક મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, અને એક તસ્કરને ઝડપી લઈ તેની પાસેથી રૂપિયા ૫૫ હજાર નો ચોરાઉ મુદ્દામાલ કબજે કરી લીધો છે.

જામનગરમાં યાદવ નગર વિસ્તારમાં રહેતા અરસીભાઈ ડાડુભાઈ ડેર નામના આહીર યુવાનના રહેણાક મકાનમાં તાજેતરમાં ચોરી થઈ હતી અને કોઈ તસ્કરો રોકડ રકમ તેમજ સોના ચાંદીના દાગીના વગેરે ઉઠાવી ગયા હતા.

દરમિયાન એલસીબીની ટુકડીએ ચોક્કસ બાતમી ના આધારે ઉપરોક્ત મકાનમાં ચોરી કરનાર જામનગરમાં દિગ્જામ સર્કલ નજીક બાવરીવાસમાં રહેતા ઉદલ કનૈયાભાઈ પરમાર નામના બાવરી શખ્સની અટકાયત કરી લીધી છે. જેની પાસેથી રૂપિયા ૪૩,૪૧૩ ની કિંમતના સોનાના દાગીના ૫,૦૦૦ ની કિંમત ના ચાંદીના દાગીના અને રૂપિયા ૧૨,૦૦૦ ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૫૫,૪૧૩ ની માલમતા કબજે કરી લીધી છે, અને તેની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

# જસદણ: આટકોટ વિરબાઈમાં મંદિરે લંડનના દાતા નાગ્રેચા પરિવારનું સ્વાગત-સન્માન

## રાજકોટ સદભાવના વૃધ્ધાશ્રમમાં ૩૫૯ કરોડના દાતા વિરબાઈ મંદિરના વાતાવરણથી થયા અભિભૂત

**અબતક**
**હિતેષ ગોસાઈ, જસદણ**

જસદણના આટકોટ ગામે આવેલ જલારામબાપાના ધર્મપત્ની વીરબાઈમાં ના મંદિરે તાજેતરમાં ઈંગ્લેન્ડના લંડનમાં વસતા મુળ ભારતીય કુળના દાનવીર નાગ્રેચા પરિવારના સભ્યો દર્શનાથે આવેલ તેઓ વીરભાઈમાની ભૂમિથી ભારે પ્રભાવિત થયા હતા તેમનું મંદિરના ટ્રસ્ટી બિપીનભાઈ જસાણી, સંજયભાઈ પોપટ, ધીરજલાલ મોણસરા, સી કે ઉનડકટ, ભરતભાઈ ઉનડકટ, મંદિર વ્યવસ્થા કમિટીના મનાભાઈ વસંત, રાજુભાઈ વસંત, મેહુલભાઈ ગોંધીયા, ઘનશ્યામભાઈ ખોખરીયા સહિતના લોકોએ નાગ્રેચા પરિવારનું અભૂતપૂર્વ અને ઔતિહાસિક સ્વાગત કર્યું હતું આ તકે નાગ્રેચા પરિવારના પ્રત્યેક સભ્યોએ વીરબાઈમાના દરેક સ્થળોની મુલાકાત લઈ ભારે ધન્યતા અનુભવી હતી લંડનમાં વસતો નાગ્રેચા પરિવાર સૌરાષ્ટ્ર સહિત દેશના અનેક વિસ્તારોમાં હજજારો ગરીબો માટે સદ્દકાર્ય કર્યું છે તેમણે રાજકોટ નજીક સદ્દભાવના વૃધ્ધાશ્રમના નવા બિલ્ડિંગ માટે ૩૫૯ કરોડ રૂપિયાનુ દાન કરી જેમનું કોઈ નથી એવા હજજારો વૃદ્ધજનોને રાહત આપી છે.



# જામનગરના સમર્પણ સર્કલ પાસે હિટ એન્ડ રન, મોટી બહેનની નજર સામે નાની બહેનનું મોત

## રસ્તો ઓળંગી રહેલી બન્ને બહેનોને કારે ઠોકરે લઈ નાસી છુટયા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર સમર્પણ સર્કલ પાસે ગઈકાલે વધુ એક હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. જેમાં રસ્તો ઓળંગી રહેલી બે બહેનોને કારના ચાલકે હડફેટમાં લેતા બંને બહેનો ઈજા ગ્રસ્ત બની હતી. જે પૈકી એક બહેનનું મૃત્યુ નીપજ્યું છે, જ્યારે બીજી બહેન સારવાર હેઠળ છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખેતીવાડી ફાર્મ પાસે એક ઝુપડામાં રહેતી અમરીબેન તુલસીભાઈ મકવાણા નામની ૩૯ વર્ષની મારવાડી યુવતી, કે જે પોતાની નાની બહેન યશોદાબેન નું (ઉ.વર્ષ ૨૫) સાથે સમર્પણ સર્કલ પાસે રસ્તો ઓળંગી રહી હતી, જે દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલી જી.જે. ૧૦ ડી.ઈ. ૭૮૭૬ નંબરની કારના ચાલકે હડફેટમાં લઈ લેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં બંને બહેનો અમરીબેન તથા જશોદાબેન ને ઈજા થઈ હોવાથી તાત્કાલિક અસરથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન યશોદાબેન ને હેમરેજ સહિતની ઈજા થઈ હોવાથી તેણીનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. આ ઉપરાંત ઈજાગ્રસ્ત બનેલી ફરિયાદી અમરીબેન તુલસીભાઈ મકવાણા, કે જેને જી.જી. હોસ્પિટલ ના બીછાને સારુવાર હેઠળ છે, અને તેણી એ પોતાને તથા પોતાની બહેનને ઈજાગ્રસ્ત બનાવી દઈ, નાની બહેનનું મૃત્યુ નીપજાવવા અંગેની ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને સીટી સી. ડિવિઝન ના પી.એસ.આઈ એમ.એમ. ઝાલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## (પહેલા પાનાનું ચાલું) બાંધકામ ઉદ્યોગ...

નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું, ત્યારે તેણે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોને સિસ્મિક ઝોન ૪ માં મૂક્યા હતા. આ ફેરફારને કારણે ઈમારતો માટે વધુ કડક ડક્ટાઈલ ડિટેલિંગ અને ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઈન ફરજિયાત બનાવવામાં આવી હતી.

જોકે, મોટાભાગની સિવિક બોડીઝે આ નવા નિયમોના અમલીકરણ માટે થોડો સમય આપ્યો હતો, પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ ૧૯ જાન્યુઆરીના રોજ એક પરિપત્ર બહાર પાડીને બીઆઈએસના સુધારેલા કોડનું તાત્કાલિક પાલન ફરજિયાત બનાવ્યું હતું અને જૂના કોડ હેઠળ પ્લાન પાસ કરવાનો ઈનકાર કર્યો હતો. આનાથી ડેવલપર્સ માટે મોટી સમસ્યા ઊભી થઈ હતી, કારણ કે એડવાન્સ પ્લાનિંગના તબક્કામાં રહેલા પ્રોજેક્ટ્સ માટે અચાનક ધોરણો બદલવાથી બાંધકામ ખર્ચમાં ૨૦ ટકાનો વધારો થાય તેમ હતો. આ મુદ્દાને કારણે અમદાવાદમાં અંદાજિત ૧૫ મોટા હાઈ-રાઈઝ પ્રોજેક્ટ્સ અટકી ગયા હતા.

ફેબ્રુઆરી ૨૦૨૬માં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આઈએસ ૧૮૯૩:૨૦૨૫ કોડની ટેકનિકલ અને નાણાકીય અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, ત્યારબાદ કેબિનેટ સચિવાલયે દરમિયાનગીરી કરી હતી. કેબિનેટના ઓફિસ મેમોરેન્ડમમાં નોંધવામાં આવ્યું હતું કે આ સુધારાની સીધી અસર મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ સહિત ચાલુ અને ભવિષ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની ડિઝાઈન અને અમલીકરણ પર પડે છે. મેટ્રો શહેરોમાં ચાલુ કાર્યો માટે આની નાણાકીય અસર 30% થી 50% સુધી હોઈ શકે છે અને મેટ્રો રેલ કોર્પોરેશનો સાથે યોગ્ય ચર્ચા કર્યા વિના જ આ કોડ લાગુ કરવામાં આવ્યો હતો.

ક્રેડાઈ અમદાવાદના ચેરમેન રાજેશ વાસવાણીએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે નોટિફિકેશન પાછું ખેંચવાનો નિર્ણય એક આવકારદાયક પગલું છે કારણ કે સંબંધિત પક્ષકારો સાથે ચર્ચા કર્યા વિના જ નવા કોડ તૈયાર કરવામાં આવ્યા હતા. આના અચાનક અમલીકરણથી સ્ટ્રકચરલ એન્જિનિયરો માટે પણ સમસ્યાઓ ઊભી થઈ હતી અને જો આ નવા કોડ લાગુ કરવામાં આવ્યા હોત તો બાંધકામ ખર્ચમાં સીધો ૨૦ ટકાનો વધારો થયો હોત.

## (છેલ્લા પાનાનું ચાલુ) પાંચ આંગળી જેવા નેતાઓ...

નિયુકિત કરાય છે. પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન કમીટીના ચેરમેન પદે જગદીશભાઈ ઠાકોર, વાઈસ ચેરમેન પદે ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને કન્વીનર તરીકે હિંમતસિંહ પટેલની નિયુકિત કરવામાં આવી છે. ચુંટણી ઢંઢેરા સમીતીના ચેરમેન તરીકે ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર વાઈસ ચેરમેન તરીકે રૂત્વીકભાઈ મકવાણા અને કન્વીનર તરીકે ડો. મનીષભાઈ દોશીની વરણી કરવામાં આવી છે.

મીડિયા કમીટીના ચેરમેન પદે ડો. અમીબેન યાજ્ઞીક, વાઈસ ચેરમેનપદે લલીતભાઈ કગથરા અને કન્વીનર તરીકે ગ્યાસુદાનભાઈ શૈખની વરણી કરાય છે. જયારે પબ્લીસીટી કમિટીના ચેરમેન પદે કાદીરભાઈ પીરજાદા, વાઈસ ચેરમેન પદે અનંતભાઈ પટેલ અને કન્વીનર તરીકે ચેતનભાઈ રાવલની નિયુકિત કરવામાં આવી છે.

સ્થાનીક સ્વરાજયની ચુંટણીને લઈ કોંગ્રેસ ફુલ ફલેજમાં એટિકવ થઈ ગઈ છે. રાજકોટ સહિતના કેટલાક શહેર અને જિલ્લામાં હાલ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ લેવાની કામગીરી ચાલી રહી છે.

## આવશ્યક દવાઓ...

જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રુપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટી-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવાઓ ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલની દવાઓ ૫૨ (બાવન)થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬માં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજીકલ ડિસોર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરીને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકાર દર વર્ષે ડ્રગ્સ ફોમ્યુર્લરીની સમીક્ષા કરી તેને અદ્યતન બનાવે છે, જેથી દર્દીઓને આધુનિક અને અસરકારક સારવાર મળી રહે.

# દરેડમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

## માતા પિતા વારંવાર ઝઘડતા હોવાથી મનમાં લાગી આવતાં પુત્રે જીવ આપ્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર નજીક દરેડ વિસ્તારમાં રહેતા એક વિદ્યાર્થી યુવાને ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી છે. પોતાના માતા-પિતા વારંવાર ઝઘડતા હોવાથી મનમાં લાગી આવતાં આ પગલું ભરી લીધાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડમાં રહેતા અને અભ્યાસ કરતા કનૈયા હેમરાજભાઈ ગેડા નામના ૨૦ વર્ષના વિદ્યાર્થી યુવાને ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેને બેશુદ્ધ અવસ્થામાં નીચે ઉતારીને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ વનરાજ હેમરાજભાઈ ગેડાએ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝનના એએસઆઈ હરિહરભાઈ પાંડવ બનાવના સ્થળે, અને ત્યારબાદ સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને વિદ્યાર્થી યુવાનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

દરમિયાન મૃતકના મોટાભાઈએ જણાવ્યું હતું કે તેઓના માતા-પિતા વારંવાર ઝઘડો કરતા હોવાથી પુત્રને પસંદ નહીં પડતાં મનમાં લાગી આવ્યું હતું, અને ગળાફાંસો ખાઈ લઈ પોતાની જિંદગીનો અંત લાવી દીધો હોવાનું જણાવ્યું છે.

# ઈડરના લાલોડામાં કુતરૂં કરડ્યા બાદ ભેંસના મોતના પગલે દુધ પીનારાઓમાં ફફડાટ

## ભેંસનું દુધ પીનારા ૨૨ લોકોએ હોસ્પિટલમાં જઈ હડકવા વિરોધી રસી લીધી

**અબતક**
**સંજય દિક્ષીત, ઈડર**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના લાલોડા ગામમાં એક ભેંસને શ્વાન કરડ્યા બાદ તેનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું હતુ આ ઘટનાને પગલે ભેંસનું દૂધ પીનારા ગામના આશરે ૨૨ જેટલા લોકોએ ઈડર સિવિલ હોસ્પિટલમાં જઈને હડકવા વિરોધી રસી લીધી હોવાનું જાણવા મળે છે. ઈડરના લાલોડા ગામમાં શ્વાન કરડવાથી એક ભેંસનું મોત નિપજ્યું હતું જેને લઈને આ ભેંસનું દૂધ જે લોકોએ પીધું તે તમામે ઈડર સિવિલ હોસ્પિટલમાં પહોંચીને હડકવાની રસી લીધી હતી જ્યારે આ અંગે ભેંસના માલિક વિશાલ પ્રભુભાઈ પટેલે જણાવ્યું હતું કે લગભગ એક સપ્તાહ પહેલા તેમના વાડામાં ભેંસને એક શ્વાન કરડ્યું હતું ત્યારથી ભેંસ બીમાર હતી અને ગુરુવારે તેનું મોત નિપજ્યું હતું વધુમાં ભેંસના માલિકએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ આ ભેંસનું દૂધ ડેરીમાં ભરાવતા ન હતા પરંતુ ગામમાં જ સ્થાનિક લોકોને આપતા હતા પરંતુ શ્વાન કરડ્યા બાદ ભેંસનું મોત થતાં સંભવિત હડકવાના ભયથી દૂધ પીનારા આશરે ૨૨ લોકોએ સાવચેતીના ભાગરૂપે રસી લીધી હતી. ઈડર જનરલ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.સંજય ચૌહાણે આ અંગે પુષ્ટિ કરી હતી કે લાલોડામાં ભેંસને શ્વાન કરડવાથી તેનું મોત થયું છે. શ્વાન હડકાયું હોવાની આશંકાને કારણે ગુરુવારે બપોર સુધીમાં ગામના ૨૨ લોકોને હડકવા વિરોધી રસી આપવામાં આવી હતી જ્યારે હજુ પણ જેમ જેમ લોકોને જાણ થાય છે તેમ તેમ લોકો રસી લેવા આવી રહ્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** શ્રી દશા સોરઠીયા વણિક, લાભુબેન જશવંતરાય ધ્રુવ (ઉ.વ.૯૩) તે સ્વ. જશવંતરાય લાધાભાઈ ધ્રુવના પત્ની, નીલેશભાઈ, રામચંદ્રભાઈ, કુસુમબેન કૃષ્ણાંતભાઈ ધોળકીયા, પ્રતિભાબેન દિલીપકુમાર ધ્રુવ, સ્વ. હસુબેન સતીશકુમાર શેઠ, સ્વ. કલ્પનાબેન કૌશિકકુમાર કોઠારીના માતા, સ્વ. કુરજીભાઈ મેઘજીભાઈ કુલરના દીકરી, સ્વ. હરિલાલ, સ્વ. મણીલાલ, સ્વ. દુર્લભજીભાઈ, સ્વ. નર્મદાબેનના બહેન, સ્મિતાબેન, જાગૃતિબેનના સાસુ, રાજન, ભવ્ય, પુજા, નિધિના દાદાનું તા. ૪-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૭ ને શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, મનહર પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**રાજકોટ:** ઔ.ગુ.સા.બ્ર. શૈલેષભાઈ બાબુભાઈ વ્યાસ (ઉ.વ.૫૮) તે રૂપલબેનના પતિ, સ્વ. ધીરુભાઈ ભટ્ટના જમાઈ, હર્ષ, યશના પિતા, વિપુલભાઈ, જયદીપભાઈ, કલ્પનાબેન કપિલકુમાર ત્રિવેદી, માધવીબેન મનોજકુમાર ભટ્ટ, નિકિતાબેન ગૌતમકુમાર પંડયા, મીનાબેન પ્રફુલકુમાર જોશીના જમાઈનું તા.૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૭ ના સાંજે ૪ થી ૫ દરમિયાન ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ, ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જીતેન્દ્રભાઈ પાનાચંદભાઈ દોશી તે જયોતિબેનના પતિ, અશોકભાઈ, સ્વ. અશ્વીનભાઈના ભાઈ, કૌશાબેન, મયુરભાઈના પિતા, રાજેશભાઈ શાહ, હેમાલીબેનના સસરા, હર્ષના દાદા, દ્રષ્ટિ પૌત્રવધુના દાદાજી સસરાનું તા. ૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૬-૩ ને શુક્રવાર સાંજે ૪ થી ૬ દરમિયાન રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવડ રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** ગુ.હા.સ.ચા. મોઢ બ્રાહ્મણ જામનગર નિવાસી હાલ રાજકોટ સ્વ. ફુલશંકર ઉમિયાશંકર ત્રવાડી (ત્રવાડી ઉમિયાશંકર કાલીદાસ મીઠાઈવાળા)ના પુત્ર સ્વ. જગદીશચંદ્ર ફુલશંકર ત્રિવેદી જે કિશોરભાઈ, રંજનબેન, રજનીભાઈ, અશોકભાઈ, જયેન્દ્રબેનના ભાઈ, અવંતિકાબેનના પતિ, ધવલભાઈ, ભાર્ગવીબેનના પિતા, રાજેશકુમાર જાની, રિધ્ધિબેનના સસરા, સ્વ. મહેન્દ્રભાઈ વિજયશંકર ત્રિવેદીના જમાઈ, ગૌરાંગભાઈ, વત્સલભાઈ, કમલભાઈ, અંજલીબેન, રત્નાબેન, દિપ્તીબેન, મીનાક્ષીબેનના બનેવીનું અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા. ૬ ને શુક્રવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ તેમના નિવાસ સ્થાન એ-૧૦૧, શ્યામલ સત્વ, ગોલ નેસ્ટની બાજુમાં, શ્રીનાથજી ચોક, પોલીસ હેડકવાર્ટર રોડ, અંબિકા ટાઉનશીપ મવડી રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** લાભુબેન દામજીભાઈ પડસુંબીયા (ઉ.વ.૭૮) તે રજનીકાંતભાઈ, વિજયભાઈના માતાનું તા. ૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯ ને સોમવાર સાંજે ૪ થી ૬ દરમિયાન ભીમનાથ મહાદેવ મંદિર, ગાયત્રીનગર ૯/૧૦ રાજકોટ ખાતે રાખેલ છે.

**સુરેન્દ્રનગર:** કનકલતાબેન નવનીતલાલ જયસ્વાલ (ઉ.વ.૭૬) તે નવનીતલાલ મગનલાલ જયસ્વાલના પત્ની, નિલેશભાઈ (સુ.નગર), જયેશભાઈ (પૂર્ણ)ના માતા, સ્વ. પ્રભુલાલ રતિલાલ જયસ્વાલ (જોરાવરનગર)ના પુત્રી, સુરેશભાઈ, સ્નેહલભાઈ, મેહુલભાઈ, રાહુલભાઈ સંજયભાઈના બહેનનું તા. ૨ ના રોજ પૂર્ણે (મહારાષ્ટ્ર) મુકામે અવસાન થયેલ છે. પ્રાર્થના સભા તા. ૧૨-૩ ના સાંજે ૪ થી ૬ દરમિયાન ગણપતિ મંદિરની વાડી, સનફલાવર સ્કુલ પાછળ, માનવ મંદિર રોડ, સુરેન્દ્રનગર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જીતેન્દ્રભાઈ જમનાદાસ ઝવેરી (ઉ.વ.૬૯) તે સ્વ. જમનાદાસ કે. ઝવેરીના પુત્ર, સ્વ. જયોત્સનાબેન જીતેન્દ્રભાઈ ઝવેરીના પતિ, ચાંદનીબેન હાર્દિકભાઈ ધોકીયાના પિતા, મનસુખભાઈ બી. વખારીયાના જમાઈ, રાજુભાઈ જમનાદાસ ઝવેરીના ભાઈનું તા. ૪-૩ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ટેલીફોનીક બેસણું તા. ૭-૩ શનિવારના રોજ મો. નં. ૯૯૧૩૧ ૩૩૦૬૮ ઉપર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનની સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન

# સુરેન્દ્રસિંહ વાળાના આંગણે અલૌકિક ધર્મોત્સવઃ પૂ.લાલબાપુની પધરામણી

## સંત શિરોમણીના પાવન પગલાથી ભાવનગરના થોરાળાની ભૂમિ પણ બની ધન્ય ધન્ય

## હજારો ધર્મ પ્રેમી જનતાએ ભક્તિના મહાસાગરમાં ડૂબકી લગાવીઃ વાળા પરિવાર બન્યો ધર્મોત્સવનો યજમાન




**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાના આંગણે તાજેતરમાં એક અલૌકિક આધ્યામિક અવસરની ઉજવણી કરવામાં આવી હતી. સંત શિરોમણી પૂ.લાલબાપુની પાવનકારી પધરામણી તેઓના આંગણે થઈ હતી.હજારો ધર્મ પ્રેમી જનતાએ ધર્મોત્સવના મહાસાગરમાં ડૂબકી લગાડવા માટે વાળા પરિવાર નિમિત્ત બન્યો હતો.

સૌરાષ્ટ્ર હંમેશાથી મહાપુરૂષો રૂપી મોતીઓ આપનાર સાગર રહ્યો છે પરંતુ સમય જતા કળિયુગે પોતાની પકડ મજબૂત કરી હોઈ ત્યારે એ સાગરમાંથી મોતી ખૂટી ગયા હોઈ તેવું લાગવા માંડ્યું હતુ.પૂ.લાલબાપુ જેવા સંત આપી સૌરાષ્ટ્રએ ફરી એક વાર પોતાનો પરચો બતાવ્યો છે.૧૫ જ વર્ષની બાળ અવસ્થામાં એક બાળકને જ્યારે દુનિયાના બધા રંગોની હજી પૂર્ણ રૂપે ભાન પણ ન થતી હોઈ ત્યારે માત્ર ૧૫ વર્ષની આયુમાં પૂ

લાલબાપુએ ભેખ લીધો હતો.આકરી તપસ્યા હોઈ ત્યારે આવા તેજસ્વી સંત થવાય અને એમાંના એક લાલબાપુ છે.સંત શિરોમણી શ્રી શામળા બાપા જેવા સંતો ના જ ખોળામાં રમી મોટા થયા હોઈ એવા વ્યક્તિને સંતોના ચરણની સેવાનો લાભ તો ગળસુંથી માં જ મળ્યો હોઈ.

સુરેન્દ્રસિંહ વાળાના ભક્તિ ભાવ અને કુશળતાથી થોરાળામાં આ પધરામણી પ્રસંગ જાણે મહોત્સવ બની ગયો હોઈ તેવું લાગતું હતું.ભવ્ય આયોજન, ભવ્ય સ્વાગત સમારોહ, ભવ્ય ધર્મ સભા, ભવ્ય ભોજન પ્રસાદ, ભવ્ય ડેકોરેશન ,જીપ, ઘોડેસવારો, બેન્ડ વાજા, ફટાકડા, ફુલહાર અને ગ્રામ્ય લોકોથી જાણે સંતનું ફુલેકું નીકળ્યું હોઈ તેવો સ્વાગતનો નજારો જોવા મળ્યો હતો.




સંત શ્રી શામળા બાપા આશ્રમના પટાંગણમાં વિશાળ ડોમ સ્ટેજ, સ્ટેજ પર ગાદીપતિ તરીકે બિરાજમાન પૂ.લાલબાપુ સાથે પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર ભાર્ગવ બાપુ, પૂજ્ય રાજૂ ભગત, પૂજ્ય દોલું ભગત અને અન્ય મહાનુભાવો સ્ટેજને સુશોભિત કરી રહ્યા હતા. વિશાળ મંડપ, એલઈડી સ્ક્રીન, સાઉન્ડ, શ્રી લાલબાપુની સંતવાણી અને પોતાના વકતવ્યથી સુરેન્દ્રસિંહ વાળા એ વાતાવરણ માં જોશ અને ઉમંગ ભરી દીધો હતો. વાળાંકના ગામોથી વાળા રાજવંશી, અન્ય ગામોથી ગામત્રુ અને શ્રી લાલબાપુના સેવક ગણ તરીકે પધારેલા મહેમાનો અને અન્ય મહેમાનો પણ એ સાત્વિક અને સ્વાદિષ્ટ વિગેરે વિગેરે વાનગીઓનો પ્રસાદ ગ્રહણ કર્યો સાથો સાથ ઉતારા વ્યસવથાની પણ કાળજી લેવામાં આવી હતી.

આકર્ષક લાઈટિંગ અને રંગબિરંગી ફૂલોથી આશ્રમ, ઘર અને સમસ્ત ગામને સજાવવામાં આવ્યું હતું. થોરાળા તો જાણે અયોધ્યામાં ભગવાન શ્રી રામ ના આગમનથી દિવાળી નો માહોલ હોઈ તેવું પ્રત્યક્ષ થાય તેવું શણગારવામાં આવ્યું હતું.સંતવાણીનો રસપાન કરવા આવેલ ધર્મનિષ્ઠ લોકોમાં રાજકોટથી પણ અનેક હસ્તીઓ જેમ મેયર, કોર્પોરેટરો અન્ય રાજનૈતિક અને સામાજિક અગ્રણીઓ હાજરી આપી હતી.

પૂ. લાલબાપુના સામૈયા, બાપુની આરતી, દર્શનાભિલાષીને પ્રત્યક્ષ દર્શન અને આશીર્વાદથી વંચિત લોકોને ચરણ સ્પર્શની તક સંભવ કરાવતા અને પધારેલા સમસ્ત સમાજના સ્ત્રીઓને પહેરામણી, સમસ્ત સમાજના લોકોને પ્રસાદ. સમસ્ત વાળા સમાજને ગૌરવાન્વિત કરે એવા એક અલૌકિક સ્વપનને હકીકતના રૂપમાં સાકાર કરતા સુરેન્દ્રસિંહ વાળા પર આવા ધાર્મિક અવસર બદલ અભિનંદન વર્ષા થઈ રહી છે.

# તલગાજરડાથી સાળંગપુર એસ.ટી. બસનું પૂ.મોરારિબાપુએ કરાવ્યું પ્રસ્થાન

## તલગાજરડાથી સવારે ૧૦ વાગે ઉપડી સાળંગપુર ૪ વાગે પહોંચશે બસઃ દર્શનાર્થીઓની સવલત વધી





**અબતક, રાજકોટ**

આજ થી મહુવા એસ. ટી વિભાગ દ્વારા તલગાજરડા થી સાળંગપુર બસ સેવાનો એસ. ટી. વિભાગ ના અધિકારી ગણ તેમજ રાજસ્વી મહાનુભાવો લોક સાહિત્યકાર માયાભાઈ આહીરની હાજરીમાં મહુવા ના એસ. ટી. વિભાગ ના નિવૃત કર્મચારી રજનીકાંત દેવમુરારી ના પ્રયત્ન થી એસ, ટી વિભાગ ના પૂર્ણ સહકાર થી સફળતા મળતા આજ થી તલગાજરડા થી સુપ્રસિધ્ધ હનુમાનજી મહારાજ ના સ્થાન એવા સાળંગપુર ખાતે ની લોક સુખાકારી અર્થે બસ સેવા નો પ્રારંભ પૂજ્ય બાપુ ના કરકમળ દ્વારા પૂજા અર્ચન કરી પ્રથમ મુસાફરી કરી પૂજ્ય બાપુ એ પ્રારંભ કરાવેલ તલગાજરડા થી સવારના ૧૦/૩૦ કલાકે સાળંગપુર જવા બસ રવાના થશે જે તળાજા ભાવનગર વલ્લભીપુર થઈ આશરે સાળંગપુર બપોર ના ૪ વાગ્યાં ની આજુબાજુ પહોંચશે તો આજ બસ ૪/૩૦ વાગે સાળંગપુર થી મહુવા તલગાજરડા આવવા બસ રવાના થશે અને સાંજે ૮/૩૦ વાગ્યાં ની આજુબાજુ રૂપિયા ૧૯૦ મુસાફરી ના ખર્ચ સાથે મહુવા તલગાજરડા આ બસ પહોંચશે આ પ્રસંગે પૂજ્ય બાપુ ની સાથે મુસાફરી દરમ્યાન માયાભાઈએ તેમના જીવન નો મુસાફરી નો પ્રસંગ ને યાદ કરી હાસ્ય પીરસ્યુ હતું પૂજ્ય બાપુ એ પણ રાજીપો વ્યક્ત કરી આ ઉત્તમ સેવા માટે નામ સ્મરણ સાથે શુભેચ્છા પાઠવી હતી.

# જૂનાગઢના પુનિત શર્માને દ્વારકાના અને ભાવનાબેન હિરપરાને ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી બનાવાયા

## જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ કિરીટ પટેલ પ્રદેશ યુવા મોરચાના પ્રભારી તરીકે કમાન સંભાળશે


**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા જુનાગઢ મહાનગર ભાજપના પૂર્વ પ્રમુખ પુનિત શર્માની પક્ષ પ્રત્યેની વફાદારી અને સંગઠન માટે કરેલા અથાગ પ્રયત્નોને ધ્યાને લઈ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી તરીકેની જવાબદારી સોંપી છે. જૂનાગઢના પૂર્વ મેયર જીતુભાઈ હિરપરાના પત્ની કોર્પોરેટર ભાવનાબેન હિરપરાને ગીર સોમનાથ જિલ્લાના પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે.

આવી જ રીતે વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૬ સુધી જુનાગઢ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ તરીકે યશસ્વી કામગીરી કરી, ત્યારબાદ ૨૦૨૫ સુધી જુનાગઢ જિલ્લા પ્રમુખ તરીકે સફળ શુકન સંભાળનાર કિરીટ પટેલને પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશ યુવા મોરચાના પ્રભારી બનાવવામાં આવ્યા છે.

જૂનાગઢ જિલ્લાના ભાજપના એક મહિલા અગ્રણી સહિત કુલ ત્રણ ભાજપના નેતાઓની કામગીરીને ધ્યાને લઈ પ્રદેશ ભાજપ દ્વારા મહત્વની જવાબદારી સોંપવામાં આવતા ત્રણેય આગેવાનો ઉપર શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

### જિજ્ઞાસાબેન પંડ્યા શહેર અને અરવિંદ રૈયાણી જિલ્લા ભાજપના પ્રભારી

પ્રદેશ ભાજપ દ્વારા જુનાગઢ મહાનગર ભાજપ અને જૂનાગઢ જિલ્લા ભાજપના નવા પ્રભારીઓની જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજકોટના પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણીને જિલ્લાના પ્રભારી તરીકેની નિમણુંક કરવામાં આવી છે. આ સાથે જુનાગઢ મહાનગર ભાજપના નવા પ્રભારી તરીકે સુરેન્દ્રનગર જીજ્ઞાસાબેન પંડ્યાને નિયુક્ત કર્યા છે.

# કોટડા સાંગાણીમાં હિન્દુ સંમેલનમાં સનાતન ધર્મની એકતાના નાદ ગુંજ્યાં




**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**

કોટડાસાંગાણી શહેર ખાતે આસપાસના અનેક ગામોના સંયુક્ત ઉપક્રમે એક વિશાળ હિન્દુ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કોટડાસાંગાણી સહિત ખરેડા, રાજગઢ, માણેકવાડા, વડીયા, સોળીયા, અરડોઈ અને હડમતાળા વિસ્તારમાંથી હિન્દુ ધર્મના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ચારેતરફ ભક્તિમય માહોલ અને સનાતન ધર્મના જયઘોષ સાથે આ સંમેલન સંપન્ન થયું હતું.

સંતોના આશીર્વચન અને મહાનુભાવોની ઉપસ્થિતિઃ આ પ્રસંગે રામજી મંદિર (જુના રાજપીપળા) ના મહંત ઘનશ્યામદાસજી મહારાજ, ભાપાસર શિવ મંદિરના મહંત વશીશનાથ બાપુ અને કોટડાસાંગાણી ખોડીયાર મંદિરના મહંત શકિતગીરી બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. વિશેષ અતિથિ તરીકે નટવરલાલજી હવેલીના મુખ્યાજી મનોજભાઈ પુરોહિત અને બાલાજી ધૂન મંડળના મહેન્દ્રસિંહ જાડેજા (ભાથીજી) ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તાઓનું સંબોધનઃ આર.એસ.એસ ના જિલ્લા કાર્યકારણી સદસ્ય શ્રી ચંદુભાઈ ચોવટીયા અને વિશ્વ હિન્દુ પરિષદના પૂર્વ પ્રમુખ અશોકભાઈ ઠુંમર દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતુ કેઃ

"હિન્દુ ધર્મ અને સનાતન સંસ્કૃતિના જતન માટે સમાજનું સંગઠિત હોવું અનિવાર્ય છે. કોઈ પણ પ્રકારના જ્ઞાતિ-જાતિના ભેદભાવ રાખ્યા વગર દરેક હિન્દુએ એક થઈને રહેવું જોઈએ."

# જૂનાગઢ એસટી વિભાગ દ્વારા મુસાફરો પાસેથી રૂપિયા વસૂલ કરી ટીકીટ ન આપનાર ૪ કંડકટરો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરાય

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમ જૂનાગઢ વિભાગ દ્વારા નિગમના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા તથા મુસાફરોને સુરક્ષિત અને સ્વચ્છ મુસાફરી સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર ફેબ્રુઆરી માસ દરમિયાન વિશેષ ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન કસુરવાનો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.



જુનાગઢ એસટી વિભાગના વિભાગીય નિયામક વી.બી. ડાંગરના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલ વિશેષ ચકાસણી અભિયાન દરમિયાન મુસાફરો પાસેથી રૂ. ૮૪૮ વસૂલ કરી ટીકીટ ન આપનાર કુલ ૪ કંડકટરોને પકડી લેવામાં આવ્યા હતા. તેમના વિરુદ્ધ નિગમના ધારા-ધોરણ મુજબ ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ટિકિટ લીધા વગર મુસાફરી કરતા ૨૦ મુસાફરોને પકડી સ્થળ પર જ રૂ. ૭૭૪૨ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. વિભાગના કુલ ૦૯ ડેપો ખાતે ધુમ્રપાન તેમજ બસ અને બસ સ્ટેશનમાં પાન-માવો ખાઈ પિચકારી મારી ગંદકી ફેલાવતા કુલ ૧૮૦ લોકો સામે કેસ કરી રૂ. ૩૯૮૫ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ સાથે વિભાગીય નિયામક એ તમામ મુસાફરો અને કર્મચારીઓને નિયમોનું પાલન કરવા, ટિકિટ લઈ મુસાફરી કરવા તથા બસ અને બસ સ્ટેશન પર સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો છે.

# જૂનાગઢઃ આહીર રત્ન સન્માન સમારોહમાં ૬૦ લાખની સ્કોલરશીપનું વિતરણ

## શિક્ષણ મંત્રી ત્રિકમ છાંગાનું અભિવાદન કરાયું



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સામાજિક રીતે સવિશેષ અને પ્રથમ પહેલ કહી શકાય તેઓ દાખલો આહીર સમાજનાં આયોજિત કાર્યક્રમમાં જોવા મળ્યો. જુદી જુદી જ્ઞાતિ કક્ષાએ અનેક કાર્યક્રમ આયોજિત થતાં હોય છે, પરંતુ જૂનાગઢ ખાતે શ્રી આહીર કેળવણી મંડળ સંસ્થા દ્વારા બીએપીએસ અક્ષર મંદિર મુખ્ય સભાગૃહ ખાતે આહીર સમાજની વિશાળ હાજરીમાં જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જીલ્લાનાં આહીર યાદવ સમાજનાં વડીલો પૂર્વજો જેમણે ૫૦ થી ૧૦૦ વર્ષ પહેલા સમાજ જીવનનાં અને શૈક્ષણિક વિકાસમાં મજબુત યોગદાન આપેલું હોય, તેવાં સમાજનાં ૨૯ દિવંગત વિભૂતિઓ "આહીર રત્ન"થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના રાજય કક્ષાનાં મંત્રી ત્રિકમ ભાઈ છાંગાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

જેમનાં જીવન કાર્યમાંથી આજની વર્તમાન નવી પેઢી પ્રેરણા પ્રાપ્ત કરી શકે તે માટે યોજાયેલા "આહીર રત્ન" સન્માન સમારોહમાં સમાજનાં ૨૯ દિવંગત વિભૂતિઓ એવા દિવંગત પૂ. મંગલનાથ બાપુ, પેથલજીભાઈ ચાવડા, ધાનાભાઈ બારડ, હમીરભાઈ સોલંકી, જશુભાઈ, સરમણભાઈ મારુ, કાળાભાઈ ચાવડા, રાઘવજી બલદાણીયા સહિત ૨૯ સ્વર્ગસ્થ આહીર રત્નોનું સન્માન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના રાજય કક્ષાનાં મંત્રી ત્રિકમભાઈ છાંગાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ માટે વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ ફંડ માટે રૂ.૬૦ લાખનું રેકર્ડ બ્રેક ફંડ આહીર સમાજનાં વિદ્યાર્થીઓ માટે પ્રાપ્ત થયું હતું. આ સમગ્ર કાર્યક્રમ અખિલ ગુજરાત આહીર સમાજનાં પ્રમુખ અને પૂર્વ કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ઉદ્ઘાટન ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે સંત મહાદેવગીરી બાપુ, પૂર્વ ધારાસભ્ય રાજસીભાઈ જોટવા, વેજાભાઈ રાવલીયા સહીત અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, ગીર સોમનાથ, પોરબંદર, જામનગરનાં આહીર સમાજનાં



અગ્રણીઓ તેમજ જૂનાગઢ જીલ્લાના આહીર સમાજનાં ભાઈઓ, બહેનો પરિવારો સાથે ખુબજ મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકાઃ સ્વામિનારાયણ આશ્રમમાં મંગળવારે ૧૧૨મો નિઃશુલ્ક નેત્રયજ્ઞ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારકા અને પૂજ્ય રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પીટલ, રાજકોટ તેમજ માતુશ્રી મોંઘીબેન હ.વિ.ગો.મે.ચે.ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૦-૦૩-૨૦૨૬ને મંગળવારના રોજ દ્વારકાના નાગેશ્વર રોડ પર આવેલ સ્વામિનારાયણ આશ્રમ ખાતે ૧૨૨મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે. આગામી મંગળવારે સવારે ૯:૩૦ થી રાજકોટના ૧૧:૦૦ વાગ્યા સુધી યોજાનાર નેત્રયજ્ઞમાં રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટના ડોકટર્સની ટીમ સેવા આપશે. નેત્ર નિદાન કરી દર્દીઓને દવા આપવામાં આવશે. મોતીયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને કેમ્પના દિવસે રાજકોટ લઈ જઈ આધુનિક ફેકો મશીનથી વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી પરત દ્વારકા લાવવામાં આવશે. દર્દીઓને લાવવા લઈ જવા, રહેવા જમવાની વ્યવસ્થા પણ નિઃશુલ્ક કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા આયોજકો દ્વારા જાહેર જનતાને અનુરોધ કરાયો છે.

# રમનારા તો ઠીક જોનારાનું બ્લડપ્રેશર ૧૬૦+ થઈ ગયું તેવા રોમાંચક સેમિમાં ભારતની શાનદાર જીત

## સેમિ ફાઈનલમાં ૨૫૩ રનના વિશાળ સ્કોર બાદ ભારે રસાકસીને અંતે ભારતનો સાત રનથી વિજય: સંજુ સેમસનના શાનદાર ૮૯, બુમરાહની છેલ્લી બે ઓવર ટર્નીંગ પોઈન્ટ સાબિત થઈ




**અબતક, રાજકોટ**
ભારતીય ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડ સામેની સેમીફાઈનલમાં શાનદાર અને રોમાંચક જીત મેળવી છે! આ મેચ રમનારા તો ઠીક પણ જોનારા કરોડો ક્રિકેટ પ્રેમીઓનું બ્લડ પ્રેશર ખરેખર વધી ગયું હતું, કારણ કે મેચમાં એવા ઘણા પળો આવ્યા જ્યાં હાર-જીતનો નિર્ણય છેલ્લી ઓવરો સુધી અટકી ગયો હતો.જ્યાં ભારતે અંગ્રેજી ટીમને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો અને ન્યૂઝીલેન્ડે પણ પોતાની સેમીફાઈનલમાં દમદાર પ્રદર્શન કર્યું હતું. પરંતુ જ્યારે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની આ જીતની વાત આવે છે, તો તે ભારતીય ટીમના ખેલાડીઓના અદ્ભુત પ્રદર્શનથી ભરપૂર હતી.

ગુરુવારે અહીં રમાયેલી સેમિફાઈનલમાં ભારતે પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૩ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં

જેકોબ બેથેલની લડાયક સદી છતાં ઈંગ્લેન્ડ તેની ૨૦ ઓવરને અંતે ૨૪૬ રન પર અટકી ગયું હતું.

જેકોબ બેથેલની શાનદાર અને લડાયક સદીને કારણે રોમાંચક બનેલી આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ભારતે મજબૂત રમત દાખવીને ઈંગ્લેન્ડને સાત રનથી હરાવીને ફાઈનલમા પ્રવેશ કરી લીધો હતો. આ સાથે




ભારતે સળંગ બીજા વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જ્યાં રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તેનો મુકાબલો ન્યૂઝીલેન્ડ સામે થશે.

આમ આ મેચમાં બંને ટીમે મળીને ૪૯૯ રન કર્યા હતા. જેકોબ બેથેલે માત્ર ૧૯ બોલમાં તેની અડધી સદી પૂરી કરી હતી. વર્લ્ડ કપના નોકઆઉટ રાઉન્ડમાં આ ઝડપી અડધી સદી હતી. હજી બુધવારે જ ન્યૂઝીલેન્ડના ફિન એલને સાઉથ આફ્રિકા સામે ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ૪૫ બોલમાં પોતાની સદી પણ પૂરી કરી હતી.



## ૧૯ છગ્ગા, ૨૫૩ રન... ટીમ ઈન્ડિયાએ બે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા

ભારતની ૨૫૩ રનનો ઈનીંગ ટીર૦ વર્લ્ડકપના નોકઆઉટ મેચમાં કોઈપણ ટીમ દ્વારા બનાવેલ સૌથી વધુ સ્કોર છે. ભારતે વેસ્ટ ઈન્ડિઝ દ્વારા બનાવેલ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો. વેસ્ટ ઈન્ડિઝે ૨૦૧૨ ટીર૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામેની નોકઆઉટ મેચમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૫ રન બનાવ્યા હતા.ભારતીય ઈનીંગમાં કુલ ૧૯ છગ્ગા ફટકારવામાં આવ્યા. આ પહેલી વાર છે જ્યારે ભારતે ટીર૦ વર્લ્ડકપની એક જ ઈનીંગમાં ૧૯ છગ્ગા ફટકાર્યા છે. આ કુલ સ્કોરમાં સંજુ સેમસન, શિવમ દુબે અને તિલક વર્મા સહિત ૩ ભારતીય બેટ્સમેનોનું સૌથી વધુ યોગદાન રહ્યું.

## બુમરાહ, હાર્દિક અને અક્ષરની ગુર્જુ ત્રિપુટીએ ભારતને જીતાડ્યુ

હાઈપ્રેશર સેમિફાઈનલમાં બુમરાહ, હાર્દિક અને અક્ષરની ગુર્જુ ત્રિપુટીએ ભારતને જીતાડ્યુ છે.૨૫૪ રનના રેકોર્ડ લક્ષ્યનો પીછો કરતા ઈંગ્લેન્ડે ૧૭ ઓવરમાં ૨૦૯ રન બનાવ્યા હતા. તેમને છેલ્લી ત્રણ ઓવરમાં ૪૫ રનની જરૂર હતી. જેકબ બેથેલ અને સેમ કરન તૈયાર હતા અને ઈંગ્લેન્ડનો વિજય સંપૂર્ણપણે શક્ય લાગતો હતો.

આ દરમિયાન, ૧૮ મી ઓવરમાં જસપ્રીત બુમરાહ તેના સ્પેલની છેલ્લી ઓવર નાખવા આવ્યો. તેણે ફક્ત છ રન આપ્યા અને ત્યાંથી મેચ ભારતના પક્ષમાં થઈ ગઈ. હવે બધાની નજર હાર્દિક પંડ્યા પર હતી. ૧૯ મી ઓવરમાં હાર્દિક શાનદાર બોલિંગ કરી અને વિકેટ મેળવી. ૧૯મી ઓવરમાં હાર્દિકે ૯ રન આપ્યા હતા. ભારતીય બોલરોએ આ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.






## અક્ષર પટેલના બે જબરદસ્ત કેચ ભારતની જીતમાં મહત્વના સાબિત થયા

અક્ષર પટેલે બે જાદુઈ કેચ પકડ્યા, જેનાથી ફેન્સને ૧૯૮૩ના ઓડીઆઈ વર્લ્ડકપના કપિલ દેવની યાદ આવી ગઈ. જ્યારે અક્ષરે આ કેચ કર્યો ત્યારે ફેન્સ સ્ટેડિયમમાં ખુશ થઈ ગયા. મેચ જોવા આવેલા રોહિત શર્મા અને એમએસ ધોની જેવા ભૂતપૂર્વ ચેમ્પિયન કેપ્ટનોએ પણ ફની પ્રતિક્રિયા આપી. કોચ ગૌતમ ગંભીર પણ ખુશીથી ઝૂમી ઉઠ્યા.બ્રુકે એરિયલ શોટ રમ્યો અને પોઈન્ટની પાછળ દોડતા અક્ષરે બોલ કેચ કર્યો. ડગઆઉટમાં બેઠેલા કોચ ગૌતમ ગંભીર ખુશીથી ઝૂમી ઉઠ્યા. અક્ષરે જે રીતે આ કેચ લીધો તેની વ્યાપક ચર્ચા થઈ રહી છે.

## અભિષેકને તાવ ન આવ્યો હોત તો સંજુ પ્લેઈંગ ઈલેવનમાં પણ ન હોત!!!

### સંજુ સેમસન ટીર૦ વર્લ્ડકપમાં સૌથી વધુ સિક્સ ફટકારનાર ભારતીય બન્યો

જ્યારે ટીર૦ વર્લ્ડકપ શરૂ થયો ત્યારે સંજુ સેમસનને ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવનનો ભાગ ગણવામાં આવ્યો ન હતો. તેનું સૌથી મોટું કારણ ટુર્નામેન્ટ પહેલા ન્યુઝીલેન્ડ સામેની દ્વિપક્ષીય સિરીઝ હતી, જ્યાં તેનું બેટ સંપૂર્ણપણે શાંત રહ્યું હતું. સુપર ૮ પહેલા તેને ફક્ત એક જ મેચમાં રમવાની તક મળી. સાઉથ આફ્રિકા સામે ભારતની હાર બાદ તે પ્લેઈંગ ઈલેવનમાં પરત ફર્યો અને વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર બેટિંગ પ્રદર્શન કરીને પોતાની ક્ષમતા સાબિત કરી.ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલમાં સંજુ સેમસને રોહિત શર્માનો અગાઉનો રેકોર્ડ તોડ્યો છે. તે હવે ભારત માટે એક જ ટીર૦ વર્લ્ડકપમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી બની ગયો છે. સેમસને માત્ર ૪ મેચમાં ૧૬ છગ્ગા ફટકાર્યા છે. રોહિત શર્માએ ૨૦૨૪ ટીર૦ વર્લ્ડકપમાં કુલ ૧૫ છગ્ગા ફટકાર્યા હતા.

## મોહ માયા જેવી નગરીના લોકોએ ભારતીય ટીમને ઘેલું લગાડ્યું

મુંબઈ, જેને મોહ-માયાની નગરી તરીકે ઓળખવામાં આવે છે, ત્યાંના લોકોની પ્રતિક્રિયા અને ભાવનાઓ હંમેશા તીવ્ર અને અનોખી હોય છે.સેમિફાઈનલ મેચમાં શરૂઆતથી લઈ મેચના અંતે જ્યારે ભારતે જીત મેળવી ત્યારે સ્ટેડિયમમાં ઈન્ડિયા-ઈન્ડિયાના નારા ગુંજી ઉઠ્યા અને ચાહકોનો ઉત્સાહ અદ્ભુત હતો. એમએસ ધોની અને રોહિત શર્મા જેવા દિગ્ગજોના હાજરીએ પણ માહોલને વધુ રોમાંચક બનાવ્યો. બહાર રસ્તાઓ પર ચાહકોના ઉત્સવ જોવા મળ્યા.મુંબઈના ચાહકોનું પ્રેમ અને ગુસ્સો બંને અતિ તીવ્ર હોય છે - એક તરફ




મોહઅને બીજી તરફ માયા જેવી નગરીમાં ક્રિકેટ એટલે જ જીવનનો એક ભાગ છે, જ્યાં જીત પર ઉજવણી અને હાર કે નબળા પ્રદર્શન પર નારાજગી બંને ખુલ્લેઆમ વ્યક્ત થાય છે.

## જેકબ બેથલની શાનદાર સદી,છતા ઈંગ્લેન્ડ જીતી ના શક્યું

૨૫૪ રનના ચેઝમાં ઈંગ્લેન્ડે જબરદસ્ત લડત આપી અને અંત સુધી ૧૨ની રન રેટ સાથે જ રમતા રહ્યા. જીતની નજીક પણ આવી ગયા.ઈંગ્લેન્ડના જેકબ બેથલે ૪૮ બોલમાં ૧૦૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી, પરંતુ તે પોતાની ટીમને ફાઈનલમાં પહોંચાડી શક્યો નહીં.શિવમ દુબેએ છેલ્લી ઓવર ફેંકી હતી. ઈંગ્લેન્ડને જીતવા માટે ૬ બોલમાં ૩૦ રનની જરૂર હતી. પહેલા બોલ પર બેથલે બે રન લઈને સ્ટ્રાઈક પોતાની પાસે રાખવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હાર્દિકે વિકેટકીપર સંજુ સેમસન તરફ થ્રો ફેંક્યો અને સેમસને ગિલ્લીઓ ઉડાવી દીધી.બેથલ ક્રિઝથી ઘણા દૂર રહી ગયો અને રનઆઉટ થયો.




## અભી નહીં તો કભી નહી...

### સુપર -૮ના દ્વારેથી અભિષેક-વરૂણનો સુપર ફ્લોપ શો

વર્લ્ડકપમાં ભારતને અભિષેક શર્મા અને વરૂણ પાસે સૌથી વધુ અપેક્ષા હતી પરંતુ બન્ને ખેલાડી નિષ્ફળ રહ્યા છે.,અભિષેક શર્મા ઓફ-સ્પિનરોનો શિકાર બન્યો હોય તેવી આ પહેલી ઘટના નથી. તેને પોતાની ૭ ઈનિંગમાંથી ૫ ઈનિંગમાં ઓફ સ્પિનરોનો સામનો કર્યો છે. તે ૫ ઈનિંગમાં તેને ૨૭ બોલનો સામનો કર્યો હતો, જેમાં ૧૦૭.૪૦ ના સ્ટ્રાઈક રેટ અને ૯.૬૬ની એવરેજથી માત્ર ૨૯ રન બનાવ્યા હતા અને ૩ વખત આઉટ થયો. આનો અર્થ એ થયો કે તે એક જ પ્રકારના બોલર સામે ૩ વખત આઉટ થયો છે.સામે વરૂણ પણ તેજ બોલીગ કરી ૫૦થી વધુ રન વરસાવી દીધા હતા.હવે બન્ને ખેલાડીઓ ફાઈનલમાં પોતાની જબરદસ્ત ઈનિંગ રમે તેવી અપેક્ષા છે.

## ડાયમંડ નેકલેસને કિનારે આવેલું વાનખેડે સ્ટેડિયમમાં ''કોહિનુર'' જેવી રમત રમતું ભારત

સંજુ સેમસનના આક્રમક ૮૯ રન બાદ અન્ય બેટર્સના યોગદાન અને અંતિમ ક્ષણોમાં અફલાતુન બોલિંગ અને ફિલ્ડિંગની મદદથી ભારતે સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે સાત રનથી રોમાંચક વિજય હાંસલ કરીને ૨૦૨૬ના આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો.ડાયમંડ નેકલેસને કિનારે આવેલું વાનખેડે સ્ટેડિયમમાં ''કોહિનુર'' જેવી રમત રમી ભારતે ઈતિહાસ રચ્યો છે.ભારતે પોતાની ઈનિંગમાં ૧૯ છગ્ગા ફટકાર્યા હતા.

ફિન એલન બાદ વર્લ્ડ કપની આ બીજી ઝડપી સદી હતી. છેલ્લી ઓવરમાં આઉટ થતાં અગાઉ બેથેલે ૪૮ બોલમાં સાત સિક્સર અને આઠ ચોગ્ગા સાથે ૧૦૫ રન ફટકાર્યા હતા.ઈંગ્લેન્ડની ઈનિંગ્સમાં હાર્દિક પંડ્યાએ તેની પહેલી ઓવરના પહેલા બોલે જ ખતરનાક ઓપનર ફિલ સોલ્ટને આઉટ કરી દીધો હતો તો હેરી બ્રુક પણ સસ્તામાં આઉટ થયો હતો. જોઝ બટલરે ૧૭ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા પરંતુ લાંબું ટકી શક્યો ન હતો. જેકોબ બેથેલે આવીને ઈંગ્લેન્ડ માટે વળતા પ્રહારની શરૂઆત કરી હતી.બેથેલ અને વિલ જેક્સે પાંચમી વિકેટ માટે વિશાળ ભાગીદારી નોંધાવી હતી. આ વિકેટે ભારતીય કેમ્પમાં ચિંતાનું વાતાવરણ સર્જી દીધું હતું. જોકે ૩૯ બોલમાં ૭૭ રનની ભાગીદારી બાદ વિલ જેક્સે અર્શદીપના બોલે ડીપ પોઈન્ટ તરફ ઉછાળ્યો હતો.

---

**મોદી...મોદી...મોદી...**

# ૨૫ વર્ષમાં એકપણ રજા વિના કર્મને ''ધર્મ''માનનારા નરેન્દ્રભાઈની પ્રશંસાના પુલ બાંધતા કેનેડાના પીએમ

## અનેક પડકારો વચ્ચે નરેન્દ્ર મોદી હંમેશા લોક કલ્યાણકારી કાર્યક્રમો પર ભાર મૂકે છે: માર્ક કાર્ને

**અબતક રાજકોટ**
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી છેલ્લા ૨૫ વર્ષથી રાજ્ય - કેન્દ્ર સરકારમાં સર્વોચ્ચ પદે છે.અઢી દાયકામાં એક પણ દિવસની રજા લીધા વિના હંમેશા કર્મને ધર્મ માનનારા આપડા નરેન્દ્રભાઈની પ્રશંસાના પુલ કેનેડાના પીએમ માર્ક કાર્નેએ બાંધ્યા છે.અનેક પડકારો વચ્ચે તેઓએ હંમેશા લોક કલ્યાણકારી કાર્યક્મોને પ્રાધાન્ય આપ્યું છે.જેના કારણે આજે મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે.તેઓએ અઢી દાયકામાં એકપણ દિવસની રજા લીધી નથી.માત્રને માત્ર કામને જ મહત્વ આપ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેઓએ વ્યક્તિગત જીવનમાં રજા રાખી નથી. છેલ્લા ૧૨ વર્ષથી ભારતના વડાપ્રધાન તરીકે



જવાબદારી નિભાવી રહ્યા છે.પીએમ તરીકેના કાર્યકાળમાં પણ તેઓએ રજા રાખી નથી.

૨૫ વર્ષના સક્રિય રાજકારણમાં એક પણ દિવસ રજા વિના કામને પ્રાધાન્ય આપનારા નરેન્દ્રભાઈની કાર્ય પ્રણાલીના કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ને વખાણ કર્યા છે. કેનેડાના પીએમ માર્ક કાર્ને નરેન્દ્ર મોદીના શાસન અભિગમ અને કાર્ય નીતિની પ્રશંસા કરતા કહ્યું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સામે નીતિ અને વહીવટી પડકારો છતાં સામાન્ય નાગરિકો સુધી સીધા કલ્યાણકારી કાર્યક્રમો પહોંચાડવા પર ભારપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરે છે.

સિડનીમાં લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત એક વાર્તાલાપ દરમિયાન કાર્નેએ નવી દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદી સાથેની તેમની તાજેતરની મુલાકાતોનો ઉલ્લેખ કર્યો અને તેમને એવા નેતા તરીકે વર્ણવ્યા જે પાયાના સ્તરે લોકો સુધી પહોંચતા સુધારાઓ લાગુ કરવા માટે ખૂબ જ પ્રતિબદ્ધ છે.તેઓ એક એવી વ્યક્તિ છે જે હંમેશા લોક કલ્યાણકારી કાર્યક્મો પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતના નાણાકીય અને ડિજિટલ સુધારાઓ નાગરિકો સુધી સીધા કલ્યાણકારી લાભો પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે કેવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા હતાભારતના ડિજિટલ ચુકવણી પરિવર્તનનો ઉલ્લેખ કરતા, કાર્નેએ નાણાકીય સમાવેશને વિસ્તૃત કરવામાં અને કલ્યાણ વિતરણમાં લિકેજ ઘટાડવામાં યુપીઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

કાર્નેએ પીએમ મોદીના રાજકીય કાર્ય નીતિ પર પણ ટિપ્પણી કરી. ''તેમણે છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કેવડા પ્રધાન તરીકે એક પણ દિવસની રજા લીધી નથી,'' તેમણે કહ્યું. ૨૦૨૩ માં રાજદ્વારી તણાવ પછી સંબંધોને ફરીથી બનાવવાના હેતુથી ભારતની તેમની ચાર દિવસીય મુલાકાતના થોડા દિવસો પછી તેમની ટિપ્પણી આવી હતી.આજે નરેન્દ્રભાઈ મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે.તેઓ પોતાની કામ પ્રત્યેની નિષ્ઠાના કારણે પોતાની લોકપ્રિયતાનો આંક ઉપર લાવી રહ્યા છે.

# આસામમાં વાયુસેનાનું સુખાઈ-૩૦ ફાઈટર જેટ ક્રેશ

## આસામના જોરહાટથી ઉડાન ભરી હતી અને પછી અચાનક કર્બી આંગલોંગ જિલ્લામાંથી રડાર પરથી ગાયબ થઈ ગયું હતું



**અબતક, રાજકોટ**
ગઈ કાલે સાંજે ભારતીય વાયુસેનાનું સુખોઈ ફાઈટર જેટ ગુમ થયું હોવાનું સામે આવ્યું હતું. જે હવે ક્રેશ થયાની માહિતી ખુદ ઈન્ડિયન એરફોર્સે આપી છે. આ એસયુ-૩૦ જેટ આસામના જોરહાટથી ઉડાન ભરી હતી અને પછી અચાનક કર્બી આંગલોંગ જિલ્લામાંથી રડાર પરથી ગાયબ થઈ ગયું હતું. ગુવાહાટીમાં સંરક્ષણ મંત્રાલયના પીઆરઓએ જણાવ્યું હતું કે, ફાઈટર પ્લેનનો રડાર સાથેનો સંપર્ક તૂટી ગયો છે.

ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સુખોઈ ૩૦ના ગુમ થવા અંગે પોસ્ટ કરી હતી. પોસ્ટમાં લખ્યું હતું કે, ભારતીય વાયુસેનાનું એસયુ-૩૦ એમકેઆઈ વિમાન ગુમ થયાના અહેવાલ છે. વિમાન આસામના જોરહાટથી ઉડાન ભરી હતી અને તેનો છેલ્લે સાંજે ૭:૪૨ વાગ્યે સંપર્ક કરવામાં આવ્યો હતો. આ મામલે વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. તેમજ શોધ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.ફાઈટર જેટ ઝડપી અને ધીમી ગતિએ હવામાં દુશ્મનોને છેતરીને હુમલો કરી શકે છે. એસયુ-૩૦ એ રશિયાના જી-૨૭નું એડવાન્સ વર્ઝન છે. એરફોર્સ પાસે ૨૭૨ છે. આ જેટ ગ્રીજેવ-શિપુનોવ ઓટોકેનનથી સજ્જ છે. જે એક મિનિટમાં ૧૫૦ રાઉન્ડ ફાયર કરે છે.

# યુધ્ધની આગમાં હોમાતું 'બ્રાસ સિટી': આયાત-નિકાસના દ્વાર બંધ થતા ઉદ્યોગોને લાગ્યું ગ્રહણ

## ખાડી દેશોમાંથી આવતો ભંગાર અટક્યો અને ગેસના ભાવ વધતા ઉત્પાદન ખર્ચ આસમાને; ૯ લાખ એકમો સાથે જોડાયેલા લાખો શ્રમિકોની રોજીરોટી પર લટકતી તલવાર





વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવતું ગુજરાતનું 'બ્રાસ સિટી' જામનગર અત્યારે ઈતિહાસના સૌથી કપરા આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. રશિયા-યુક્રેન હોય કે મધ્ય-પૂર્વના દેશોમાં ફાટી નીકળેલું યુધ્ધ, આ વૈશ્વિક અસ્થિરતાની સીધી અને આકરી અસર જામનગરના બ્રાસ ઉદ્યોગ પર પડી છે. દરિયાઈ માર્ગો જોખમી બનવાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે આયાત અને નિકાસની સાંકળ સંપૂર્ણપણે તૂટી ગઈ છે, જેના કારણે સ્થાનિક બજારમાં ભારે મંદીનો માહોલ છવાયો છે.

જામનગર શહેરમાં નાના-મોટા મળીને અંદાજે ૯ લાખ જેટલા બ્રાસના એકમો કાર્યરત છે. આ ઉદ્યોગ મુખ્યત્વે વિદેશથી આવતા કાચા માલ એટલે કે બ્રાસના ભંગાર પર નિર્ભર છે. સામાન્ય રીતે આ ભંગાર કુવૈત, બહેરીન, યુએઈ, સાઉદી અરેબિયા અને ઓમાન જેવા દેશોમાંથી જામનગરમાં આવે છે. પરંતુ હાલમાં આ દેશોમાં સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે આયાત પ્રક્રિયામાં મોટા અવરોધો ઉભા થયા છે, જેના કારણે કાચા માલની તીવ્ર અછત સર્જાઈ છે.કાચો માલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાથી ઘણા ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રક્રિયા અત્યંત ધીમી પડી ગઈ છે. કેટલાક કારખાનાઓમાં તો કામકાજ લગભગ બંધ જેવી સ્થિતિમાં છે. પરિણામે વેપારીઓને તેમના અગાઉથી લેવાયેલા ઓર્ડર સમયસર પૂર્ણ કરવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. આ ઉપરાંત, બ્રાસનો ભંગાર ઓગાળવા માટે જરૂરી એવા ગેસના પુરવઠામાં પણ વિક્ષેપ પડ્યો છે. ગેસ અને કાચા માલ બંનેના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે ઉત્પાદન ખર્ચ આસમાને પહોંચ્યો છે, જેના લીધે નાના ઉદ્યોગકારો માટે કારખાના ચાલુ રાખવા આર્થિક રીતે અશક્ય બની રહ્યા છે.



જામનગરમાં તૈયાર થતી બ્રાસ પ્રોડક્ટ્સ વિશ્વના અનેક દેશોમાં નિકાસ કરવામાં આવે છે. જોકે, હાલમાં નિકાસ પ્રક્રિયામાં પણ અવરોધ ઉભો થતા તૈયાર માલ વિદેશી બજારો સુધી પહોંચાડવો જોખમી અને મોંઘો બન્યો છે. આ અસ્થિરતાને કારણે ઉદ્યોગકારોના આર્થિક વ્યવહારો ખોરવાયા છે અને પેમેન્ટ અટવાઈ ગયા છે. જો સ્થિતિમાં જલ્દી સુધારો નહીં આવે, તો અનેક કારખાનાઓને કાયમી તાળા લાગવાની અને લાખો શ્રમિકો બેરોજગાર થવાની ભીતિ સેવાઈ રહી છે.

### વૈશ્વિક પરિસ્થિતીએ અમારી આખી સપ્લાય ચેઈનને વેર વિખેર કરી નાખી: બ્રાસ ઉદ્યોગ એસો

જામનગરનો બ્રાસ ઉદ્યોગ અત્યારે તેના અસ્તિત્વની લડાઈ લડી રહ્યો છે. વૈશ્વિક પરિસ્થિતિએ અમારી આખી સપ્લાય ચેઈનને છિન્નભિન્ન કરી નાખી છે. નવો માલ મંગાવવો મોંઘો છે અને જૂનો માલ મોકલવો અશક્ય જેવું છે. જો સરકાર દ્વારા ગેસના દરોમાં રાહત આપવામાં નહીં આવે અને દરિયાઈ માર્ગો સુરક્ષિત નહીં થાય, તો જામનગરના હજારો નાના એકમો કાયમ માટે બંધ થઈ જશે.

### ઈતરા દ્વારા આયુર્વેદિક ફાર્મસીના ૨૫ વર્ષ નિમિત્તે

# આયુર્વેદનો ત્રિવેણી સંગમ: 'રસમીમાંસા-૨૦૨૬' કોન્ફરન્સ અને ફૂડ એક્સપોનો આજથી પ્રારંભ


ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળની રાષ્ટ્રીય મહત્વની સંસ્થા (આયુર્વેદમાં શિક્ષણ અને સંશોધન સંસ્થા) દ્વારા જામનગર ખાતે આગામી ૬ થી ૮ માર્ચ ૨૦૨૬ દરમિયાન આયુર્વેદિક ચિકિત્સા અને આહાર વિજ્ઞાનના વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાષ્ટ્રીય પરિષદ 'રસમીમાંસા' અને આયુર્વેદિક વાનગીઓના એક્સપો 'આયુરસવાદોત્સવ' મુખ્ય આકર્ષણ રહેશે.૬ અને ૭ માર્ચના રોજ યોજાનારી 'રસમીમાંસા-૨૦૨૬' કોન્ફરન્સનું ઉદઘાટન સાંસદ પૂનમબહેન માડમ અને આયુષ મંત્રાલયના સચિવ રાજેશ કોટેચાની ઉપસ્થિતિમાં થશે. આ પરિષદમાં દેશભરના ૩૦૦થી વધુ ખ્યાતનામ આયુર્વેદ વૈદ્યો અને રસશાસ્ત્રીઓ આયુર્વેદિક દવાઓની ગુણવત્તા, સલામતી અને સંશોધન અંગે મંથન કરશે. આ પ્રસંગે ૧૯૫૬થી અત્યાર સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની 'એલ્યુમનાઈ મીટ' પણ યોજાશે.

### દેશભરના તજજ્ઞોનું મહાસંમેલન:૧૫૦થી વધુ સ્વાસ્થ્યપ્રદ વાનગીઓનો એક્સપો આકર્ષણનું કેન્દ્ર બનશે

બીજી તરફ, ૭ અને ૮ માર્ચના રોજ ધન્વંતરી મેદાન ખાતે 'આયુરસવાદોત્સવ-૨૦૨૬' એક્સપોનું ઉદઘાટન જગદગુરુ અનંત વિભૂષિત શ્રી કૃષ્ણમણીજી મહારાજના હસ્તે કરવામાં આવશે. આ એક્સપોમાં ૩૦ હજાર ફૂટના વિશાળ એ.સી. ડોમમાં ૫૨ સ્ટોલ્સ દ્વારા ૧૫૦થી વધુ પ્રકારની લાઈવ આયુર્વેદિક વાનગીઓ, હેલ્થ ડ્રિંક્સ અને હર્બલ કોસ્મેટિક્સનું પ્રદર્શન તથા વેચાણ થશે. આ એક્સપોમાં WHO-GTMC ની પ્રદર્શન ગેલેરી દ્વારા વૈશ્વિક પરંપરાગત ચિકિત્સાઓની માહિતી પણ આપવામાં આવશે.

ડાયરેક્ટર પ્રો. તનુજા નેસરીના વડપણ હેઠળ યોજાનારા આ કાર્યક્રમો 'વોકલ ફોર લોકલ' અને 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' જેવા અભિયાનોને વેગ આપશે. આ આયોજનને સફળ બનાવવા પ્રો. બી. જે. પાટગીરી અને પ્રો. જોબન મોઢા સંયોજક તરીકે જવાબદારી નિભાવી રહ્યા.

# દ્વારકા: કુરંગામાં અનુસુચિત જ્ઞાતિનો ઐતિહાસિક નિર્ણય પશુબલીની પરંપરાને આપી તિલાંજલિ

### ધારાસભ્ય પબુભા માણેક અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં લેવાયો નિર્ણય



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દ્વારકા નજીકના કુરંગા ગામે યોજાયેલ ધાર્મિક કાર્યક્રમમાં માતાજીના સાનિધ્યમાં અનુસુચિત જ્ઞાતિજનોએ ધારાસભ્ય પબુભા માણેક અને સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં ઐતિહાસિક નિર્ણય લેતા એક સુરે જીવદયાના સંકલ્પ સાથે ધાર્મિક વિધિઓના નામે થતી જીવ હત્યા અટકાવવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો. વર્ષો જૂની પશુબલિની પરંપરા પર માતાજીના ભૂવા અને અનુ.જ્ઞાતિના અગ્રણીઓએ સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકતા સમાજના આગેવાનોએ પશુબલિ જેવી પ્રથાઓને તિલાંજલિ આપી જીવદયાની ભાવના રાખવા હાકલ કરી હતી. સાથે જ દેશભરમાં આ નિર્ણય દેશભરમાં અપનાવવામાં આવે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

# દ્વારકામાં જામજોધપુરના પદયાત્રીને શેરડીનો રસ પીવડાવી બેશુધ્ધ કરી લૂંટ

### કાનના ઠોરીયા રૂ.૩૫ હજારની રોકડ તફડાવ્યા અંગેની બે શખ્સ સામે ફરીયાદ

**અબતક, મહેન્દ્ર કકકડ**
**દ્વારકા**

જામજોધપુરના તરસાઈ ગામના એક વૃધ્ધ તથા તેમના મિત્ર પદયાત્રા કરી દ્વારકા ફુલડોલ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા તે પછી ગયા રવિવારે સવારે બે અજાણ્યા શખ્સોએ અવવારૂ જગ્યાએ લઈ જઈ શેરડીનો રસ પીવડાવી બેભાન બનાવી આ વૃધ્ધોના સોનાના ઠોરીયા તથા ૩૫ હજારની રોકડ લૂંટ ચલાવ્યા અંગે પોલીસ ફરીયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત અનુસાર જામજોધપુર તાલુકાના તરસાઈ ગામે રહેતા રૂડાભાઈ હાજાભાઈ મુંધવા (ઉ.વ.૬૯) નામના વૃધ્ધ તથા તેમના મિત્ર હોળી દ્વારકામાં યોજાતા ફુલડોલ ઉત્સવમાં ભાગ લેવા પદયાત્રા કરી તરસાઈથી દ્વારકા પહોંચ્યા બાદ દરિયાકાંઠે બેઠા હતા. આ વેળાએ ૨૫-૩૦ વર્ષના બે અજાણ્યા યુવાન ત્યાં આવી આગળ દીવાદાંડી પાસે નવું મંદિર છે ત્યાં દર્શન કરવા આવો તેમ કહી રૂડાભાઈ તથા તેમના મિત્રને સાથે લીધા હતા. દીવાદાંડી પાસેના આરસીસી રોડ પાસે લઈ જઈ શેરડીનો રસ પીવા આગ્રહ કર્યો હતો. આગ્રહના કારણે રૂડાભાઈ તથા તેના મિત્રે આ શખ્સો દ્વારા આપવામાં આવેલ શેરડીનો રસ પીતા તેઓ બેભાન બની ગયા હતા. તે પછી રૂડાભાઈ તથા તેમના મિત્રના કાનમા પહેરેલા સોનાના ઠોરીયા અને રૂડાભાઈના મિત્ર પાસે રહેલ રૂપિયા પાંત્રીસ હજાર રોકડા લૂંટી લઈ બન્ને અજાણ્યા શખ્સો પોબારા ભણી ગયા હતા. થોડીવાર બાદ ભાનમાં આવેલા રૂડાભાઈ તથા તેમના મિત્રને ઠોરીયા ગુમ થયાનું માલૂમ પડતા બંને શખ્સોના સગડ દબાવ્યા હતા પરંતુ ભાળ ન મળતા દ્વારકા પોલીસ સ્ટેશનમાં આ અંગે ધોરણસરની ફરીયાદ નોંધાવી છે. આવી રીતે શેરડીના રસમાં નશાકારક પદાર્થ ભેળવી તે રસ પીવડાવી બે વ્યક્તિના સોનાના ઠોરીયા તથા રોકડ મળી કુલ રૂપિયા ૧ લાખ ૮૫ હ:રની લૂંટ ચલાવનારા શખ્સો સામે પોલીસે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ધ્રોલ: રવિવારે મહારાણા પ્રતાપ વસ્તીનું વિરાટ સંગઠન મિલન

**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**



ધ્રોલ નગરની 'મહારાણા પ્રતાપ વસ્તી' દ્વારા આગામી ૮ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ 'હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. ''સમર્થ ભારત, જય શ્રી રામ અને સંગઠિત હિન્દુ''ના સૂત્ર સાથે યોજાનારા આ કાર્યક્રમમાં ધ્રોલ અને આસપાસના વિસ્તારના હિન્દુ સમાજને સંગઠિત થવા આહવાન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય સંમેલન ધ્રોલના મોરબી ગેઈટ સામે આવેલા રેવનાથ મહાદેવ મંદિર અને પંચમુખી હનુમાનના પટાંગણમાં સાંજે ૪ કલાકથી પ્રારંભ થશે. આ પ્રસંગે આધ્યાત્મિક ઊર્જા પૂરવા માટે પંચમુખી હનુમાનજી મંદિરના મહંતશ્રી ૧૦૦૮ સુખદેવદાસજી ત્યાગી, બોટાદના ભજનાનંદ આશ્રમના આત્માનંદ સરસ્વતીજી મહારાજ તેમજ રામનાથની જગ્યાના મહંત ચંદ્રભુષણદાસ ત્યાગી ખાસ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.

કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે આત્માનંદ સરસ્વતીજી મહારાજ સનાતન ધર્મ અને સામાજિક સમરસતા અંગે માર્ગદર્શન આપશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજકોટ વિભાગ કાર્યવાહ નિકુંજભાઈ ખાંટ ઉપસ્થિત રહેશે, જ્યારે સમગ્ર સંમેલનનું અધ્યક્ષસ્થાન ચંદ્રકાંત ધીરજલાલ વલેરા સંભાળશે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, ભારતીય બેઠક યુવા મંડળ દ્વારા રામધૂનથી મંગલ પ્રારંભ થશે, ત્યારબાદ સ્વાગત વિધિ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમાજમાં ઉત્કૃષ્ટ સેવાકીય પ્રવૃત્તિ કરનાર મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે.

# ગાગા અભયારણ્ય પક્ષીઓના કલરવથી ગુંજ્યું: ૨૦૨ પ્રજાતિના ૬૫ હજારથી વધુ પક્ષીઓ નોંધાયા



### વન વિભાગ, પર્યાવરણપ્રેમી સંસ્થાઓ અને સ્વયંસેવકોના સહયોગથી હાથ ધરાયેલા સર્વેમાં અનેક દુર્લભ પક્ષીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા



**અબતક ,મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આવેલું અને ગુજરાતના પ્રખ્યાત પક્ષીધામોમાં જેની ગણના થાય છે તેવા 'ગાગા પક્ષી અભ્યારણ્ય' માં વર્ષ ૨૦૨૬ની વાર્ષિક પક્ષી ગણતરીની પ્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. મરીન નેશનલ પાર્ક ભાટિયા રેન્જ હેઠળ આવતા આ અભ્યારણ્યમાં આ વર્ષે પક્ષીઓની સંખ્યામાં ધરખમ વધારો જોવા મળ્યો છે. વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ, આ વર્ષે કુલ ૨૦૨ વિવિધ પ્રજાતિઓના ૬૫,૦૪૭ જેટલા પક્ષીઓ નોંધાયા છે, જે પર્યાવરણ પ્રેમીઓ માટે અત્યંત આનંદના સમાચાર છે.આ મહત્વપૂર્ણ ગણતરી રાજ્ય વન વિભાગના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પર્યાવરણપ્રેમી સંસ્થાઓ અને નિષ્ણાત સ્વયંસેવકોના સંયુક્ત સહયોગથી હાથ ધરવામાં આવી હતી. ગણતરી દરમિયાન અભ્યારણ્યના વિવિધ વિસ્તારોમાં પક્ષીઓની ગીચતા અને તેમની વિવિધતા ચકાસવામાં આવી હતી. આ વર્ષની વિશેષતા એ રહી છે કે, ગણતરી દરમિયાન કેટલીક એવી દુર્લભ પ્રજાતિના પક્ષીઓ પણ કેમેરામાં કેદ થયા છે જે સામાન્ય રીતે ખૂબ ઓછા જોવા મળે છે. પક્ષીઓની આટલી મોટી સંખ્યા અને વિવિધતા ગાગા અભ્યારણ્યના સમૃદ્ધ નિવસનતંત્ર અને વન વિભાગ દ્વારા કરવામાં આવતી જાળવણીની સફળતા દર્શાવે છે.

# રાજકોટના એડી. સીપી અને રેન્જ આઈજી સહિત રાજ્યના ૩૭ આઈપીએસની બદલી

## કોને ક્યાં પોસ્ટિંગ અપાયું?

૧. શમશેર સિંઘની ડીજીપી સિવિલ ડિફેન્સ તરીકે નિમણૂક
૨. રાજકોટ રેન્જ આઈજી અશોક કુમારને આઈબીમાં મુકાયા
૩. ગગનદીપ ગંભીરને એસએમસીના આઈજીપીનો વધારો ચાર્જ સોંપાયો
૪. ભાવનગર રેન્જના ગૌતમકુમાર પરમાર આઈજી સીઆઈડી ક્રાઈમ બન્યા
૫. રાઘવેન્દ્ર વત્સ આઈજી અમદાવાદ રેન્જ
૬. જૂનાગઢ રેન્જ નિલેશ જજડિયા વડોદરા શહેર જેસીપી બન્યા
૭. બિપિન આહિરેને આઈજી સાયબર સેન્ટર ઓફ એક્સલન્સમા મુકાયા
૮. પી.એલ. માલની એસીબીમાં એડિશનલ ડાયરેક્ટર તરીકે બદલી
૯. એન એન ચૌધરીની સ્ટેટ આઈબીમાં બદલી
૧૦. એ.જી.ચૌહાણની જેસીપી ટ્રાફિક અમદાવાદમાં બદલી
૧૧. આર. વી અસારી ભાવનગર રેન્જ આઈજી બન્યા
૧૨. કે.એન.ડામોરની સીઆઈડી ક્રાઈમમાં બદલી
૧૩. મકરંદ ચૌહાણ કાયદો અને વ્યવસ્થા ગાંધીનગર ડીઆઈજીપી
૧૪. પરીક્ષિતા રાઠોડની બનાસકાંઠા રેન્જ આઈજી તરીકે બદલી
૧૫. વિધિ ચૌધરી ડીઆઈજીપી ગોધરા રેન્જ
૧૬. વિશાલકુમાર વાઘેલા ડીઆઈજીપી સ્ટેટ મોનીટરીંગ સેલમાં બદલી
વિશાલકુમાર વાઘેલાને પોલીસ ભરતી બોર્ડના ડીઆઈજીપીનો વધારાનો ચાર્જ
૧૭. લીના પાટીલ પ્રિન્સીપાલ ક્રાઈ તાલીમ શાળા
૧૮. નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જ ડીઆઈજી
૧૯. દીપકકુમાર મેઘાણી એસીબીમા જોઈન્ટ ડાયરેક્ટર બન્યા
૨૦. મહેન્દ્ર બગરિયા જેસીપી સુરતમા બદલી
૨૧. હિતેશ જોઈશર આઈબીમા મુકાયા
૨૨. ડૉ.તરુણ દુગ્ગલ એડિશનલ કમિશનર અમદાવાદ શહેર એડમિન
૨૩. ચૈતન્ય માંડલિક રાજકોટ શહેર એડિ. કમિ, ક્રાઈમ ટ્રાફિક
૨૪. સરોજ કુમારી ડીઆઈજી જેલ વડોદરા
૨૫. રાજેન્દ્રસિંહ ચુડાસમા ડીઆઈજી જૂનાગઢ રાજેન્દ્રસિંહ ચુડાસમાને પોલીસ ટ્રેનિંગના પ્રિન્સિપાલનો વધારાનો હવાલો
૨૬. આર પી બારોટ ડીઆઈજી જેલ અમદાવાદ
૨૭. ડૉ.જી.એ.પંડ્યા ડીઆઈજી જેલ રાજકોટ
૨૮. આર ટી શુશ્રા સ્પેશિયલ બ્રાન્ચ અમદાવાદ
૨૯. સુધા પાંડે ડીઆઈજી હથિયારી એકમ વડોદરા
30. સુજાતા મજમુદાર ડીઆઈજી હથિયારી એકમ ગાંધીનગર
૩૧. ડૉ.સુધીર દેસાઈ એડિશનલ કમિશનર વડોદરા શહેર
૩૨. બલરામ મીણા સ્પેશિયલ કમિશનર સુરત
૩૩. ડૉ.કરણરાજ વાઘેલા જેસીપી ક્રાઈમ સુરત
૩૪. એસ વી પરમાર જેસીપી ટ્રાફિક સુરત
૩૫. એ એમ મુનિયા ડીઆઈજી કોસ્ટલ સિક્યુરિટી અમદાવાદ
એ એમ મુનિયાને કોસ્ટલ સિક્યુરિટી ગાંધીનગરનો વધારાનો ચાર્જ
૩૬. મયુર પાટીલ ડીસીપી ઝોન ૮ અમદાવાદ
૩૭. વાબાંગ ઝમીરને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રખાયા

- કડક અધિકારીની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ ડીઆઈજી અને ચૈતન્ય મંડલીકને શહેરના એડી સીપી બનાવાયા
- અત્યંત મહત્વની મનાતી એસએમસીના વડા તરીકે રાજકોટના તત્કાલિન એસપી ગગનદીપ ગંભીરની નિમણુંક
- રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની સીઆઈડી ઈન્ટેલીજન્સના એડીજીપી અને એડી. સીપી મહેન્દ્ર બગરીયાને સુરતના જેસીપી તરીકે નિયુક્તિ
- નિવૃત્તિના આરે રહેલા સિનિયર આઈપીએસ શમશેરસિંઘને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડિરેક્ટર તરીકે નિમણુંક સાથે માનભેર વિદાય અપાશે
- આર વી અસારીને ભાવનગર રેન્જ, રાજેન્દ્રસિંહ ચુડાસમાને જૂનાગઢ રેન્જમાં મુકાયા



**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ બેડામાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. ગુજરાત ગૃહ વિભાગ દ્વારા રાજકોટના એડી.સિપી અને રેન્જ આઈજી સહીત ૩૭ આઈપીએસ અધિકારીની બદલી કરી અન્ય જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. ઘણી જગ્યાઓએ પોસ્ટને ડાઉનગ્રેડ (ઉચ્ચ હોદ્દા પરથી નીચેના હોદ્દામાં ફેરવવી) અથવા અપગ્રેડ કરવામાં આવી છે. જેથી યોગ્ય ગ્રેડના અધિકારીઓની નિમણૂક કરી શકાય. આ આદેશો જાહેર હિતમાં તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે.

બદલીના આદેશ પર નજર કરવામાં આવે તો નિર્લિપ્ત રાયની સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગરથી બદલી કરીને રાજકોટ રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીઆઈજી) તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક અશોક કુમારની બદલીથી ખાલી પડેલી જગ્યા પર, પોસ્ટને ડાઉનગ્રેડ કરીને કરવામાં આવી છે. જયારે અશોકકુમાર યાદવને સીઆઈડી ઈન્ટેલીજન્સના એડીજીપી તરીકે નિમણુંક આપવામાં આવી છે. રાજકોટ શહેરમાં એડી. સીપી મહેન્દ્ર બગરીયાને સુરત જેસીપી બનાવવામાં આવ્યા છે અને તેમના સ્થાને ચૈતન્ય મંડલીકને મુકવામાં આવ્યા છે. એસએમસી વડા તરીકે રાજકોટના તત્કાલીન એસપી અને હાલ વહીવટી વિભાગના આઈજી તરીકે ફરજ બજાવતા મહિલા આઈપીએસ ગગનદીપ ગંભીરને મુકવામાં આવ્યા છે. જયારે નિર્લિપ્ત રાયના સ્થાને વિશાલકુમાર વાઘેલાને નિયુક્તિ આપવામાં આવી છે. ઉપરાંત ભાવનગર રેન્જ તરીકે આર વી અસારી અને જૂનાગઢ રેન્જ તરીકે રાજેન્દ્રસિંહ ચુડાસમાને મુકવામાં આવ્યા છે. બીજી બાજુ નિવૃત્તિના આરે રહેલા સિનિયર આઈપીએસ શમશેરસિંહને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડિરેક્ટર તરીકે નિમણુંક સાથે માનભેર વિદાય આપવામાં આવનાર છે.

### રાજ્યમાં વધુ એક રેન્જનો ઉમેરો બનાસકાંઠા રેન્જ આઈજી તરીકે પરીક્ષિતા રાઠોડની નિમણુંક

બનાસકાંઠા રેન્જ એ ગુજરાત પોલીસ દ્વારા બનાવેલી નવી રેન્જ છે, જેના આઈજી (ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ) તરીકે તાજેતરમાં પરીક્ષિતા રાઠોડની નિમણૂક કરવામાં આવી છે. આ બદલી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા ૩૭ અધિકારીઓના મોટા ફેરફારોનો એક ભાગ છે.

# પાંચ આંગળી જેવા નેતાઓ એક થઈ "પંજા"ને જીતાડી શકશે ?

## કોંગ્રેસ દ્વારા અલગ-અલગ સાત કમિટીઓની રચનાઃ સ્ટ્રેટેજી કમિટીના ચેરમેન પદે ભરતસિંહ સોલંકી, કેમ્પેન કમિટીના શકિતસિંહ ગોહિલ અને ઈલેકશન મેનેજમેન્ટ કમિટીના ચેરમેનપદે સિધ્ધાર્થ પટેલની નિયુકિત

### વાંકાનેર, માળીયા (મી) અને ટંકારા પાલિકા માટે નિરીક્ષણની નિમણુંક

વાંકાનેર નગરપાલિકાના નિરીક્ષક તરીકે સંજયભાઈ લાખાણીની, માળીયા મિયાણા નગરપાલિકાના નિરીક્ષક તરીકે ભરતભાઈ સોલંકીની જયારે ટંકારા નગરપાલિકાના નીરીક્ષક તરીકે કોંગ્રેસ દ્વારા પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલની વરણી કરવામાં આવી છે.

રાજયમાં સ્થાનીક સ્વરાજની ચુંટણીઓ ખુબ જ નજીકના સમયમા યોજાનાર છે. નગરપાલિકા વિસ્તારમાં સંગઠનને વધુ વેગવંતુ બનાવવા, ચુંટણીલક્ષી તૈયારીઓ માટે અને પ્રજાલક્ષી મુદ્દાઓને લઈ કાર્યક્રમોનો સુચારુ અમલીકરણ અને સંકલન માટે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની સુચના અનુસાર નગરપાલિકાના નીરીક્ષકો ની નિમણુંક કરવામાં આવી છે.



**અબતક, રાજકોટ**

રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના આડે હવે બે થી ત્રણ મહિનાનો સમય બાકી રહ્યો છે ત્યારે રાજયમાં વર્ષોથી સત્તા વિહોણી રાજકીય પાર્ટી કોંગ્રેસ હવે સંપૂર્ણ પણે ઈલેકશન મોડમાં આવી ગઈ છે. અલગ અલગ શહેર અને જિલ્લામાં ચૂંટણી લડવા ઈચ્છુકોની સેન્સ લેવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે. દરમિયાન હાઈકમાન્ડ દ્વારા ગુજરાતમાં પંચાયત - પાલિકાની ચુંટણીને ધ્યાનમાં રાખી અલગ અલગ સાત કમીટીની રચના કરવામાં આવી છે. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જેને આડકતરી રીતે લંગડા ઘોડા ગણાવ્યા હતા. તેને ચુંટણી જીતાડવાની જવાબદારી સોંપવામાં આવી છે.

કોંગ્રેસમાં એક સમયે નિષ્ફળ ગયેલા નેતાઓ હવે હાથ મિલાવી પંજાની પકડ ગુજરાતમાં મજબૂત કરી શકશે કે કેમ તેના પર પણ કાર્યકરોની મીટ મંડાયેલી છે. પોતાને પણ ચૂંટણી જીતાડવામાં અસમર્થ રહેલા નેતાઓના ખભ્ભે હવે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પંજાને જીતાડવાની જવાબદારી આવા નિષ્ફળ નિવડેલા નેતાઓને હાઈ કમાન્ડમાંથી દ્વારા સોંપવામાં આવી છે.

સ્ટ્રેટેજી કમીટીના ચેરમેન તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવી છે. વાઈસ ચેરમેન પદે લાલજીભાઈ દેસાઈની અને કન્વિનર તરીકે ડો. હેમાંગ વસાવડાની વરણી કરાય છે. કેમ્પેન કમીટીના ચેરમેન પદે પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલની વાઈસ ચેરમેન પદે પરેશભાઈ ધાનાણી અને કન્વિનર તરીકે ગેનીબેન ઠાકોરની નિયુકિત કરવામાં આવી છે. ઈલેકશન મેનેજમેન્ટ કમિટીના ચેરમેન પદે સિદ્ધાર્થ પટેલ વાઈસ ચેરમેન પદે જીજ્ઞેશ મેવાણી અને કન્વિનર તરીકે બિમલભાઈ શાહની

(અનુ. આઠમા પાને)

# પીએસઆઈની પરીક્ષાનું પરિણામ જાહેર ૪૭૨ ઉમેદવારોની પસંદગીઃ ૯૫ વેઈટીંગ

## ૪૭૨ જગ્યાઓ માટે ૪,૬૦,૦૦૦થી વધુ ઉમેદવારોની શારીરિક કસોટી લેવાય હતીઃ ૧ લાખ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી




**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરની પરીક્ષાનું ફાઈનલ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ૪૭૨ જગ્યાઓ માટે મેરિટના આધારે ૪૭૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. જ્યારે ૯૫ ઉમેદવારોને વેઈટીંગમાં રાખવામાં આવ્યા છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પીએસઆઈની ૪૭૨ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં ૪,૬૦,૦૦૦થી વધુ બિન હથિયારી પીએસઆઈના ઉમેદવારોની જાન્યુઆરી/ફેબ્રુઆરી-૨૦૨૫માં શારીરિક કસોટી લેવામાં આવી હતી. શારીરિક કસોટીમાં ઉતિર્ણ થયેલ ૧ લાખથી વધુ ઉમેદવારોની પેપર-૧ ૨૦૦ ગુણ તથા પેપર-૨ ૧૦૦ ગુણ મળી કુલ-૩૦૦ ગુણની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. પીએસઆઈ કેડરના પરીક્ષા નિયમો મુજબ ૧૦૨૫ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દસ્તાવેજ ચકાસણી બાદ હંગામી પરીણામ કરાયું હતું. વાંધા/રજુઆતો મંગાવવામાં આવેલ. મળેલ વાંધા/રજુઆતોને ધ્યાને લઈ, કુલ-૪૭૨ ઉમેદવારોની આખરી પસંદગી યાદી તથા ૯૫ ઉમેદવારોની પ્રતિક્ષા યાદી ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર ૫ માર્ચે જાહેર કરવામાં આવી છે. આખરી પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની નિમણુંક અંગેની આગળની કાર્યવાહી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

# રાજ્ય સરકારે આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ મેડિસીનનો કર્યો ઉમેરો

## એસેન્સિયલ ડ્રગ લિસ્ટની દવાઓ ૧૩૬૮થી વધારી ૧૪૭૯ કરાયઃ બિનજરૂરી ૫૭ દવાઓ રદ્

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા આવશ્યક દવાઓની યાદીમાં નવી ૧૫૦ મેડિસીનનો ઉમેરો કર્યો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ રાજ્યના આરોગ્ય ક્ષેત્રે લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.

આરોગ્ય મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠતમ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવી એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની નૈતિક જવાબદારી છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લિસ્ટને રિવાઈઝ કરવામાં આવે છે. આ પ્રત્યેક દવા અને સર્જિકલ આઈટમ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો સુધીના તમામ સ્તરે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

તેમણે વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.


મુખ્ય રોગોની દવાઓમાં થયેલા વધારા અંગે મંત્રીએ

(અનુ. આઠમા પાને)


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦13"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માર્ચ - ૨૦૨૬ મારાના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

વાજબી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.